An ISO 9001:2008 (QMS) Certified Company

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક



ઈન્વેસ્ટમેન્ટ

સંવર્ધક તંત્રી	:	સ્વ. કાન્તિલાલ એમ.શાહ
તંત્રી	:	દિલીપ કે. શાહ

આર્ચી પબ્લિકેશન્સ

311 & 313, નાલંદા એન્કલેવ,
પ્રિતમનગર, એલીસબ્રીજ, અમદાવાદ.

Phone : 079 - 2657 66 39
Fax : 079 - 2657 99 96

E-mail :
smartinvest25@gmail.com
smartinvest25@yahoo.in

web : www.smartinvestment.in

VISIT…

LANZAROTE Caliente.COM

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક

આ અંક ના આ કર્ષ ણો

ભારતીય શેરબજારનો ઈતિહાસ ગવાહ છે કે.....

છેલ્લાં ૧૦ માંથી ૬ વર્ષોમાં JULY મહિનામાં તેજીનો સિલસિલો જળવાયો છે

ચીનનું એન્કાઉન્ટર કરવા બધા દેશો આક્રમક બન્યા

ભારતના GDPમાં ચાલુ વર્ષે ૩ ટકાનો નેગેટિવ ગ્રોથ જોવાશે : BofA

સરેરાશ કરતાં ૧૪ ટકા વધુ વરસાદ ચોમાસું સૌથી પોઝિટિવ ફેક્ટર



સપ્તાહના અંતે શુક્રવારે યુ.એસ., યુરોપ બજારો પોઝિટિવ જ્યારે એશિયન બજારો નરમ રહેતા એકંદરે મિશ્ર વલણ

ભારતીય સ્તરે આગામી સપ્તાહે રિટેલ ફુગાવો, IIP ડેટા, ૧૫૦થી વધુ કંપનીઓના રિઝલ્ટ પર બજારની નજર

પ્રાયમરી માર્કેટ

એક સાથે મેઈનબોર્ડ IPO, NFO, Rights, ETF, NCDs ઈસ્યુની વણજાર

Rossari Biotech નો મેઈનબોર્ડ ઈસ્યુ રૂ. ૪૨૩ થી ૪૨૫ ના પ્રાઈસબેન્ડથી ૧૩ જુલાઈએ ખુલશે

Yes Bankનો રૂ. ૧૫૦૦૦ કરોડનો એફપીઓ રૂ. ૧૨ ના ફલોર પ્રાઈસથી રૂ. ૧૫૦૦૦ કરોડ એકત્ર કરશે

Bharat Bond ETF રૂ. ૩૦૦૦ થી ૧૪૦૦૦ નું ફંડ એકત્ર કરવા ૧૪ જુલાઈએ મુડીબજારમાં

પ્રાયમરીમાર્કેટમાં નવા ઈસ્યુઓના આગમનથી ગ્રે માર્કેટ Unlcok બન્યું

ગ્રે માર્કેટમાં Rossari Biotech IPOના પ્રિમિયમ, કોષ્ટક, સબ્જેક્ટ-ટુમાં ગરમાવો

An ISO 9001:2008 (QMS) Certified Company

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક



ઈન્વેસ્ટમેન્ટ

GAMC No. : 1530/2019-2021 Valid Up to 31st December 2021

SMART INVESTMENT

RNI No : GUJGUJ / 2000 / 7618

અખબારની પીડીએફ કોપી વોટ્સએપ કે ટેલીગ્રામ ગ્રુપમાં શેર કરવી ગેરકાયદેસર

હાલ લોકડાઉના સમયગાળામાં એક તરફ અખબારો વિતરણ સંબંધી સમસ્યાઓથી ઝઝૂમી રહ્યા છે તો બીજી તરફ તેમના ઈ-પેપરની કોપી અને ડિજિટલ પાઈરસીના બનાવ પણ વધ્યા છે. તેના કારણે અખબારોને રેવન્યુનું નુકશાન થઈ રહ્યું છે તેને ધ્યાનમાં રાખીને ઈન્ડિયન ન્યુઝપેપર સોસાયટીએ ચેતવણી આપી છે કે, અખબારોનાં ઈ-પેપરમાંથી પાનાં ડાઉલોડ કરીને તેમની પીડીએફ ફાઈલ વોટ્સએપ કે ટેલિગ્રામ ગ્રુપમાં શેર કરવી ગેરકાયદેસર છે. ઈ-પેપર કે તેના હિસ્સા કોપી કરીને સોશિયલ મીડિયા પર ગેરકાયદેસર રીતે શેર કરનાર વ્યક્તિ સામે અખબાર કડક-કાનૂની અને જંગી દંડની કાર્યવાહી કરી શકે છે. કોઈ ગ્રુપમાં આ રીતે અખબારની ઈ-કોપી ગેરકાયદેસર રીતે સરક્યુલેટ થવા બદલ જે તે વોટ્સએપ કે ટેલિગ્રામ ગ્રુપના એડમિન જવાબદાર ઠરશે. આઈએનએસની સલાહ પર અખબાર જૂથ એવી ટેકનિકનો પણ ઉપયોગ કરશે કે જેનાથી અખબારની પીડીએફ ફાઈલ ડાઉનલોડ કરી તેને સોશિયલ મીડિયા પર શેર કરનાર વ્યક્તિની ઓળખ થઈ શકશે. દર અઠવાડિયે નિર્ધારિત સંખ્યાથી વધુ પીડીએફ ડાઉલોડ કરનાર યુઝર્સ બ્લોક પણ થઈ શકે છે.

ભારે દંડની રકમ ગ્રુપ એડમિન પાસે વસુલ કરવા સાથે કાનુની કાર્યવાહી થઈ શકે

An ISO 9001:2008 (QMS) Certified Company
ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક



ઈન્વેસ્ટમેન્ટ

Pages 82

₹ 40/-

GAMC No. : 1530/2019-2021 Valid Up to 31st December 2021

SMART INVESTMENT

Vol : 21 | Issue No. : 24 | RNI No : GUJGUJ / 2000 / 7618 | 13th July 2020 to 19th July 2020

Published Place : 311 & 313, Nalanda Enclave, Opp. Sudama Resorts, Pritam Nagar 1st Dhal, Ellisbridge, Ahmedabad.

FII Activity (Rs. in Cr.)

Date	Buy Value	Sell Value	Net Value
06-07-20	4111.43	3763.08	348.35
07-07-20	6580.15	5750.25	829.9
08-07-20	5473.24	6468.11	-994.87
09-07-20	4516.59	4303.82	212.77
10-07-20	2489.45	3520.45	-1031
TOTAL	23170.86	23805.71	-634.85

DII Activity (Rs. in Cr.)

Date	Buy Value	Sell Value	Net Value
06-07-20	4205.92	3942.45	263.47
07-07-20	3512.24	4296.71	-784.47
08-07-20	3721.81	4575.22	-853.41
09-07-20	2872.1	3675.49	-803.39
10-07-20	2777.56	3208.77	-431.21
TOTAL	17089.63	19698.64	-2609.01

D(en)O(f)W(ealth)

After grand success of our Website www.smartinvestment.in & Our Publications, Smart Investment Weekly (Gujarati & English), Smart Plus News Letter & Smart Bonanza (Gujarati Weekly), Smart Investment proudly announces launch of DOW wherein subscribers to this service will be given through SMS/Email Breaking News and Other Buy / Sell Ideas which happen during the week i.e. during the interval of publication of our 2 issues.

Such information will be ahead of our competitors and will enable subscribers to reap rich dividend in short term/few days as well as early entry for LongTerm Wealth creation. Investors interested to subscribe to DOW can provide their Mobile no and email id and make payment of

Rs 5000/- (for 1 year) in favour of **Archi Publications**

Performance of our last Recommendation

Stocks	Reco Date	Reco Price	Recomm.	High After
ADANI POWER	9th April 20	30.25	33.75-36	41.9
BAJAJ FIN	9th April 20	2450	2550-2650	34920
J K CEMENT	9th April 20	970	1075-1100	1492
PRAJ IND	9th April 20	62	67-72	71.8
STERLITE TECHNO	9th April 20	70	82-88	138.5
L&T FIN	16th April 20	56.5	63-67	74.75
M&M FIN	16th April 20	163	181-185	212.7
EID PARRY	20th April 20	147.5	165-175	295.8
LAURUS LAB	21st April 20	423	445-460	603.85
ALEMBIC PHARMA	21st April 20	630	685-700	983.15
BAJAJFINSERV	23rd April 20	4730	5150-5300	Stop loss
EID PARRY	8th May 20	156	175	295.8
ADVANCED ENZYMES	15th May 20	160	185-190	Stop loss
GRANULES	19th May 20	164.5	190-200	240
LAURUS LABS	19th May 20	438	490-525	603.8
CHEMBOND CHEMICALS	20th May 20	171	200	Stop loss
PLASTIBLEND India	1st June 20	160	190-200	190 achieved
Moldtech Techno	3rd June 20	41	55-60	45.5
KALPATARU POWER	5th June 20	218	245	Exit at 215
MOIL 5th June 20	141	165	Book profit at 154	
TALBROS AUTO	5th June 20	101	120-125	Exit at 100
IBULLS HSG FIN	10th June 20	152.5	175	263.45
Rain Industries	18th June 20	76	85	102
MIDHANI	18th June 20	210	227-235	230

Contact : (M) 9825006980 & 9979330348
smartinvest25@gmail.com , smartinvest25@yaoo.in

Bank Details

HDFC Bank : Current A/c No. : 00062560008858
Beneficiary Name : Archi Publications
RTGS / NEFT IFSC : HDFC0000006
Navrangpura Branch, Ahmedabad-380009.

Market Scan

Jatin Sanghavi
(Mumbai)
(M) 098205 26455
jatinsanghavi100@yahoo.com



તેજીવાળાઓ હવે થાક્યા, આગેકૂચમાં અવરોધ

નિફ્ટીમાં ૭૫૦૦ના તળિયાથી ૩૩૦૦ પોઈન્ટની અસાધારણ(૪૪ ટકાની) રેલી પછી હવે તેને અવરોધ નડ્યો છે. બેરીશ આઈલેન્ડ, બેરીશ ગેપ, ૨૦૦ સપ્તાહના મુવિંગ એવરેજ, ૬૧.૮ ટકા રિટ્રેસમેન્ટ લેવલ જેવા અનેક અવરોધો પાર કર્યા પછી અંતે નિફ્ટીને ૧૦૭૫૧-૧૦૮૨૭નો અવરોધરૂપ ઝોન નડ્યો છે જેમાં વીકલી બેરીશ ગેપ અને ૨૦૦ દિવસના મુવિંગ એવરેજ આવેલા છે. રેઝિસ્ટન્સ ઝોનમાં સમગ્ર સપ્તાહ માટેની સ્મોલ બોડી કેન્ડલ દર્શાવે છે કે આ ઝોનને પાર કરવો મુશ્કેલ છે. આગામી સપ્તાહ ખૂબ જ મહત્ત્વનું બની રહેશે જે નિફ્ટીની દિશા નક્કી કરશે. જો નિફ્ટી ૧૦૬૩૧નું લેવલ તોડશે તો હાયર બોટમ ૧૦૧૯૪ જોવા મળશે. જો આ લેવલ પણ તૂટશે તો ૯૭૦૦-૯૬૦૦નો સપોર્ટ ઝોન જોવા મળશે.

ટેકનિકલ દ્રષ્ટિએ બજાર

સેન્સેક્સ ગત સપ્તાહે ૩૬૩૧૩ ઉપર ખૂલ્યા બાદ ઉપરમાં ૩૬૮૨૮ અને નીચામાં ૩૬૨૩૪ સુધી ગયા બાદ છેલ્લે ૩૬૫૯૪ બંધ રહ્યો હતો. સપ્તાહ દરમિયાન સેન્સેક્સમાં ૫૭૩ પોઈન્ટનો સુધારો જોવાયો હતો. એ જ રીતે નિફ્ટી ૧૦૭૨૩ ઉપર ખૂલ્યા બાદ ઉપરમાં ૧૦૮૪૭ અને નીચામાં ૧૦૬૭૬ સુધી ગયા બાદ છેલ્લે ૧૦૭૬૮ બંધ રહ્યો હતો. સપ્તાહ દરમિયાન તેમાં ૧૬૧ પોઈન્ટનો સુધારો જોવાયો હતો.

દૈનિક ચાર્ટ પર બન્ને ઈન્ડેક્સે ડોજી રચ્યું છે. ગુરુવારે બુલીશ હારામી પૂરું થયું હતું, પરંતુ તેનું ખાસ મહત્ત્વ નથી કારણ કે બજાર ટોચ પર હતું ત્યારે તે જોવાયુ છે. વળી, ગત સપ્તાહના દરેક દિવસે સ્મોલ બોડી કેન્ડલ રચાઈ છે, જેનું પણ ખાસ મહત્ત્વ નથી. સાપ્તાહિક ચાર્ટ પર બન્ને ઈન્ડેક્સે સ્મોલ વ્હાઈટ બોડી સ્પિનિંગ ટોપ રચ્યું છે. તેમાં પડછાયો ખૂબ જ નાનો છે તે જોતા તેને સ્ટાર ફોર્મેશન તરીકે પણ

This Weeks Recommendations

Rec.	Name	CMP	SL	TGT-1	TGT-2
Buy	SRF	3894	3814	4017	4145
Buy	NiiTTech	1592	1559	1642	1693
Buy	MCX	1324	1296	1367	1413
Buy	SBICards	703	689	725	749
Buy	SAiL	36	35	38	40

:::: INDEX LEVELS ::::

	S3	S2	S1	CLOSE	R1	R2	R3
NIFTY	10334	10447	10607	10768	10893	11036	11175
SENSEX	35109	35595	36110	36594	36950	37415	37846

Cont...

ગણી શકાય. આ ફોર્મેશન બેરીશ ટોન દર્શાવે છે. આ માટે આગામી સપ્તાહે બ્લેક બોડી કેન્ડલ રચાવી જરૂરી છે. આ રીતે કેન્ડલસ્ટીક એનાલિસીસ સૂચવે છે કે બજારમાં નજીકના દિવસોમાં ન્યૂટ્રલથી લઈને બેરીશ મોમેન્ટમ જોવા મળી શકે છે.

વિવિધ અડચણો દૂર કર્યા પછી બન્ને ઈન્ડેક્સ અંતે મજબૂત અવરોધરૂપ ઝોન પાસે આવીને ઊભા છે. સેન્સેક્સ માટે આ ઝોન ૩૬૯૫૦-૩૭૦૧૧ છે અને નિફ્ટી માટે ૧૦૭૫૧-૧૦૮૮૪ છે. આ ઝોનમાં જ વીકલી બેરીશ ગેપ અને મહત્ત્વનો ૨૦૦ દિવસનો મુવિંગ એવરેજ(સેન્સેક્સ ૩૬૯૬૩, નિફ્ટી ૧૦૮૮૪) આવે છે. વીકલી બેરીશ ગેપ સેન્સેક્સ માટે ૩૬૯૫૦-૩૭૦૧૧ છે અને નિફ્ટી માટે ૧૦૭૫૧-૧૦૮૨૭ છે.

ઈન્ડેક્સ માટે નજીકનો સપોર્ટ ડેઈલી અને વીકલી બુલીશ ગેપ તરીકે સેન્સેક્સ માટે ૩૬૨૩૪-૩૬૧૧૦ અને નિફ્ટી માટે ૧૦૬૭૬-૧૦૬૩૧ છે. આ ગેપની નીચે બંધ આવશે તો સેન્સેક્સ ૩૪૪૯૯ અને નિફ્ટી ૧૦૧૯૪ સુધી જઈ શકે છે. જો આ લેવલ પણ તૂટશે તો બુલીશ ગેપનો સપોર્ટ મળશે, જે સેન્સેક્સ માટે ૩૨૮૭૬-૩૨૪૮૦ તથા નિફ્ટી માટે ૯૭૦૬-૯૫૯૮ છે.

બન્ને ઈન્ડેક્સ ગત સપ્તાહે તેમના ટૂંકા ગાળાના ૨૦ દિવસના મુવિંગ એવરેજ(સેન્સેક્સ ૩૫૨૨૪, નિફ્ટી ૧૦૩૮૭) ઉપર બંધ રહ્યા છે. એ જે રીતે મધ્યમ ગાળાના ૫૦ દિવસના મુવિંગ એવરેજ(સેન્સેક્સ ૩૩૪૪૩, નિફ્ટી ૯૮૫૦)ની ઉપર પણ બંધ રહ્યા છે. જોકે તેમના લાંબા ગાળાના ૨૦૦ દિવસના મુવિંગ એવરેજ(સેન્સેક્સ ૩૬૯૬૩, નિફ્ટી ૧૦૮૮૪)ની નીચે બંધ રહ્યા છે. આમ, ટૂંકા અને મધ્યમ ગાળાનો ટ્રેન્ડ તેજી તરફી છે, પરંતુ લાંબા ગાળાનો ટ્રેન્ડ નરમાઈ તરફી છે.

એમએસીડી અને આરઓસી પોઝિટિવ છે અને ખરીદી ચાલુ રહેશે તેવો સંકેત કરે છે. આરએસઆઈ ૬૭ થયો છે, જે બુલીશ મોમેન્ટમ દર્શાવે છે. સ્ટોકેસ્ટિક ઓસિલેટર પર્સન્ટેજ કે પર્સન્ટેજ ડી કરતાં નીચો છે, જે વેચવાલીનો સંકેત કરે છે. એડીએક્સ ૨૮ છે અને અપટ્રેન્ડ મજબૂત હોવાનું સૂચવે છે. ડિરેક્શનલ ઈન્ડિકેટર્સ ખરીદીનો સંકેત કરે છે. મની ફ્લો ઈન્ડેક્સ ૫૯ છે, જે દર્શાવે છે કે બજારમાં નાણાં ઠલવાઈ રહ્યા છે. ઓબીવી પણ ખરીદી આગળ ધપવાનો સંકેત કરે છે. બોલિંગર બેન્ડ પણ ખરીદીનો સંકેત કરે છે. આમ, મોટાભાગના ઓસિલેટર્સ બુલીશ મોમેન્ટમ દર્શાવે છે.

જુલાઈ મહિનાની સિરીઝના ઓપ્શન્સના ડેટા પરથી માલૂમ પડે છે કે નિફ્ટીમાં ૧૧૫૦૦ના સ્ટ્રાઈકથી સૌથી વધુ કોલ જોવાયા છે અને ૧૦,૦૦૦ના સ્ટ્રાઈકથી સૌથી વધુ પુટ જોવાયા છે. આમ, નિફ્ટી આ ૧૫૦૦ પોઈન્ટની મોટી રેન્જ વચ્ચે અથડાતો રહેશે તેમ જણાય છે.

Buy... Buy...		Buy on Dips		Hold		Sell on High	
Tejas Network	54.00	GIC RE	155.00	ITC	194.00	Future Conf.	12.00
NCC	33.00	Deeapk Nitrite	155.00	TCS	2221.00	PNB	35.00
D-Link	91.00	Mahindra EPC	182.00	HCL Info	160.00	Future Life	120.00
IDBI Bank	43.00	Bharti Airtel	574.00	ICICI Bank	36.00	Indigo	1017.00
J.M. Fin.	82.00	Globus Spirits	136.00	Bandhan Bank	373.00	Guj. Gas	306.00
Praj Ind.	67.00	Sharda Crop.	273.00	Glenmark Pharma	426.00	PVR	1047.00
NOCIL	101.00	CCL Products	242.00	SBI Life	859.00	BATA	1271.00
Pioneer Dist.	122.00	IEX	185.00	Ajanta Pharma	1419.00	OMAX	79.00
Den Network	77.00	TVS Ele.	99.00	Shriram Trans.	699.00	IGL	423.00
Jayshree Tea	52.00	Indoco Remedies	203.00	ERIS Life	447.00	Mahanagar Gas	969.00
Geojit Fin.	42.00	SEAMEC	416.00	HDFC Life	592.00	Canara Bank	102.00

Rapid Fire Stocks



Kalpna J (Email- Kjtech79@gmail.com)
(Ring : 97690 37711) Twitter : @Kj_TechTrades

Last Week Performance of Rapid Fire Stocks
ASIAN PAINTS - 1695 - 1761, PIDILITE - 1389- 1419



TCS (Buy at CMP 2043)

Targets - 2142 to 2188 , Time Frame - 1 TO 3 Months



ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (ટીસીએસ) વૈશ્વિક સ્તરે અગ્રણી આઈટી સર્વિસિસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન્સ કંપની છે તથા એવરેસ્ટ ગ્રુપના ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટિંગ આઉટસોર્સિંગમાં અગ્રેસર તથા સ્ટાર પર્ફોર્મર બની છે. ટાટા ગ્રુપનો હિસ્સો ટીસીએસ વિશ્વભરમાં ૪૬ દેશોમાં ૪,૨૪,૦૦૦થી વધુલ્બેસ્ટ કન્સલ્ટન્ટ્સ ધરાવે છે. બીએસઈ અને એનએસઈ ઉપર લિસ્ટેડ આ કંપનીએ ૩૧ માર્ચ, ૨૦૧૯માં સમાપ્ત થયેલાં નાણાકીય વર્ષ માટે ૨૦.૯ બિલિયન યુએસ ડોલરની સંયુક્ત આવકો હાંસલ કરી હતી. ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસે ટીસીએસ જાપાનમાં પોતાનો ઈક્વિટી હિસ્સો વધારીને ૬૬ ટકા કરીને જાપાનિઝ માર્કેટ પ્રત્યે પોતાની કટીબદ્ધતા વ્યક્ત કરી છે.

Cont....



Reliance Ind. (Rs. 1878) Targets - 2000- 2150,

Time Frame - 2-6 Months (Add in All Dips)

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેના રાઈટ્સ ઈશ્યૂ ઉપર ૧.૫૯ ગણું જંગી સબસ્ક્રિપ્શન પ્રાપ્ત કર્યું છે, જે દેશમાં અત્યાર સુધીની સૌથી મોટી ઓફર પણ છે. આ ઈશ્યૂ જાહેર હિસ્સામાં ૧.૨૨ ગણો ભરાયો છે. રાઈટ્સ ઈશ્યૂ સબસ્ક્રિપ્શન માટે ૨૦ મેના રોજ ખુલીને ૦૩ જૂન, ૨૦૨૦ના રોજ બંધ થયો હતો. આ ઈશ્યૂનું કદ રૂ. ૫૩,૧૨૪.૨૦ કરોડ છે, જેની સામે રૂ. ૮૪,૦૦૦ કરોડનું ભરણું પ્રાપ્ત થયું છે. ઉલ્લેખનીય છે કે રિલાયન્સ ઉર્જા, પેટ્રોકેમિકલ્સ, ટેક્સટાઈલ્સ, નેચરલ રિસોર્સિસ, રિટેઈલ અને ટેલીકમ્યુનિકેશન સહિતના ક્ષેત્રોમાં અગ્રેસર છે. તાજેતરમાં બ્રેન્ટ ક્રૂડના ભાવમાં સુધારા બાદ કંપનીની પેટ્રોકેમિકલ અને રિફાઈનરી પ્રોડક્ટ્સમાં સારી કામગીરી નોંધાઈ છે તથા વોલ્યુમ પણ વધ્યાં છે. બીજી તરફ જિયો પણ ઝડપથી તેના સબસ્ક્રાઈબર્સમાં ઉમેરો કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ફોર્ચ્યુન ૫૦૦ કંપની છે અને તે ભારતમાં ખાનગી ક્ષેત્રની સૌથી મોટી કંપની છે.

Cont....

Reveiw of SMART INVESTMENT Last Issue

Amazing 40% RETURN
SMART GAIN FOR SMART INVESTORS

Company	Reccom. 6-7-2020	Weekly High	Ch. (%)
MARKET SCAN			
WhirLPooL	2157	2259	4.73
NavinFluorine	1679	1734	3.28
RAPID FIRE STOCKS			
Asian Paints	1695	1745	2.95
Pidilite	1389	1399	0.72
DARK HORSE			
Tera Software	25	35	40.00
Gujarat Siddhee	31.85	33	3.61
TRADNICAL STRATEGY			
Asian Paints	1670	1745	4.49
SURE SHOTES			
Nucleus Software	270	283	4.81
Polycab India	843	848	0.59
Dixon Techno	5977	6229	4.22
Godrej Agrovet	433	482	11.32
SCRIP TO WATCH			
Tasty Bites	13057	13500	3.39
HAL	851	980	15.16
Bajaj Finance	2931	3352	14.36
Havells India	579	597	3.11
MARKET TIPS			
Maruti Suzuki	5933	6225	4.92
Bharat Bijlee	807	827	2.48
SMART TIPS			
Granules India	208	226	8.65
Bharat Electronics	97	103	6.19
HUDCO	33	37	12.12
NOCIL	89	104	16.85

Company	Reccom. 6-7-2020	Weekly High	Ch. (%)
SUPER DUPER			
HDFC LIfe	572	585	2.27
Finolex Cable	292	307	5.14
RITES	262	271	3.44
Exide Ind.	153	157	2.61
Mangalam Cement	195	206	5.64
BHAVI CHAAL			
Denora India	211	231	9.48
ASM Techno	67	73	8.96
GPT Infra	26.55	28	5.46
SMART BEST BUY			
Amara Raja Batt.	690	712	3.19
Escorts	1059	1129	6.61
GUPSUP			
Reliance Ind.	1787	1851	3.58
Bharat Dynamics	375	427	13.87
Hindustan Aeronautics	851	980	15.16
J.B. Chemicals	718	791	10.17
Phillips Carbon	108	113	4.63
RITES	262	271	3.44
Vaibhav Global	1286	1335	3.81
Escorts	1059	1129	6.61
Kalpataru Power	234	267	14.10
Future Retail	136	142	4.41
Eveready Ind.	84	86	2.38
BEL	97	103	6.19
NOCIL	89	104	16.85
Asian Paints	1696	1745	2.89
HUDCO	34	37	8.82

WILD SWINGS IN EVERST ORGANICS



BPS RAJA (Mumbai)
E-mail bpsraja@gmail.com

અમે જ્યારે અગાઉના અહેવાલમાં આ શેરની ભલામણ કરી હતી ત્યારે આ શેર રૂ.૧૮૦ના ભાવે મળી રહ્યો હતો. સપ્તાહ દરમિયાન તે ઉંચે જવામાં નિષ્ફળ રહ્યો અને શુક્રવારે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં તે રૂ.૧૬૨ની નીચી સપાટીને સ્પર્શ્યો હતો. આ ખરાબ સમાચાર વચ્ચે પણ તેણે સફળતાપૂર્વક ઓસેલ્ટામિવિર રિલિઝ કરી છે જેનો ઉપયોગ કોવિડ-૧૯ના દર્દીઓની સારવાર માટે થાય છે.

દરેક વ્યક્તિને આશ્ચર્ય થયુ જ્યારે શુક્રવારે બજાર બંધ થવાના ટાણે ઝડપથી ૧૦ ટકા ઉછળીને રૂ. ૧૮૪.૪૦ની ઊંચી સપાટીને સ્પર્શ્યો અને જંગી વોલ્યુમ સાથે રૂ.૧૮૧ના સ્તરે બંધ થયો હતો. જ્યારે સમગ્ર સપ્તાહ દરમિયાન શેર ઘટી રહ્યો હતો ત્યારે ઉછાળો આવ્યો આ ઘટના દરેકને તેના વિશે લલચાવી શકે છે. તેની ઉપર બાજ નજર રાખવી. રૂપિયા ૫ના ઈપીએસ અને માત્ર રૂપિયા ૮ કરોડની મૂડી બાદ તેણે રૂ.એકનું ડિવિડન્ડ જાહેર કર્યુ છે. ૮૫ ટકા શેર પ્રમોટર્સ પાસે છે. કોઇ નવી લેવાલી આ શેરમાં ઝડપી ઉછાળો લાવી શકે છે.

દીપક નાઈટ્રેટ : તેનામાં રૂપિયા ૫૦૦ની આસપાસ મજબૂત પ્રતિકાર છે. એક વખત આ પ્રતિકાર તૂટ્યા બાદ તેમાં રૂપિયા ૬૨૦ અને ત્યાર પછીના ૧૨ મહિનામાં રૂપિયા ૧૨૦૦ સુધીનો ઉછાળો જોવા મળી શકે છે. રૂપિયા ૨૭ કરોડની મૂડી પર તેણે રૂપિયા ૫૦૦ કરોડથી વધુનો નેટ પ્રોફિટ કર્યો અને આગામી સમયમાં વિસ્તરણ સાથે નફામાં વધારો ચાલુ રહેશે.

આ શેર ટૂંક સમયમાં ફ્યુચર એન્ડ ઓપ્સન્સમાં લિસ્ટેડ થશે તેવી અપેક્ષા છે અને તેનાથી ભવિષ્યમાં શેર હજી ઉંચે જઇ શકે છે.

ગુજરાત ગેસ : રૂપિયા ૩૦૦નો અવરોઝ તોડવો અસંભવ છે. જો તે આ સ્તરને વટાવી જાય અને તેની ઉપર ટકી રહે તો વધુ તેજીની અપેક્ષા રાખી શકાય છે.

સાધના નાઈટ્રો કેમ : આ શેરે જ્યારે રૂપિયા ૧૦ની ચૂકવણી કરી હતી જ્યારે તેણે રૂપિયા ૧૦૦૦ના જુદાઇ આંકડાને સ્પર્શ્ય કર્યો હતો. છેલ્લા ત્રણ ક્વાર્ટર ખરાબ રહ્યા અને શેર ઘટીનો ભાવ રૂ.૨૫ થયો. હાલ જોવા મળી રહેલી જંગી ખરીદી એ વાતના સંકેત આપે છે કે હાલ સ્થિતિ બદલાઇ ગઇ છે. વધુમાં આ શેરમાં ૧૨ લાખ બાયર્સ હતા અને એક પણ સેલર્સ ન હતા. આ કંપની ડિવિડન્ડની ચૂકવણી કરે છે અને માત્ર રૂ.૧૦ કરોડની નાની શેરમૂડી છે.

બ્લેક રોઝ ઈન્ડસ્ટ્રીઝ ; રૂ.૧૩૩. લાંબા ગાળા માટે ભાવ રૂ. ૧૩૦ છે. ૩૧મી માર્ચ, ૨૦૨૦ના રોજ સમાપ્ત થયેલા ક્વાર્ટરમા કંપનીનું કોન્સોલિટેડ વેચાણ રૂ. ૯૮.૦૫ કરોડ સેલ્સ જે પાછલા ક્વાર્ટરના રૂ. ૮૪.૩૭ લાખ કરોડના વેચાણની તુલનાએ ૩.૯૦ ટકા વધારે અને ગત વર્ષના સમાન ક્વાર્ટરના રૂ. ૮૬.૯૦ કરોડના વેચાણની તુલનાએ ૧૨.૮૨ ટકની વૃદ્ધિ દર્શાવે છે. તાજેતરના ક્વાર્ટરમાં કંપનીએ રૂ. ૪.૩૯ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે.

જેમ જેમ તેનું વિસ્તરણ પૂર્ણ થઇ રહ્યુ છે ત્યારે વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન રૂ.૬ કરોડની નાની મૂડી સામે તે રૂ.૬૦ કરોડનો ચોખ્ખો નફો દર્શાવે તેવી અપેક્ષા છે. પ્રથમ ક્વાર્ટર લગભગ ધોવાઇ ગયું હોવાથી જૂન ક્વાર્ટરમાં નોંધાયેલા પરિણામો પ્રભાવશાળી હશે નહી. જો શેરના ભાવ નીચે આવે તો ખરીદવાની તૈયારી રાખવી.

શુ ઈન્ડિયાબુલ્સ ગ્રૂપ કમ બેક કરી રહ્યુ છે? આ ગ્રૂપની ઘણી બધી કંપનીઓ છે જેમના શેર ચાલુ વર્ષ દરમિયાન ૬૦ ટકાથી વધારે મૂલ્ય ગુમાવી ચૂક્યા છે. ઘણા મહિના સુધી ઓછી લેવાલી ઓછી રહ્યા બાદ બુધવારે જંગી માંગ જોવા મળી હતી.

આઈબી વેન્ચર્સઃ (બીએઈ ૫૩૨૯૬૦) તાજેતરમાં રૂ.૮૧૯ની ઊંચ, રૂ.૨૧૮ની નીચી અને હાલ રૂ. ૧૩૦ છે જેની ઉપર નજર રાખવી જોઇએ.

આઈબી ઈન્ટિગ્રેટેડ (બીએસઈ ૫૩૩૫૨૦) તાજેતરમાં રૂ.૭૬૫ની ઊંચી, રૂ. ૧૯૬ની નીચી અને હાલ તે રૂ.૫૫ હતો. આભાર - નિહારીકા રવિયા



Jignesh R Mehta
(SEBI Registered Research Analyst)
E-mail : support@kiranjadhav.com
Website : www.KiranJadhav.com
Phone: 9327 11 3344 / 9328 11 33 44
Twitter: @jigneshrmehta



થોડી સાવચેતી સાથે માર્કેટ તેજીવાળાઓના હાથમાં!

પૂર્ણ થયેલ સપ્તાહનો સારાંશઃ

ગત સપ્તાહે આપણું માર્કેટ પોઝીટીવ બાયસ સાથે ગેપ અપ ઓપન થયું હતું અને બાદમાં સપ્તાહના પહેલા દિવસે નિફ્ટીમાં ગ્રીન કેન્ડલ બની હતી. સપ્તાહના બીજા અને ત્રીજા દિવસે મિક્સ ગ્લોબલ ક્લુઝ વચ્ચે આપણા માર્કેટ ૧૭૦ પોઈન્ટ્સની રેંજમાં કોન્સોલીડેટ થતા જોવાયા હતા. ગુરુવારે ફરીથી માર્કેટમાં પોઝીટીવ સેન્ટિમેન્ટ જોવા મળ્યું અને નિફ્ટી તેના રેઝિસ્ટન્સ ૧૦૮૪૦ને ફરીથી સ્પર્શતી જોવાઈ. જયારે શુક્રવારે ફરીથી માર્કેટમાં વેચવાલી જોવાઈ પણ સપ્તાહના અંતે નિફ્ટી ગ્રીન ઝોનમાં બંધ રહી અને સતત ચોથા સપ્તાહે નિફ્ટી વધીને બંધ રહી. સપ્તાહના અંતે નિફ્ટી ૧.૫૧ ટકા, બેંક નિફ્ટી ૨.૫ ટકા, સ્મોલકેપ ૧૦૦ ઈન્ડેક્સ ૩.૪૯ ટકા વધીને બંધ રહ્યા છે જયારે સેક્ટરમાં નિફ્ટી મેટલ સેક્ટર ૩.૪૭ ટકા અને નિફ્ટી ફાયનાન્સ સેક્ટર ૨.૦૩ ટકા વધીને બંધ રહ્યા.

નિફ્ટીનો ટેકનીકલ વ્યૂહઃ

આ સપ્તાહે અમે નિફ્ટીનો વીકલી ચાર્ટ દર્શાવ્યો છે. આપણે જાણીએ છીએ કે ટ્રેન્ડ લાઈન સપોર્ટ લાઈન છે જે હાલની રેલીને સપોર્ટ કરી રહી છે. આ રીકવરી પાછલા ઘણા વર્ષોમાં સૌથી ફાસ્ટ રીકવરી છે અને હાલમાં ટ્રેન્ડ લાઈન ૧૦૪૪૦ના લેવલ પાસે છે જે નિફ્ટીની આ રેલીને સૌથી મજબુત સપોર્ટ પૂરો પડે છે. જ્યાં સુધી નિફ્ટી આ ટ્રેન્ડ લાઈન ઉપર છે ત્યાં સુધી નિફ્ટીમાં તેજી વાળાને ચિંતા કરવાની જરૂર નથી.



Chart 1: Nifty - Daily

આ સપ્તાહે મેં વીકલી ચાર્ટ અપલોડ કર્યો છે કેમકે નિફ્ટીમાં જાન્યુઆરી ૨૦૧૯માં અને ઓગસ્ટ થી સપ્ટેમ્બર ૨૦૧૯માં ચાર્ટમાં દર્શાવેલ હોરિઝોન્ટલ લાઈને સપોર્ટ તરીકે કામ કર્યો હતો અને આ વખતે નિફ્ટીમાં ૧૦૮૦૦-૧૦૮૫૦નો એ જ ઝોન હર્ડલ બની રહ્યો છે. જો નિફ્ટી આ હર્ડલ ક્રોસ કરવામાં સફળ રહેશે તો નિફ્ટીમાં પછી ૧૧૦૦૦ અને એની ઉપરના લેવલ પણ સહેલાઈથી જોવાશે.

Cont...

બેંક નિફ્ટીનો ટેકનીકલ વ્યૂહ:

છેલ્લા ૨ સપ્તાહથી બેંક નિફ્ટી નિફ્ટી કરતા સારો દેખાવ કરી રહી છે. જ્યારે કોવીડ ૧૯ની શરૂઆતમાં માર્કેટમાં કરેકશન આવ્યું હતું ત્યારે બેંક નિફ્ટી નિફ્ટીની સરખામણીમાં વધારે પડતી કરેક્ટ થઇ હતી તેથી હવે બેંક નિફ્ટીએ ગત ૨ સપ્તાહની જેમ મજબુત દેખાવ કરવો પડશે. ચાર્ટ ૨માં બેંક નિફ્ટીનો ડેઈલી ચાર્ટ દર્શાવ્યો છે જે સ્પષ્ટ દર્શાવે છે કે બેંક નિફ્ટીએ આ ચેનલની વચ્ચે ઘણો સમય પસાર કર્યો છે. આપણે ચેનલની ઉપરની સાઈડમાં છીએ પણ હજુ બ્રેકઆઉટ આપવાનું બાકી છે. આ ચેનલની ઉપરની તરફનું બ્રેકઆઉટ બેંક નિફ્ટીમાં ખુબજ સુંદર મુવ બતાવશે. જ્યારે હાલમાં બેંક નિફ્ટીમાં ૨૧૯૫૦નો સપોર્ટ છે. જ્યાં સુધી બેંક નિફ્ટી આ સપોર્ટની ઉપર છે ત્યાં સુધી તેજીવાળાઓએ ચિંતા કરવાની જરૂર નથી.



Chart 2: Bank Nifty - Daily



Chart 3: DOW JONES - Daily

ડાઉજોન્સ:

સમયાંતરે આપણે ડાઉજોન્સના ચાર્ટને પણ ચેક કરીએ છીએ. ચાર્ટ ૩માં ડાઉજોન્સનો ચાર્ટ દર્શાવ્યો છે. ચાર્ટમાં સ્પષ્ટ દેખાય છે કે છેલ્લા ૩ લો લેવલને જોડીને દોરેલ ટ્રેન્ડ લાઈન ડાઉની તેજીને સપોર્ટ આપે છે. જ્યાં સુધી ડાઉજોન્સ આ ટ્રેન્ડલાઈનની ઉપર બંધ છે ત્યાં સુધી આપણા માર્કેટને પણ પ્રેરણા મળતી રહેશે. પણ જો ડાઉજોન્સ આ લાઈનની નીચે બંધ આપે છે તો પછી ગ્લોબલ માર્કેટમાં ચિંતા વધી શકે છે.

ઈન્ડિયા વિક્સ:

ઈન્ડિયા વિક્સ કોવીડ૧૯ના ઇસ્યુ પછી પહેલી વાર ૨૫ના લેવલની નીચે બંધ આવ્યો છે. ચાર્ટ ૪માં ઈન્ડિયા વિક્સનો ચાર્ટ દર્શાવ્યો છે. વિક્સ ૨૫ની નીચે ગયો છે એ આપણા માટે હકારાત્મક છે. આવતું સપ્તાહ વિક્સ માટે મહત્વનું રહેશે. જો વિક્સ આવતા સપ્તાહે પણ ૨૫ની નીચે બંધ રહેશે તો પછી માર્કેટમાં સારું અપસાઈડ મોમેન્ટમ જોવાઈ શકે છે. ટેકનીકલી ઈન્ડિયા વિક્સમાં હવે ૨૭.૫ પાસે હર્ડલ છે. જ્યાં સુધી વિક્સ હવે ૨૭.૫ ઉપર બંધ નથી આવતો ત્યાં સુધી વધારે ચિંતા કરવાની જરૂર નથી.



ડેરિવેટિવ્ઝ ડેટા:

મંથલી ફ્યુચર ઉપર મેક્સીમમ ઓપન ઈન્ટરેસ્ટ કોલ સાઈડમાં ૧૧૦૦૦ની સ્ટ્રાઈકમાં છે જયારે બીજા નંબરે સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ ૧૧૨૦૦ની સ્ટ્રાઈકમાં છે. પુટ સાઈડમાં સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ ૧૦૫૦૦ની સ્ટ્રાઈકમાં જયારે બીજા નંબરનું સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ ૧૦૬૦૦ની સ્ટ્રાઈકમાં છે. વીકલી ફ્યુચર ઉપર આપણે કહી શકીએ કે ૧૦૫૦૦ અને ૧૦૬૦૦ મહત્વના સપોર્ટ છે જયારે ૧૧૦૦૦ પાસે હર્ડલ રહેશે. વીકલી એક્સપાયરીમાં સૌથી વધારે કોલ સાઈડ ઓપન ઈન્ટરેસ્ટ ૧૧૦૦૦ની સ્ટ્રાઈકમાં છે જયારે બીજા નંબરનું સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ ૧૦૮૦૦ની સ્ટ્રાઈકમાં છે. જયારે પુટ સાઈડ ૧૦૬૦૦માં સૌથી વધારે અને ૧૦૭૦૦માં બીજા નંબરનું સૌથી વધારે પુટ સાઈડ ઓપન ઈન્ટરેસ્ટ છે.

Nifty Support: 10600

Nifty Resistance: 10800 / 11000

ફોરેકસ:

યુએસડી આઈએનઆરમાં હવે ૭૫ પાસે મહત્વનો સપોર્ટ છે જયારે ઉપરમાં ૭૫.૪ ક્રોસ થતા ૭૫.૮ સુધીના લેવલ જોવાઈ શકે છે.

ક્રુડ:

ક્રુડ લાંબા કોન્સોલીડેશનમાં છે. ઉપરમાં ૩૦૯૫ અને નીચામાં ૨૭૦૦ મહત્વના લેવલ છે. ૨૭૦૦ નીચે ૨૬૫૦ પણ મહત્વનો સપોર્ટ છે. ક્રુડમાં જે તરફનું બ્રેકઆઉટ આવશે એ તરફ શાર્પ મુવમેન્ટ જોવાઈ શકે છે. આભાર - નિહારીકા રવિયા

BUY.... BUY....BUY

Co. Name	Code	Price
A.B. Money	532974	36.00
Sail	500113	36.00
Equitas Holding	539844	59.00
ITI	523610	124.00
First Source	532809	43.00
Chola Invest	511243	208.00
I.B. Housing Fin.	535789	235.00
Sobha	532784	236.00
Ujjivan	539874	256.00
PNC Infra	539150	147.00
Ambuja cement	500425	197.00
Galaxy Surf.	540935	1562.00
Tata Cons.	500800	430.00
Sun Pharma	532872	169.00
Infosys	500209	781.00
Laurus Lab.	540222	597.00

TIPS OF THE WEEK

Co. Name	Code	Price
Linde India	523457	696.00
SBI Cards	543066	703.00
Nilkamal	523385	1209.00
Escorts	500495	1137.00
L & T Infotech	540005	2108.00
Bombay Burmah	501425	1226.00
MCX	534091	1324.00
Navin Fluorine	532504	1719.00
Rel. Ind.	500325	1824.00
NIIT Techno	532541	1592.00
HUL	500696	2223.00
TCS	532540	2221.00
Alchem Lab.	539523	2421.00
SRF	503806	3898.00
Britannia	500825	3725.00
Bharat Rasayan	590021	9655.00

બજાર કયા માર્ગે ?

Dilip K. Shah

ભારતીય શેરબજારોમાં જુલાઈના બે સપ્તાહ પોઝીટીવ રહેવા સાથે સતત ચોથા સપ્તાહે તેજીની આગેકુચ

કોરોના વાયરસના વધતા જતા સંક્રમણ અને માર્કેટ ઓવરબોટ પોઝીશનમાં આવતા ૨૦૦ DMI કુદાવવામાં નિષ્ફળ

આગામી સપ્તાહે લેબર લો ની સાથે આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા સરકારના નવા પેકેજની સંભાવના

સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ ૫૩૨ પોઈન્ટ ઉછળીને ૩૬૫૯૪ અને નિફટી ૧૬૦ પોઈન્ટ ઉછળીને ૧૦૭૬૮ના લેવલે

US માં Covid-19 ના વધતા સંક્રમણ, હોંગકોંગ મુદ્દે યુ.એસ.-ચીન વચ્ચે તણાવને પગલે વૈશ્વિક બજારો વોલેટાઈલ

સપ્તાહના અંતે શુક્રવારે યુ.એસ., યુરોપ બજારો પોઝિટિવ જ્યારે એશિયન બજારો નરમ રહેતા એકંદરે મિશ્ર વલણ

ભારતીય સેકટોરલ આંક એનર્જી, હેલ્થકેર, આઈટી અને રિયલ્ટી ઈન્ડેક્સમાં ઉછાળો : અન્ય સેકટર્સ દબાણ હેઠળ

ડોલર સામે રૂપિયો નરમ બન્યો જ્યારે US ઈન્વેન્ટરીમાં વધારો થતા ક્રુડ ઓઈલના ભાવ દબાણ હેઠળ

વૈશ્વિક ક્ષેત્રે યુ.કે.ના ઉત્પાદન સરેરાશ GDP, બેન્ક ઓફ જાપાનના ઈન્ટ્રેસ્ટ રેટ, ચાઈનાનો GDP, ECBની જાહેરાત

ભારતીય સ્તરે આગામી સપ્તાહે રિટેલ ફુગાવો, IIP ડેટા, ૧૫૦થી વધુ કંપનીઓના રિઝલ્ટ પર બજારની નજર

સોમવારે બજારનું ઓપનિંગ પોઝીટીવ રહેવા વકી : સપ્તાહ દરમ્યાન માર્કેટ વોલેટાઈલ, સ્ટોક સ્પેસિફક રહેશે

ભારતીય શેરબજારોમાં જુલાઈ મહિનામાં સતત બીજા સપ્તાહે અને પાછલા સપ્તાહના હેટ્રીકને ધ્યાનમાં લેતા સતત ચોથા સપ્તાહે તેજીની આગેકુચ જારી રહેલ છે. જો કે, માર્કેટ ઓવરબોટ પોઝીશનમાં હોવા ઉપરાંત ભારત સહિત વૈશ્વિક દેશોમાં કોરોના વાઈરસના વધતા જતા સંક્રમણથી ગ્લોબલ આર્થિક વૃધ્ધિને ફટકો પડવાની સંભાવનાએ શુક્રવારના અંતિમ દિવસે માર્કેટમાં પ્રોફિટ બુકીંગ જોવાયું હતું. સપ્તાહના આરંભ ગેપ-અપ ઓપનીંગથી થયા બાદ સપ્તાહ દરમ્યાન માર્કેટનું વલણ એકંદરે વોલેટાઈલ રહેવા સાથે અંડરટોન મજબુત રહ્યો હતો.

દેશભરમાં ચોમાસાની પ્રગતિ અપેક્ષા કરતાં સારી રહેવા સાથે ભારત - ચીન સરહદે એલએસી પરથી ચીનની બાહુદરીભરી પીછેહઠ, કોરોનાની વેક્સીન ટુંક સમયમાં ડેવલપ થવાની સંભાવનાએ વિદેશી ફંડોની ચુનંદા શેરોમાં આક્રમક લેવાલીએ સેન્ટિમેન્ટ જાળવી રાખવામાં ટેકો પુરો પાડ્યો હતો. આગામી સમયમાં સરકાર મોનેટરી તેમજ ફિસ્કલ પગલા દ્વારા નવા પગલાં લેશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે તાજેતરમાં વડાપ્રધાને રિફોર્મ્સને આગળ ધપાવવા તેમજ ગ્લોબલ કંપનીઓને ભારતમાં રોકાણની આકર્ષક તક ઝડપી લેવા આહવાન કર્યું હતું. આ ઉપરાંત નવા લેબર લો ની રૂપરેખા પણ ઘડાઈ રહી છે જેના કારણે ભારતમાં વિદેશી રોકાણ વધવાની શકયતા જોવાઈ રહી ચે. ભારતમાં ફયુઅલની માંગમાં એપ્રિલમાં ૧૩ વર્ષની બોટમથી રિકવરી વર્તાઈ રહી છે. લોકડાઉન બાદ અનલોકના સમયગાળામાં આર્થિક પ્રવૃત્તિ ધીમે - ધીમે વેગ પકડી રહી છે.

વિતેલ સપ્તાહે ભારતીય શેરબજારોમાં સોમવારે સેન્સેક્સમાં ૪૬૫.૮૩ પોઈન્ટસની ગેપ-અપ ઓપનિંગ બંધ તથા મંગળવારે ૧૮૭.૨૪ પોઈન્ટનો વધુ ઉછાળો નોંધાયા બાદ બુધવારે ૩૪૫.૫૧ ના કરેક્શન બાદ ગરૂપવારે ૪૦૮.૬૮ પોઈન્ટની રિકવરી નોંધાઈ હતી. જો કે, અંતિમ દિવસે શુક્રવારે ૧૪૩.૩૬ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ ૫૭૨.૯૧ પોઈન્ટ ઉછળીને ૩૬૫૯૪.૩૩ ના લેવલે અને નિફ્ટી ૧૬૦.૭૦ પોઈન્ટ વધીને ૧૦૭૬૮.૦૫ ના લેવલે બંધ રહી હતી. જો કે, સપ્તાહ દરમ્યાન એક તબક્કે નિફ્ટી ૧૦૮૦૦ અને સેન્સેક્સ ૩૬૮૦૦નું લેવલ કુદાવામાં સફળ રહેલ પરંતુ ૨૦૦ ડીએમઆઈ કુદાવવામાં નિષ્ફળ રહ્યું હતું.

વિતેલા સપ્તાહે વૈશ્વિક શેરબજારોમાં કોરોના વાઈરસના વિશ્વભરમાં વધતા જતા કેસોને કારણે તેમજ ચાઈનાએ હોંકોંગ માટે સિક્યુરિટી લૉ પાસ કરતા યુએસ - ચીન વચ્ચે વધતા જતા તનાવથી વોલેટાઈલ જોવાયું હતું. તાજેતરમાં Dun and Braditrect's ના મતે કોરોના વાઈરસના વધતા જતા સંક્રમણને કારણે ૨૦૨૦માં ગ્લોબલ ઈકોનોમીમાં ૫.૨ ટકાનો Contract આપી શકે છે. અને આગામી સમયમાં વિશ્વનું ભાવિ આર્થિક રીતે ધૂંધળું રહેશે.

સપ્તાહના અંતે શુક્રવારે વૈશ્વિક શેરબજારોનું વલણ એકંદરે મિશ્ર રહ્યું હતું. યુ.એસ. માર્કેટમાં ડાઉજોન્સ ૩૬૯ પોઈન્ટ અને નાસ્ડેકમાં ૬૯.૬૯ પોઈન્ટનો ઉછાળો જોવાયો હતો. યુરોપિયન માર્કેટમાં કેકમાં ૪૯.૪૭ પોઈન્ટ, ડેક્સમાં ૧૪૪.૧૫ પોઈન્ટ અને એફટીએસઈમાં ૪૫.૭૯ પોઈન્ટની વૃદ્ધિ જોવાઈ હતી જયારે એશિય માર્કેટમાં નિફટીમાં ૨૩૮ પોઈન્ટ, હેંગસેમગાં ૪૮૨.૭૫ પોઈન્ટ, તાઈવાનમાં ૧૧૯ પોઈન્ટ, સ્ટ્રેઈટ ટાઈમ્સમાં ૧૫.૩૯ પોઈન્ટ, જાકાર્તામાં ૨૧.૫૩ પોઈન્ટ અને શાંઘાઈ ઈન્ડેક્સમાં ૬૭.૨૨ પોઈન્ટ તુટ્યા હતા. આમ યુ.એસ. તેમજ યુરોપીયન માર્કેટો પોઝીટીવ અને એશિયાનું વલણ નરમ રહ્યું હતું.

ભારતીય સેકટોરલ આંકમાં ડાયવર્સિફાઈડ ફાયનાન્સિયલ ૧.૧ ટકા, ઈન્ફ્રા ૧.૪ ટકા, ફાયનાન્સ ૧.૯ ટકા, પીએસયુ ૦.૮ ટકા, ઈન્ડસ્ટ્રીઝ ૦.૯ ટકા, પ્રાઈવેટ બેન્કો ૨.૩ ટકા, યુટિલીટી ૧.૧ ટકા, ઓટો ૦.૬ ટચકા, બેન્કેસ ૨.૨ ટકા, કેપિટલ ગુડઝ ૧.૧ ટકા, કન્ઝયુમર ડ્યુરેબલ ૧.૮ ટકા, મેટલ ૦.૮ ટકા, પાવર ૦.૭ ટકા ઘટ્યા હતા જયારે એનર્જી આંક ૨.૩ ટકા, એફએમસીજી ૦.૬ ટકા, હેલ્થકેર ૦.૭ ટકા સહિત આઈ.ટી., ટેલિકોમ, રિયલ્ટી ઈન્ડેક્સ સુધર્યા હતા.

સપ્તાહ દરમ્યાન ડોલર સામે રૂપિયો વધુ નરમ બની રૂપિયો ૭૫.૨૦ ના મથાળે જોવાયો હતો જયારે કોરોના વાયરસ યુ.એસ.માં વધતા જતા સંક્રમણ તેમજ ઈન્વેન્ટરી વધારો થતા બ્રેન્ટ ક્રુડના ભાવમાં ઘટાડો જોવાતા પ્રિત બેરલ ૪૨.૮૦ ડોલરે રહ્યું હતું. વિદેશી પરિબળો જેવા કે, યુ.કે.ના ત્રણ મહિનાના જીડીપી ગ્રોથની સરેરાશ, જર્મનીના સેન્ટીમેન્ટ ઈન્ડેક્સની જાહેરાત, યુ.એસ.ના કોર ઈન્ફલેશન રેટ, રીટેલ શેર્સ, બેન્ક ઓફ જાપાનના ઈન્ટ્રેસ્ટ રેટ અંગેના નિર્ણય, ઓસ્ટ્રેલિયાના અન એમ્પ્લોયમેન્ટ રેટ, ચાઈનાના જીડીપી ગ્રોથ રેટ, ઈસીબીના ઈન્ટ્રેસ્ટ રેટના નિર્ણય વિગેરે ઉપર બજારની નજર રહેશે. ડોમેસ્ટીક માર્કેટમાં ।ગામી સપ્તાહે જાહેર થઈ રહેલા ૧૫૦ થી વધુ કંપનીઓના ક્વાર્ટલી પરિણામો, ચોમાસાની પ્રગતિ, કોરોનાના કેસ, મેક્રો ઈકોનોમિ ડેટા, રીટેલ ફુગાવાને લઈને આઈઆઈપીના જાહેર થઈ રહેલ ડેટા, ડોલર - રૂપિયા તેમજ બ્રેન્ટ ક્રુડની મુવમેન્ટ બજારની દિશા નક્કી કરશે.

આગામી સપ્તાહ સોમવારે બજારનું ઓપનીંગ પોઝીટીવ બની રહેવા સાથે સપ્તાહ દરમ્યાન માર્કેટનું વલણ વોલેટાઈલ રહેવા સાથે સ્ટોક સ્પેસિફિક એક્શન જોવાય.

બજાર બહારની વાત Dilip K. Shah <1>

ભારતીય શેરબજારનો ઈતિહાસ ગવાહ છે કે.....

છેલ્લાં ૧૦ માંથી ૬ વર્ષોમાં જુલાઈ મહિનામાં તેજીનો સિલસિલો જળવાયો છે જો કે કોરોના વાઈરસ તેમજ જુન ક્વાર્ટરના નબળા પરિણામો રંગમાં ભંગ પાડશે

ભારત સહિત વિશ્વભરમાં કોરોના વાઈરસનો વધતો જતો ઉપદ્રવ તેમજ જૂન મહિનામાં ક્વાર્ટલી પરિણામો નબળા રહેવાની સંભાવનાએ જૂન ૨૦૨૦ માં ભારતીય શેરબજારોમાં જોવાયેલ ૭ ટકાની બ્લોક બલ્સ્ટર માસિક રેલી ઉપરાંત જુલાઈ મહિનામાં પાણી ફરી વળે તેવી શંકા ઉદ્દ્ભવી રહી છે.

આ સંજોગોમાં ભારતીય શેરબજારોનો ૧૦ વર્ષનો ઈતિહાસ ચકાસવામાં આવે તો ૬ વર્ષમાં જુલાઈ ૨૦૧૮માં નિફ્ટીમાં ૬ ટકાનો ૨૦૧૭માં જુલાઈમાં ૫.૮ ટકાનો, જુલાઈ ૨૦૧૬માં ૪ ટકાનો ઉછાળો જોવાયો છે. બીજી તરફ બાકીના ચાર વર્ષમાં મંદીવાળા બજાર ઉપર હાવી બન્યા હતા જેમાં જુલાઈ - ૨૦૧૯માં નિફ્ટીમાં ૫.૬ ટકા, જુલાઈ ૨૦૧૧ માં ૨.૯ ટકા, ૨૦૧૩ માં જુલાઈ ૧.૭ ટકા અને જુલાઈ ૨૦૧૨ માં ૧ ટકાનો ઘટાડો જોવાયો હતો. માર્ચ ૨૦૨૦ ના ૭૫૦૦ ના નિચલા સ્તરથી નિફ્ટી ૫૦ માં ૩૦ ટકાની રેલી જોવા મળી હતી. આમ ટુંકાગાળેથી બજાર ઓવરબોટ પોઝીશનમાં જણાય છે. જુલાઈમાં નિફ્ટી ૪ ટકા ગ્રોથ જોવાઈ ચુકી છે. કોરોના વાઈરસની વેક્સીન ઝડપથી લોંચ થવાની શકયતા પોઝીટીવ મેક્રો ડેટા ગ્લોબલ સ્તરે મજબુત લીક્વિડીટી તેમજ લિક્વિડીટીમાં વૃધ્ધિ સહિત અન્ય સકારાત્મક કારણોને પગલે મમોમેન્ટમ જારી રહી શકે છે. આ સાથે એફઆઈઆઈ જુલાઈમાં નેટ સેલર રહી છે આ ઉપરાંત છેલ્લાં દસ વર્ષમાં સાત વર્ષમાં ડીઆઈઆઈ નેટ બાયર રહી છે જો કે, આગામી દિવસોમાં એફઆઈઆઈની મોટી ખરીદારી જોઈ શકાય.

Cont...

Unlock-1 ને પગલે શેરબજારમાં રોકાણકારોનો વિશ્વાસ પરત ફર્યો

૧ જૂનથી અત્યારસુધીમાં નિફ્ટીમાં ૧૩ ટકાથી વધુ રિર્ટન

વૈશ્વિક શેરબજારો સામે ભારતીય બજારોનો ચડિયાતો દેખાવ

ભારતીય બજારો Unlock

World Index	Change from 1st June (%)
Shanghai Composite	20.97
Brazil Bovespa	14.15
Hang Seng	14.15
Sensex	13.30
Nifty-50	13.07
Taiwan	11.43
NASDAQ	10.57
DAX	9.17
Kospi	6.81
CAC	6.18
MSCI World Index	4.88
S&P 500	4.13
Nikkei	2.98
Dow Jones	2.70

અનલોક-૧ને પગલે શેરબજારે રોકાણકારોનો ગુમાવેલો વિશ્વાસ પરત મેળવ્યો છે. ૧ જૂનથી અત્યાર સુધીમાં ભારતીય બજારે ૧૩ ટકાથી વધુનું રિટર્ન દર્શાવ્યું છે. નિફ્ટી ૧૦,૦૦૦ને પાર કરીને ૧૧,૦૦૦ નજીક આવી પહોંચ્યો છે.

જ્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવા હેવીવેઈટે રૂ ૧૨ લાખ કરોડના માર્કેટ-કેપને પાર કરવાનું નવું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. સાથે મિડ તથા સ્મોલ-કેપ્સે લાર્જ-કેપ્સની સરખામણીમાં આઉટપર્ફોર્મન્સ દર્શાવ્યું છે. નોંધપાત્ર બાબત એ છે કે જાન્યુઆરીથી મે સુધીના પાંચ મહિના દરમિયાન હરીફોની સરખામણીમાં અન્ડરપર્ફોર્મન્સ દર્શાવનાર ભારતીય બજારે બીજા અર્ધવાર્ષિક ગાળામાં આઉટપર્ફોર્મન્સ નોંધાવ્યું છે. વૈશ્વિક સ્તરે પણ બજારોનો દેખાવ સારો રહ્યો છે. એકમાત્ર ચીનના બજારે ભારતની સરખામણીમાં ઊંચો દેખાવ કર્યો છે.

સ્થાનિક બેન્ચમાર્ક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં ૧૩ ટકાથી વધુના સુધારા સામે ચીનના શાંઘાઈ કંપોઝિટ્સે ૨૧ ટકાનો જ્યારે બ્રાઝિલના બોવેસ્પાએ ૧૪ ટકાનો સુધારો નોંધાવ્યો હતો. હેંગસેંગે પણ ૧૪ ટકાની વૃદ્ધિ દર્શાવી હતી. એ સિવાય મોટા ભાગનાં ઈમર્જિંગ બજારોએ ૭ ટકાથી લઈને ૧૧ ટકા સુધીનો સુધારો દર્શાવ્યો હતો.

ચાલુ કેલેન્ડરમાં ૧૨ ટકા વૃદ્ધિ દર્શાવતો અને બુધવારે રાતે સર્વોચ્ચ સપાટી પર બંધ આવેલો ટેક-હેવી નાસ્ડેક પણ જૂનથી અત્યાર સુધીમાં ૧૦.૫૭ ટકાની વૃદ્ધિ સૂચવે છે. આમ અગ્રણી ઈમર્જિંગ માર્કેટ્સની સરખામણીમાં તે અન્ડરપર્ફોર્મન્સ રહ્યો છે.

છેલ્લા સવા મહિનામાં ડાઉ જોન્સે માત્ર ૨.૭ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. જે સૂચવે છે કે માર્ચ મહિનામાં ફેડે બજારમાં ઠાલવેલી લિક્વિડિટી પાછળ એપ્રિલ-મે દરમિયાન તળિયાથી ૪૫ ટકા જેટલા સુધરી ચૂકેલો ડાઉ હવે કોન્સોલિડેશનમાંથી પસાર થઈ રહ્યો છે. યુકેનો ફૂટ્સીએ તો સમાન ગાળામાં એક ટકાથી નીચેનો સુધારો નોંધાવ્યો છે.

બજાર ઓવરબોટ હોવા છતાં એનાલિસ્ટ્સને ટૂંકા ગાળામાં ટ્રેન્ડ રિવર્સલ નથી જણાતો. જોકે ગુરુવારના બંધ ભાવે નિફ્ટી ચાલુ કેલેન્ડરમાં હજુ પણ ૧૧ ટકાનો ઘટાડો સૂચવી રહ્યો છે. ૨૦ જાન્યુઆરીએ તેણે ૧૨,૪૦૦ની તેની સર્વોચ્ચ સપાટી નોંધાવી હતી.

ભારતના GDPમાં ચાલુ વર્ષે 3 ટકાનો નેગેટિવ ગ્રોથ જોવાશે : BofA

વિદેશી બ્રોકરેજ બેન્ક ઓફ અમેરિકાએ તેના રિપોર્ટમાં જણાવ્યું હતું કે, ભારતનો જીડીપી ગ્રોથ ચાલુ વર્ષે માઈનસ ૩ ટકા રહેવાની ધારણા છે. કોરોનાને કારણે અર્થતંત્ર પર વ્યાપક અસર થઈ છે. ઓગસ્ટ મહિનાથી લોકડાઉન સંપૂર્ણ હટાવી લેવાશે તેવી સંભાવના સાથે આ ગ્રોથનો અંદાજ તેણે આપ્યો હતો. બેન્ક ઓફ અમેરિકા સિક્યુરિટીઝે જણાવ્યું હતું કે, આરબીઆઈ ઓપન માર્કેટ ઓપરેશન્સ (ઓએમઓ) દ્વારા ૯૫ અબજ ડોલરના સરકારી બોન્ડ ખરીદીને ફિસ્કલ ડેફિસિટ મોનેટાઈઝ કરશે અને તેના ૧૨૭ અબજ ડોલરના રિવેલ્યુએશન રિઝર્વનો ઉપયોગ સરકારી બેન્કોને રિકેપિટલાઈઝ કરવા માટે કરશે.

બેન્ક ઓફ અમેરિકા સિક્યુરિટીઝે જણાવ્યું હતું કે, ૧૫ ઓગસ્ટથી દેશનું અર્થતંત્ર ફરીથી કોરોના પહેલાંની સ્થિતિમાં હતું તેમ સંપૂર્ણ ખુલ્લું મુકી દેવાશે અને લોકડાઉન સંપૂર્ણ હટાવી લેવાશે તેમ માની લઈએ તો જીડીપીમાં ૩ ટકાનો નેગેટિવ ગ્રોથ જોવા મળશે. જો લોકડાઉન તેનાથી પણ વધારે લંબાશે તો ૫ ટકાનો નેગેટિવ ગ્રોથ જોવાશે.

www. smartchat.com Hitesh Surti

ટોચની આઈટી કંપનીઓના આગામી સપ્તાહે પરિણામ

સરેરાશ કરતાં ૧૪ ટકા વધુ વરસાદઃ ચોમાસું સૌથી પોઝિટિવ ફેક્ટર

બજારની તેજી અને વિકાસ દુબેના એન્કાઉન્ટરમાં લોજિક કામ ન કરે

ચીનનું એન્કાઉન્ટર કરવા બધા દેશો આક્રમક બન્યા

એફઆઈઆઈ અને ડીઆઈઆઈ બન્નેની ગત સપ્તાહે નેટ વેચવાલી

કે.પી બજાર લાગલગાટ ચોથા સપ્તાહે પણ વધીને બંધ રહ્યું.

નેમચંદ એક તરફ કોરોનાના કેસ વધી રહ્યા છે અને બીજી તરફ સેન્સેક્સ અને નિફ્ટી વધી રહ્યા છે. બન્ને અંગે ચિંતા વધી રહી છે.

માલપાની સમગ્ર વિશ્વમાં ઈક્વિટી માર્કેટમાં ઝડપી રિકવરી જોવા મળી રહી છે, જે ફન્ડામેન્ટલ આધારીત નથી, પરંતુ લિક્વિડિટી આધારીત છે.

કે.પી અમેરિકા અને ભારતને કોરોનાની વ્યાપક અસર થઈ છે તેમ છતાં આ બન્ને દેશોના બજાર સતત આગેકૂચ કરી રહ્યા છે. રિવોર્ડ કરતાં રિસ્ક વધી રહ્યું હોય તેમ લાગે છે.

કે.પી ભાઈ, આ રિસ્કની ચિંતા કરવામાં ઘણાં રહી ગયા. છેલ્લાં ત્રણ મહિનામાં અનેક શેરોમાં એકના ડબલ થઈ ગયા તેનું શું.

માલપાની માર્ચ મહિનામાં જેનું કોઈ લેવાલ ન હતું અને તળિયું ક્યાં જઈને અટકશે તેની ખબર ન હતી તેવા શેરોમાં અત્યારે લાવ-લાવ થઈ રહ્યું છે. હવે તમે જ વિચારો કે માર્ચ અને જુલાઈમાં એવો તે શું ફેરફાર થઈ ગયો.

નેમચંદ વાત સાચી, પણ.... એનું જ નામ બજાર. તેમાં ઘણી વાર લોજિક કામ નથી લાગતું.

માલપાની લોજિક તો આ વિકાસ દુબેનું એન્કાઉન્ટર થઈ ગયું તેમાં પણ હવે લગાવવા જેવું નથી. આ સીધું ગણિત છે. આઠ પોલીસ જવાનોના જીવનો બદલો લઈ લેવાયો. યોગી હૈ તો મુમકીન હૈ.

કે.પી આ ચીનનું એન્કાઉન્ટર કરવા પણ બધા દેશો આક્રમક બન્યા છે. લદ્દાખમાં ગલવાન વેલી ખાતે તો અંતે ચીને તંબુ તાણવા પડ્યા છે. પીછેહઠ કરવી પડી છે. કહેવાય છે કે ચીનના ૧૦૦થી ૧૩૫ જવાનો માર્યા ગયા છે.

નેમચંદ ટ્રમ્પ જિનપિંગને સાણસામાં લેવા માટે તૈયારી કરી રહ્યા છે. અમેરિકાની ચૂંટણી પહેલાં ટ્રમ્પ કોઈ મોટો દાવ રમશે.

માલપાની ચોમાસું સારું જામ્યું છે. ૧૦ જુલાઈ સુધીમાં દેશમાં સરેરાશ કરતાં ૧૪ ટકા વધારે વરસાદ વરસ્યો છે. ભારત માટે આ સૌથી મોટું પોઝિટિવ ફેક્ટર બની રહેશે.

કે.પી વાત સાચી, ખેડૂતોને ટાઢક થઈ છે જેને કારણે સમગ્ર અર્થતંત્રને ગતિ મળશે તેમ લાગે છે. ગ્રામીણ અર્થતંત્ર ધમધમતું થયું છે. માંગ વધી રહી છે.

Cont...

કે.પી આ મેટલ શેરોમાં સારો ચમકારો જોવાયો છે. શું લાગે છે ?

નેમચંદ સાઈક્લિકલ રેલી જ લાગી રહી છે. મેટલના ભાવ વધવાથી આ રેલી જોવાઈ રહી છે. ચીન તરફથી થોડી માંગ નીકળવાની આશાએ રેલી જોવાઈ છે.

માલપાની ઓટો સેક્ટરમાં આંકડા નબળા આવી રહ્યા છે, પણ ટ્રેડિંગ કરનારા આંકડાની સરખામણી મે મહિના સાથે કરીને તેજી લાવી રહ્યા છે.

કે.પી એફઆઈઆઈના ડેટા પર પણ ધ્યાન રાખવું પડશે. એફઆઈઆઈએ છેલ્લાં પાંચ સેશનમાં રૂ.૬૩૫ કરોડની નેટ વેચવાલી કરી છે. શુક્રવારે તેમણે રૂ.૧૦૩૧ કરોડની નેટ વેચવાલી કરી છે.

નેમચંદ ડીઆઈઆઈએ પાંચ સેશન પૈકી ચાર સેશનમાં વેચવાલી કરી છે. કુલ તેમણે સપ્તાહમાં રૂ.૨૬૦૮ કરોડની નેટ વેચવાલી કરી છે.

માલપાની મ્યુચ્યુઅલ ફંડ્સ પર રિડમ્પ્શનનું દબાણ વધ્યું છે. જૂન મહિનામાં રોકાણકારોએ સારું પ્રોફિટ બુકિંગ કરી લીધું છે.

કે.પી જૂનમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણમાં ૯૫ ટકાનો ઘટાડો થયો છે.

નેમચંદ પરિણામની સિઝન શરૂ થઈ ગઈ છે. ટીસીએસનો પ્રથમ ક્વાર્ટરનો પ્રોફિટ ૧૪ ટકા ઘટ્યો છે.

માલપાની જોકે તેમ છતાં શેરમાં આગેકૂચ થઈ રહી છે અને ચાર બગડાં (રૂ.૨૨૨૨) જોવાયા છે.

કે.પી શનિવારે ડી માર્ટના પરિણામ જાહેર થયા છે, જેની અસર સોમવારે તેના શેર પર પડશે.

નેમચંદ વિપ્રો ૧૪મીએ, ઈન્ફોસીસ ૧૫મીએ અને એચસીએલ ટેક્નોલોજીઝ ૧૭મીએ પરિણામ જાહેર કરશે.

માલપાની આઈટી સેક્ટર પર આવતા સપ્તાહે ખાસ ધ્યાન રાખવું પડશે.

કે.પી બજારમાં તેજીવાળાઓ હવે થાક્યા હોય તેમ લાગે છે. પ્રોફિટ બુકિંગ જોવા મળી શકે છે. નવી ખરીદીમાં સાવચેતી રાખવી જોઈએ.

સર્કીટ બ્રેકીંગ શેર્સ

Manoj Sanghvi
(M.: 093270 72792)



સરકાર ઈકોનોમી સ્ટ્રોંગ બનાવવા જાગૃત

કરેક્શન બાદ સરકારના અલગ અલગ સેક્ટર માટેના ઉદારીકરણની જાહેરાતોથી બજારમાં મજબુતાઈ પકડાતી જાય છે. ફર્ટીલાઈઝર, મેટલ, ડિફેન્સ, બેન્કિંગ દરેક સેક્ટર પર સરકાર ધ્યાન આપી રહી છે. ડિફેન્સમાં સક્સેસ સરકારે જે રીતે ચાઈના જેવી મહાસત્તાને કન્ટ્રોલમાં લાવી દીધુ અને આત્મનિર્ભર માટેના સ્ટેટમેન્ટોએ બજારમાં જોમ લાવી દીધુ હવે સ્ટેન્ડઅપ, સ્ટાર્ટઅપ જેવામાં ખરેખર કામ થાય છે. પોલીટીક્સ ઘટે, ઓછા કરપ્શને ડેવલપમેન્ટ આવે તો જ દેશમાં રોજગારીની તકો ઉભી થાય. બાકી ચાઈનીઝ મોબાઈલ ઉદ્યોગની ૧૫ થી ૨૦ ટકાએ પહોંચતા કેટલા વર્ષો લાગે છે તે જોવાનું રહ્યું. મોબાઈલ ઉદ્યોગ માટે સોની, સેમસંગ, નોકિયા ના પ્લાન્ટ ભારતમાં અને ભારતીય શેરબજારમાં લિસ્ટીંગ અને ભારતીય કંપનીની પાર્ટનરશીપમાં લાગે તો ઘણું બધુ હાંસલ થઈ શકે છે. સ્ટોક સ્પેસિફિક મોમેન્ટમ અને કરેક્શન બેઉ જોવા મળી રહ્યા છે. રિઝલ્ટ સિઝન લગભગ પુરી થવાના આરે છે. પહેલુ ક્વાર્ટર ૨૦૨૦ તો ખરાબ જ રહેવાનું. બીજુ ક્વાર્ટર ઠી-ઠીક પણ મેઈન કોરોના એન્ડનું બરાબર થઈ જાય તો ત્રીજા ક્વાર્ટરથી બૂમીંગ શરૂ થઈ જાય.

કેમિકલસ, ફર્ટીલાઈઝર, ડિફેન્સ મહત્વના સેક્ટર બની રહેશે. ઉપરાંત સેકટર્સ માટે સરકારે ઘણી બધી રાહતો આપી છે. એટલે ઉપરોક્ત સેક્ટરના શેરો ઘણા સારા પર્ફોમન્સ દર્શાવતા જોવા મળી શકે ચે.

આત્મનિર્ભર ભારત માટે પ્રધાનમંત્રીએ સારૂં એવું કીધુ છે એના માટે અગાઉ ઘણી છૂટછાટો આવી શકે છે. કેમિકલ્સ સેક્ટર માટે ઘણું બધુ આવી ગયું.

- **GNFC (Rs. 173.00) (Code : 500670)** :- પરિણામ ખુબજ સારૂં આવ્યું. આગલું ક્વાર્ટર પણ ઘણું સરસ આવશે. યુરિયા + એફએમસીજી ગુજરાત સરકારની આ પીએસયુ કંપનીના શેરોમાં સારા પરિણામોની અસર સોમવારના ખૂલતા બજારમાં જોવા મળશે. ગેપ-અપ ઓપનીંગ બાદ નીચે આવે ત્યારે તબક્કાવાર રોકાણની તક.
- **Gujarat Alkalies (Rs. 342.00) (Code : 530001)** :- કેમિકલ્સ સેક્ટર માટેની જાહેરાતો અને આ કંપનીના ફંડામેન્ટલ્સ જોતા ભાવથી સસ્તો લાગે છે. આગલા ક્વાર્ટરના પરિણામોથી ઘણી આશા રાખી શકાય. એક્યુમ્યુલેઈટ કરવા જેવું કાઉન્ટર
- **Laurus Labs. (Rs. 597.00) (Code : 540222) :-** ૩૪૦ની ભલામણ બાદ રૂ. ૬૦૦ સુધી આવી ગયો. રૂ. ૧૧૨ કરોડનો ક્વાર્ટલી નફો બતાવ્યા બાદ સદંતર સુધરી રહેલો આ શેર સ્પ્લીટની રેકોર્ડ ડેઈટ નજીક આવતા પહેલા જ ખૂબજ સરસ લેવલે ટ્રેડ થતો જોવા મળી શકે છે.
- **Clariant Chemical (Rs. 486.00) (Code : 506390) :-** આ એમએનસી જાયન્ટની ભલામણ બાદ ૨૦૦ રૂપિયાની તેજી જોવા મળી. મોટુ ડિવિડંડ ડિક્લેર થઈ શકે છે. આગળ પણ આ કંપની માટે ઘણો સારો સમય જોવા મળી શકે છે. હવે આ ચાર આંકડાનો ખેલાડી બનવાની ક્ષમતા ધરાવે છે.
- **Everest Ind. (Rs. 212.00) (Code : 508906) :-** સિમેન્ટના પતરા અને સિમેન્ટ પ્રોડકટ બનાવતી આ કંપનીના શેરમાં ૧૨૦ થી રિવર્સલ જોવા મળી છે. જે કંપનીના ફંડામેન્ટલ્સ ખુબજ સ્ટ્રોંગ વરસાદી સિઝનમાં કંપનીની પ્રોડકટ ડિમાન્ડ ઘણી રહેશે.

નીચી કિંમતના ભેગા કરવા જેવા સ્ટોક્સ

Stocks	BSE Code	CMP	52 Wk H	52 Wk L
HOCL	500449	15.50	20.00	5.85
Bal Pharma	524824	42.45	54.10	24.10
Kopran	524280	37.15	41.20	16.15
Brooks Labs.	533543	29.70	43.99	14.05

ફ્યુચર ઓપ્શન ડાયરી

નિલેશ એસ. કોટક
M. : 9227204076
E-mail : dhanvarshafincap@gmail.com • W : www.dhanvarshaindia.com

નિફટીએ અઠવાડિક ધોરણે ૨૧૭ પોઈન્ટનો સુધારો દર્શાવ્યો છે. છેલ્લાં ૧ મહિનામાં નિફટી ૭૬૭ પોઈન્ટ અને છેલ્લાં ૩ મહિનામાં ૧૭૦૨ પોઈન્ટનો સુધારો દર્શાવ્યો છે એટલે કે, નિફટીએ ૩ મહિનામાં ૧૮ ટકાનું રીર્ટન આપ્યું છે જયાં સુધી નિફટી ૧૦૪૭૫ ઉપર રહે ત્યાં સુધી ઓવરઓલ ટ્રેન્ડ પોઝીટીવ જળવાઈ રહે. નિફટીની ૨૦૦ દિવસની મુવિંગ એવરેજ ૧૦૫૨૫ પણ એક અગત્યના સપોર્ટ તરીકે કાર્ય કરે. ટ્રેન્ડ રિવર્સલ માટે ૧૦૪૧૫ નીચે નિફટી જાય તો જ મોટા ઘટાડાની શકયતા છે.

Future Buy of the week

Balkrishna Ind. (1275) :- જુલાઈ માસનો ફયુચર ૧૨૮૦ ઉપર ૧૨૫૦ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૧૩૨૦ સુધી સુધારાની શકયતા છે.

Biocon (416) :- જુલાઈ માસનો ફયુચર ૪૧૮ ઉપર ૪૦૫ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૪૪૦ સુધીનો ભાવ જોવા મળે.

Voltas (563) :- જુલાઈ માસનો ફયુચર ૫૬૫ ઉપર ૫૪૫ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૫૮૫ સુધી સુધારાની શકયતા.

Hindustan Petroleum (209) :- જુલાઈ માસનો ફયુચર ૨૧૦ ઉપર ૨૦૦ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૨૨૨ સુધી સુધારાની શકયતા.

DLF (147) :- જુલાઈ માસનો ફયુચર ૧૪૮ ઉપર ૧૪૦ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૧૬૦ સુધી સુધારાની શકયતા છે.

Future Sell of the week

Bharat Forge (357) :- જુલાઈ માસનો ફયુચર ૩૫૫ નીચે ૩૭૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૩૩૫ સુધી ઘટાડાની શકયતા.

ICICI Bank (360) :- જુલાઈ માસનો ફયુચર ૩૫૮ નીચે ૩૭૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૩૪૦ સુધી ઘટાડાની શકયતા.

Infosys (781) :- જુલાઈ માસનો ફયુચર ૭૮૦ નીચે ૮૦૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૭૬૦ સુધી ઘટાડાની શકયતા.

Titan (970) :- જુલાઈ માસનો ફયુચર ૯૬૫ નીચે ૯૮૫ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૯૪૫ સુધી ઘટાડાની શકયતા.

UPL (438) :- જુલાઈ માસનો ફયુચર ૪૩૫ નીચે ૪૪૫ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૪૨૨ સુધી ઘટાડાની શકયતા.

Disclosures as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • I / My family have not received nay compensation from the company where I am recommending a trade or investment. • I have not served as an officer director or employee of company and have not been engaged in market - making activity of the company covered in the research report • I have no material conflict in recommendations posted here (Nilesh S. Kotak) • Research Analyst : SEBI Regn No. : INH000002103

Alternative Investment Returns Monitor

	Price 25-6-19	Price 25-6-2020	Return 1 Week	Return 1 Yr.
Sensex	39435	34842	1.85%	-11.65%
10Yr. Yield (%)	6.88	5.89	7.00 (bps)	-98.80 (bps)
USD - INR	69.34	75.38	-0.75%	9.00%

Value of Rs. 1 Lakh Invested in Various Asset

(As on 19-6-2020)	Sensex	Gold	Silver	FD (SBI)	PPF*
1 Year	88834	141635	128281	107000	108000
1 Year Post Tax Returns	88834*	129144	119797	104900	108000
5 Year	126462	182181	131513	146933	151757
5 Year Post Tax Returns	126462*	173963	128362	131317	151757

** Notes : Cumulative equity gains up to Rs. 1,00,000 in a financial year are tax free.*
All post - tax returns are calculated for an individual in the 30% tax braket, without considering the indexation benefit

Top 5 SIPs

Top 5 Equity Schemes based on 10 Yr. SIP Return

Scheme Name	Return Annualised
SBI Small Cap.	16.24
Canara Robeco Emergin	14.85
Axis Long Term Equity	13.27
Principal Emergin	12.74
Invesco India Mid Cap	12.40

Top 5 MIPs

Top 5 MIP Schemes based on 3 yr. SWP returns

Scheme Name	Return Annualised
Indiabulls Saving Income	7.27
Baroda Conservative	7.06
ICICI Prudential	5.79
Canara Robeco Conservative	5.64
LIC MF Debt Hybrid	4.96

ઝડપી વૃધ્ધિ પામતા શેરો

સૌથી વધુ આવક-ગ્રોથની સંભાવના ધરાવતા સ્ટોક્સ

Co. Name	Revenue Growth(%)
HG Infra	32
HDFC	29
Apollo Hospital	26
Engineers India	23
Granules India	23

ઓછા ખર્ચાળ શેરો

સૌથી નીચો સંભવિત PE ધરાવતા સ્ટોક્સ

Co. Name	Lowest Forward PE (%)
NTPC	6.33
CESC	6.89
HG INfra	8.13
Tata Power	8.19
Power Grid	8.61

શ્રેષ્ઠ 5 PEGs સ્ટોક્સ

સૌથી ઓછો પ્રાઈસ અર્નીંગ ગ્રોથ ધરાવતા સ્ટોક્સ

Co. Name	Earning Grwoth Ratio
Dilip Buildcon	0.09
HG Infra	0.28
Tata Power	0.38
Power Grid	0.39
Emami	0.39

સૌથી વધુ વળતરદાયી શેરો

સૌથી ઊંચુ ડિવિડંડ યીલ્ડ ધરાવતા ટોપ - ૫ સ્ટોક્સ

Investor Earn as Div. for Every Rs.100/- Invested

Co. Name	Hig.Div. Yield
PFIZER	8.58
Engineers India	6.00
Embassy Office	5.14
Jyothy Labs.	5.03
Power Grid	4.74

ઓછા જોખમી-૫ સ્ટોક્સ

ડાઉન સાઈડ રીસ્કની નહિવત સંભાવના ધરાવતા

Co. Name	Lowest Downside Risk
Dr. Reddy's	1.21
HUL	1.33
CIPLA	1.37
Alkem Labs.	1.38
PFIZER	1.39

TOP 10 COMPNAIES WHERE MUTUAL FUNDS INCREASED STAKE CONSECUTIVELY FOR 5 QUARTERS

Co. Name	MF Holdings (%)	MF % Increase in 1 Year	Promoter Holdings %
EMAMI Ltd.	24.87	11.72	52.74
V-Mart	15.10	9.48	51.99
DCB Bank	26.85	9.37	14.88
Wheels India	16.86	9.37	63.27
La-Opala RG	14.02	7.87	65.64
Ultratech Cement	10.51	7.50	60.04
ARVIND Fashion	17.66	7.09	35.58
CCL Products	7.34	6.84	45.84
CIPLA	16.93	6.66	36.68
CYIENT	19.81	6.29	22.87

as on Q4 FY20

TOP DIVIDEND PAYERS FOR FY-20

Company	Dividend (Rs. Cr.)	YoY Ch. (%)
TCS	27375.00	305.3
ITC	12476.60	77.00
Infosys	7451.5	0.00
Coal India	7395.3	-8.8
Hindustan Zinc	6971.3	-17.5
ONGC	6200.2	-28.6
HUL	5400.00	126.7
Power Grid	5231.6	20.00
Reliance Ind.	4120.4	7.00
Indian Oil	4001.00	-54.00
Top-10	86712.7	31.6
Total	190880.0	6.5

Smart Education : Ankit Gala : buzzpublishing@gmail.com

Profit & Loss of a Company : Part 3

Last week we had seen details of some of the components of Profit & Loss Account of a company and again this week we shall see details of remaining components of Profit & Loss Account of a company.

અપવાદરૂપ ચીજો અને ટેક્સ પહેલાનો નફો -

અપવારૂપ ચીજોને ધ્યાનમાં લેતાં પહેલાં કુલ આવકોમાંથી કુલ ખર્ચને બાદ કરીને તેની ગણતરી કરવામાં આવે છે.

Cont...

Particulars	Cur. FY	Prev. FY
I. Income		
1. Revenue of Operations (a)		
2. Other Revenues (b)		
3. Total Income (a + b)		
II. Expenses		
1. Cost of Materials Consumed (1)		
2. Purchase of Stock in Trade (2)		
3. Changes in Inventories of Finished Goods, Work-in Progress and Stock-in-Trade (3)		
4. Employee Benefit Expenses (4)		
5. Finance Cost (5)		
6. Depreciation and Amortisation (6)		
5. Other Expenses (7)		
6. Total Expenses (1+2+3+4+5+6+7)		
III. Profit Before Exceptional Items and Tax (I – II)		
IV. Exceptional Items		
V. Profit Before Tax (III – IV)		
VI. Tax Expense		
1. Current Tax		
2. Deferred Tax		
VII. Net Profit (V – VI)		
VII. Earnings Per Share (EPS)		
1. Basic EPS		
2. Diluted EPS		

અપવાદરૂપ ચીજો -

અપવાદરૂપ ચીજો અસામાન્ય રીતે મોટી અને અસામાન્ય વ્યવહાર હોય છે, જે સામાન્ય રીતે વન-ટાઇમ ચાર્જ અથવા આવક તરીકે રેકોર્ડ કરવામાં આવે છે તેમજ ભવિષ્યમાં તે ફરીથી થવાની સંભાવના નથી હોતી.

કર પહેલાં નફો -

૨ પહેલાં નફો (પીબીટી) કંપનીના નફાને દર્શાવે છે, જેના ઉપર કંપનીઓ કોર્પોરેટ ઇન્કમ ટેક્સ ચૂકવવાનો રહે છે. કંપનીની કુલ આવકમાંથી ચૂકવવાપાત્ર વેરાને છોડીને તમામ ખર્ચ બાદ કરીને પીબીટી પ્રાપ્ત કરવામાં આવે છે. જો કોઇ અપવાદ ચીજ હોય તો તેને પણ બાદ કરવામાં આવે છે.

વેરા -

કંપનીએ ચૂકવવા પાત્ર ટેક્સ કે જેમાં વેરા પાત્ર નફા અને ડિફર્ટ ટેક્સ ઉપર ચૂકવાતા વેરા સામેલ છે.

ચોખ્ખો નફો -

કર પહેલાંના નફામાંથી ટેક્સની રકમ બાદ કરીને પ્રાપ્ત થતી રકમ એટલે ચોખ્ખો નફો અથવા વેરા બાદનો નફો. તે નફા અને નુકશાન ખાતામાં સૌથી નીચે હોય છે અને તેથી તેને કંપનીના બોટમ લાઇન તરીકે પણ ઓળખવામાં આવે છે.

બેઝિક અને ડાઇલ્યુટેડ અર્નિંગ્સ પર શેર -

અર્નિંગ્સ પર શેર (ઇપીએસ) ફંડામેન્ટલ વિશ્લેષણમાં મોટાભાગે ઉપયોગમાં લેવાતો ફાઇનાન્સિયલ રેશિયો છે. તેમાં બેઝિક ઈપીએસ અને ડાઇલ્યુટેડ ઇપીએસ સામેલ છે. બેઝિક ઈપીએસ કંપનીની કુલ આવક સાથે બાકી રહેલાં શેર્સની સંખ્યા સાથે વિભાજીત કરીને ગણતરી કરાય છે.

બેઝિક ઈપીએસ = પ્રોફિટ આફટર ટેક્સ / આઉટસ્ટેન્ડિંગ નંબર ઓફ શેર્સ

હવે જો કંપની પાસે આઉટસ્ટેન્ડિંગ કન્વર્ટિબલ પ્રેફરન્સ શેર્સ, કન્વર્ટિબલ ડેટ, ઇચક્વટી ઓપ્શન્સ (મુખ્યત્વે કર્મચારી આધારિત ઓપ્શન્સ) અને વોરન્ટ્સ જેવી કન્વર્ટિબલ સિક્યુરિટીઝ હોય તો નીચે દર્શાવ્યાં પ્રમાણે ડાઇલ્યુટેડે ઇપીએસની ગણતરી થાય છે.

ડાઇલ્યુટેડ ઈપીએસ = પ્રોફિટ આફટ ટેક્સ / (આઉટસ્ટેન્ડિંગ નંબર ઓફ શેર્સ કન્વર્ટિબલ સિક્યુરિટીઝ)

આગામી સપ્તાહે આપણે કંપનીના કેશ ફ્લો સ્ટેટમેન્ટ વિશે જાણકારી પ્રાપ્ત કરીશું.

To learn Fundamental Analysis you can read the book Fundamental Analysis of Shares by Ankit Gala & Khushboo Gala. Book is available in English.

SMART IT

By Vijaya Kittu M, GetPaidIndia.com

The author feels that investors need to study sectoral trends from time to time. He is on WhatsApp at +91 98495 19188

૧. વૈશ્વિક અર્થતંત્ર અને બિઝનેસમાં નબળાઇ હોવા છતાં પણ સોદા ધીમી ગતિએ આગળ વધી રહ્યાં હોવાનો સંકેત વૈશ્વિક આઇટી કન્સલ્ટિંગ લીડર્સે આપ્યો છે. આ સૂચવે છે કે આઇટી સેક્ટર ઉપર કોરોના મહામારીની અસર અપેક્ષા કરતાં ઓછી રહેશે.

૨. બજારના અંદાજો મૂજબ ટિયર-૧ આઇટી કંપનીઓ વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકગાળામાં આવકમાં ૪થી૬ ટકાનો ઘટાડો નોંધાવે તેવી સંભાવના છે. તેની તુલનામાં ટિયર-૨ કંપનીઓ ડોલરની દ્રષ્ટિએ આવકમાં ૪.૫ ટકાથી ૮.૧ ટકાનો ઘટાડો નોંધાવી શકે છે. પ્રવાસન ખર્ચમાં ઘટાડાને કારણે આવકોમાં નુકશાન ઘટશે.

૩. વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકગાળામાં માગ અને પુરવઠા સામેના અવરોધોને જો રોકાણકારો ધ્યાનમાં રાખે તો ટીસીએસના પરિણામો યોગ્ય ગણી શકાય. કંપનીનો ત્રિમાસિક નફો ૧૯ ટકા ઘટ્યો છે, પરંતુ મેનેજમેન્ટે બીજો ત્રિમાસિકગાળો સારો રહેવાનો સંકેત આપ્યો છે કારણકે ગ્રાહકોએ વિલંબમાં પડેલા પ્રોજેક્ટ્સને ફરીથી શરૂ કર્યાં છે અથવા નવા ટ્રાન્સફોર્મેશન પ્રોજેક્ટ્સ હાથમાં લીધા છે. મજબૂત ડિજિટલ ક્ષમતાઓ (ક્લાઉડ, ડિજિટલ વર્કપ્લેસ, સાયબરસિક્યુરિટી વગેરે) સમીક્ષા હેઠળના સમયગાળામાં જોવા મળી છે. ઉલ્લેખનીય છે કે ટીસીએસ વિવિધ સેગમેન્ટમાં અગ્રેસર રહી છે અને યુએસ સરકાર દ્વારા એચ-૧બી વિઝા ઉપર પ્રતિબંધની જાહેરાતની કંપની ઉપર ખાસ અસર સર્જાશે નહીં. તે ભારતીય આઇટી કન્સલ્ટિંગ સર્વિસિસ સેક્ટર માટે બેન્ચમાર્ક તરીકે કામ કરે છે. ત્રિમાસિક ઇપીએસ રૂ. ૧૮.૭ રહ્યો છે. આઇટી ક્ષેત્રની અગ્રણી કંપની હોઇ તેમાં સારા વેલ્યુએશન મળી રહે છે.

૪. ઈન્ફોસિસના ચેરમેન નંદન નિલેકાનીએ જણાવ્યું છે કે ખર્ચમાં ઘટાડો અને ઓટોમેશન દ્વારા મહામારીના સમયમાં કંપનીને મદદ મળી રહે છે. તેમણે કહ્યું છે કે ગ્રાહકો ઓછી કંપનીઓ સાથે કામ કરવા ઉપર ધ્યાન આપી રહ્યાં છે. આ વચ્ચે કંપનીએ યુએસમાં કોવિડ કેસોમાં વધારાને જોતાં સાન ફ્રાન્સિસ્કોથી ૨૦૦ પરિવારોને બેંગ્લોર ચાર્ટડ પ્લેન દ્વારા પરત લાવવાની વ્યવસ્થા કરી હતી.

૫. કોગ્નિઝન્ટ ઇન્ડિયાના ચેરમેન અને એમડી રામકુમાર રામમૂર્થિએ પોતાની પસંદગીની કામગીરી કરવા રાજીનામું આપ્યું છે. રામકુમારે ૨૩ વર્ષ કંપનીમાં વિવિધ હોદ્દા ઉપર કામ કર્યું છે. બીજી તરફ ૨૪ વર્ષથી કંપની સાથે સંકળાયેલા ગ્લોબલ ડિલિવરી હેડ પ્રદિપ શિલિગેએ પણ રાજીનામું આપવાની જાહેરાત કરી છે.

૬. વર્ક-ફ્રોમ-હેમ કેટલાંક અંશે અથવા મહદ અંશે નવો ટ્રેન્ડ બનશે અને આઇટી સેક્ટરની કંપનીઓને ખર્ચમાં કાપ મૂકવામાં મદદરૂપ પણ બનશે. તેનાથી ઓફિસ માટેની જગ્યાઓની જરૂરિયાત આશરે ૩૦થી૫૦ ટકા ઘટશે. દેશના ટોચના ૭ શહેરોમાં ગ્રેડ એ ઓફિસ માટે વિશાળ જગ્યા ઉપલબ્ધ છે. ટીસીએસે કહ્યું છે કે વર્ષ ૨૦૨૫ સુધીમાં તેના આશરે ૪.૫ લાખ કર્મચારીઓ ઘરેથી કામ કરશે તથા એચસીએલ એક તૃતયાંશ અને બે તૃતયાંશ કર્મચારીઓ ઘરેથી કામ કરવાનું લક્ષ્ય રાખી રહ્યું છે.


SMART INVESTMENT

Hard Copy is available on Every Sunday Morning at your nearest book-stall

City	Agent's Name	Mobile No.	Landline No.
Ahmedabad	Pocket Book Centre	098240 77668	079-25508732
	Vinod Agency	098982 18921	079-25510104
	Mohsin Mansuri	098250 35928	079 - 25350794
Anand	Mistry News Agency	098251 73432	02692 - 251032
	Iliyas Book Stall	091733 95801	
Akola	Vishnu Book Seller	072424 39444	
Baroda	Shreenath News paper	098982 40228	9106956769
Bhuj	Modern Book Centre	9427434752	--
Baroda	A.G. Vora & Co.	098240 95716	--
Bhavnagar	Prem News Agency	094289 90615	
Bharuch	Falgun News Agency	098792 37236	
Gandhidham	A.H. Pandya	098252 37212	02836-220212
Jodhpur	Sarvoday Book Stall	8107589141	0291-26533734
Jamnagar	Paras News Agency	9426453636	2679597
Mehsana	Mahalaxmi Pustak Bhandar	098256 36988	9428458678
	Prakash Book Stall	8849416545	
Mumbai	Ashokbhai	9833831803	
Mumbai -Matunga	Alengo Book Stall	9870277195	--
Navsari	Jaydeep News Agency	098983 59235	
Nadiad	Nadiad Rly. Book Stall	087349 55156	
Rajkot	Thakkar News Aghency	099241 33518	0281-2233518
Surat	Surat Book Centre	0 98790 44220	0261-2431158
Udaipur	Kailash Book Center	098291 36695	0294-2561145
VAPI	Om News Agency	099242 84109	
Valsad	Paresh News Agency	091733 59444	


More detail about Subscription

http://www.smartinvestment.in/subscribe.php?typ=subscribe



SMART BUY OF THE WEEK

Dark Horse



Some successful recommendations of Smart Buy of the Week (Smart Dark Horse)

Recommended Dt.	Stocks	Recomm. Price	High after Recomm.	Gain (%)
18th May 20	SREE RAYALASEEMA	98.4	157.3	60%
1st June 20	WPIL LTD	348.3	479.9	38%
Last week	TERA SOFTWARE	25	36.5	46%
Last week	GSCL CEMENT	31.85	35	10%

Dark Horse-1

ANJANI PORTLAND CEMENT LTD (518091 & NSE) (137) (Face Value Rs.10) (NSE Symbol: APCL)

અંજની પોર્ટલેન્ડ સિમેન્ટ (એપીસીએલ) દક્ષિણ ભારતની સિમેન્ટ કંપની છે. કંપનીએ આન્ધ્ર પ્રદેશથી શરુ કરીને તામિલનાડુ, ઓરિસ્સા, કર્નાટક, કેરાલા અને મહારાષ્ટ્રના માર્કેટમાં પણ પોતાનો પગપેસારો કરી દીધો છે.

કંપનીની ઈક્વિટી રૂ.૨૫.૨૯ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૨૪૮.૬૩ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટર્સ ૭૫ ટકા અને પબ્લિક ૨૫ ટકા સ્ટેક ધરાવે છે.

Particulars	Year Ended		
	FY20	FY19	% Var.
Sales	408.93	437.47	-6.52
PBT	63.56	36.65	73.42
PAT	40.35	23.16	74.22

Month of Latest High	August 2017
High price	296.8
CMP	137
Discount from high	54%

નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૪૦૮.૯૩ કરોડનું વેચાણ હાંસલ કર્યું છે જ્યારે કંપનીનો નફો ૭૪.૨૨ ટકા વધીને રૂ.૪૦.૩૫ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૧૫.૯૬ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૮.૬ના સાવજ નીચા પીઈથી ક્વોટ થઇ રહ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૧૭માં કંપનીએ ૧૦ ટકા, નાણાકીય વર્ષ ૨૦૧૮માં ૨૦ ટકા, નાણાકીય વર્ષ ૨૦૧૯માં ૨૫ ટકા ડીવીડન્ડ ચુકવનાર આ કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે સીધું જ ૫૦ ટકા ડીવીડન્ડ જાહેર કર્યું છે અને ડીવીડન્ડ માટે ૧૩ ઓગસ્ટ ૨૦૨૦થી બુક બંધ રાખી છે.

સિમેન્ટ સેક્ટરની લગભગ બધી જ કંપનીઓએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં સુંદર પરિણામો દર્શાવ્યા છે અને હાલમાં જ દક્ષિણ ભારતમાં સિમેન્ટ કંપનીઓએ ભાવમાં પણ વધારો કર્યો છે જેનો ફાયદો આ કંપનીને પણ આવનાર સમયમાં મળી શકે છે.

વર્તમાન ભાવે આ સ્ટોક રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે. રોકાણકારોએ રૂ.૧૨૦ના સ્ટોપ લોસ સાથે મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરી શકાય.

Cont....

Dark Horse-2

NAVKAR CORPORATION LTD
(539332 & NSE) (29) (Face Value Rs.10)

૧૧ મે ૨૦૨૦ના રોજ આ સ્ટોક સ્માર્ટ ડાર્ક હોર્સમાં રૂ.૨૩.૯૦માં જણાવ્યો હતો અને અમારી ભલામણ બાદ સ્ટોક ઉપરમાં રૂ.૩૨.૮૦નો આંક દર્શાવી ચુક્યો છે. એટલે કે સ્ટોકમાં ઓલરેડી અમારી ભલામણ બાદ ૩૭ ટકાનું સુંદર રીટર્ન મળ્યું છે. સ્ટોક ટેકનીકલી અને ફંડામેન્ટલી વર્તમાન ભાવે પણ રોકાણ માટે ખુબજ આર્કષક લાગી રહ્યો છે અને એટલે અમે આ સ્ટોક માટે ફરીથી વિગતવાર ચર્ચા કરી રહ્યા છીએ.

Particulars	Year End Ended		
	FY20	FY19	Var.%
Sales	567.10	482.58	17.51
Operating Pr.	166.29	152.60	8.97
PBT	77.41	68.71	12.66
TAX	32.10	15.89	102.01
PAT	45.31	52.82	-14.22

Month of Latest High	**May 2017**
High price	**247**
CMP	**29**
Discount from high	**88%**

નવકાર કોર્પોરેશન લીમીટેડ કન્ટેનર ફ્રેઈટ સ્ટેશન અને ઈનલેન્ડ કન્ટેનર ડેપો ઓપરેટ કરતી કંપની છે. કંપની ટોટલ ત્રણ કન્ટેનર ફ્રેઈટ સ્ટેશન યાર્ડ ઓપરેટ કરે છે જેમાંથી બે યાર્ડ આજીવલી (મહારાષ્ટ્ર) ખાતે આવેલા છે જયારે એક યાર્ડ સોમાથાને રાઈગઢ મહારાષ્ટ્ર ખાતે આવેલ છે. ત્રણેય યાર્ડની મળીને ટોટલ ક્ષમતા ૫૩૫૦૦૦ ટીઈયુ પ્રતિ વર્ષ છે. કંપની પાસે સોમાથાને યાર્ડમાં પ્રાઈવેટ રેલ્વે ફ્રેઈટ ટર્મિનલની પણ ૩ ટ્રેક સાથેની પરવાનગી છે. કંપનીની ઈનલેન્ડ કન્ટેનર ડેપો (ICD) ફેસીલીટી વાપી વલસાડ નજીક ઉમરગાવ ખાતે આવેલી છે જેની કુલ ક્ષમતા ૫૦૦૦૦૦ ટીઈયુ પ્રતિ વર્ષ છે. કંપની આ આઈસીડીમાં ૪ ટ્રેક સાથે ફ્રેઈટ ટ્રેન ફેસીલીટી ધરાવે છે. કંપનીની ઈક્વિપમેન્ટ બેંકમાં ૯૪૦ ટ્રેઈલર્સ થી લઈને વિવિધ પ્રકારના સ્પેશીયલ વાહનોનો સમાવેશ થાય છે.



કંપનીની ઈક્વિટી રૂ.૧૫૦.૫૨ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૬૪૮.૭૩ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૬૯.૦૩ ટકા, ***મ્યુચ્યુઅલ ફંડ્સ ૭.૬૭ ટકા, જાણીતા રોકાણકાર મુકુલ અગ્રવાલ ૧.૫૯ ટકા, કુશલ જયેશ ખાંડવાલા ૧.૦૮ ટકા અને પબ્લિક ૨૦.૬૩ ટકા સ્ટેક ધરાવે છે.***

નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનું વેચાણ ૧૭.૫૧ ટકા વધીને રૂ.૫૬૭.૧૦ કરોડ થયું છે. ઓપરેટીંગ પ્રોફિટ ૮.૯૭ ટકા વધીને રૂ.૧૬૬.૨૯ કરોડ થયો છે જયારે કંપનીનો નેટ પ્રોફિટ રૂ.૪૫.૩૧ કરોડ રહ્યો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે રૂ.૩.૦૧ની ઈપીએસ હાંસલ કરી છે અને વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૯.૬૫ના સાવજ નીચા પીઈ રેશિયોથી ક્વોટ થઇ રહ્યો છે.

કંપની ઓગસ્ટ ૨૦૧૫માં રૂ.૧૫૫ના ભાવે આઈપીઓ લાવી હતી અને ત્યાર બાદ ૨૦૧૭માં કંપનીએ રૂ.૧૮૩ના ભાવે કયુઆઈપી ઇસ્યુ પણ કર્યો હતો જેની સામે આ સ્ટોક હાલમાં ખુબજ નીચેના ભાવે ક્વોટ થઇ રહ્યો છે. કંપનીએ લીસ્ટીંગ બાદ ક્યારેય પણ નુકશાની દર્શાવી નથી અને લીસ્ટીંગ બાદ કંપનીનો ઓપરેટીંગ પ્રોફિટ છેલ્લા ૫ વર્ષોમાં અનુક્રમે રૂ.૧૩૪ કરોડ, રૂ.૧૩૯ કરોડ, રૂ.૧૬૭ કરોડ, રૂ.૧૫૩ કરોડ અને રૂ.૧૬૬.૨૯ કરોડ રહ્યો છે.

વર્તમાન ભાવે આ સ્ટોક રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે. રોકાણકારોએ રૂ.૨૪ના સ્ટોપ લોસ સાથે મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરી શકાય.

Stock Buzz

Subramanian Mahadevan
dolphincapital@gmail.com



IRB Infrastructure Developers (Rs.121.00)

Nice Highway!

ભારતની ખાનગીક્ષેત્રની મોટી રોડ અને હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર્સ પૈકીની એક આઈઆરબી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર્સ લિમિટેડ (આઈઆરબી)ની સ્થાપના વર્ષ ૧૯૯૮માં થઈ હતી. કંપનીના પોર્ટફોલિયોમાં ૨૩ પ્રોજેક્ટ્સ છે, જેમાં ૨૦ બીઓટી અને ત્રણ એચએએમ પ્રોજેક્ટ્સ છે. બીઓટી સેગમેન્ટમાં સાત કાર્યરત પ્રોજેક્ટ્સ, ટોલિંગ અને કન્સ્ટ્રક્શન હેઠળ ચાર પ્રોજેક્ટ્સ, ઓએન્ડએમ હેઠળ સાત પ્રોજેક્ટ્સ સામેલ છે. આ ઉપરાંત વધુ બે પ્રોજેક્ટ્સનું બાંધકામ ચાલી રહ્યું છે.

એચએએમ સ્પોસમાં એક પ્રોજેક્ટ્સનું નિર્માણ ચાલી રહ્યું છે તથા વધુ બે માટે એનએચએઆઈ પાસેથી એપાઈન્ટેડ તારીખની રાહ જોવાઈ રહી છે. કંપનીએ ઈન-હાઉસ કન્સ્ટ્રક્શન આર્મ સાથે ઈન્ટિગ્રેટેડ બિઝનેસ મોડલ અપનાવ્યું છે, જે મોટા પ્રોજેક્ટ્સના બીડીંગમાં સ્પર્ધાત્મક લાભ પ્રદાનકરે છે તેમજ બીઓટી એસેટ પાસેથી સમગ્ર વેલ્યુ પ્રાપ્ત કરે છે. ઉલ્લેખનીય છે કે વિશ્વભરમાં ભારતમાં મોટું રોડ નેટવર્ક પૈકીનું એક છે, જે કુલ ૫.૮૯ મિલિયન કિમીમાં પથરાયેલું છે. દેશમાં કુલ માલસામાનના ટ્રાન્સપોર્ટમાં ૬૫ ટકા રોડ ટ્રાન્સપોર્ટ તેમજ કુલ પેસમેન્જર ટ્રાફિકમાં ૯૦ ટકા આ રોડ નેટવર્ક દ્વારા થાય છે.

મહત્વપૂર્ણ છે કે ભારતમાં શહેરો, નગરો અને ગામડાઓ વચ્ચેના જોડાણમાં સુધારો થતાં રોડ ટ્રાન્સપોર્ટમાં તબક્કાવાર રીતે વધારો થયો છે. સરકારે આગામી એક વર્ષમાં ૧૦,૦૦૦ કિમીથી વધુ નેશનલ હાઈવેના નિર્માણનું મહાત્વાકાંક્ષી લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. આ સેક્ટરમાં જંગી રોકાણ થઈ રહ્યું છે તથા છેલ્લાં કેટલાંક વર્ષોનું રૂ. ૫૨૦ અબજનું રોકાણ ત્રણ ગણું વધીને હાલ રૂ. ૧૬૦૦ અબજ થયું છે. સરકાર રોડ અને શિપિંગ સેક્ટરમાં કોર્પોરેટ રોકાણને બળ આપવાનો ઉધ્દેશ્ય ધરાવે છે તથા બિઝનેસને અનુકૂળ વ્યૂહ પણ રજૂ કરી રહી છે, જેથી પ્રોજેક્ટનું અસરકારક અમલીકરણ કરી શકાય.

આઈઆરબી એમપી એક્સપ્રેસવે સ્પોશિયલ પર્પઝ વિહિકલ છે અને તાજેતરમાં ભારતના સૌથી મોટા ટોલ-ઓપરેટ-ટ્રાન્સફર મુંબઈ પૂના એક્સપ્રેસવે પ્રોજેક્ટ પૂર્ણ કર્યો છે. કંપની છેલ્લાં ૧૫ વર્ષથી તેનું સંચાલન કરી રહી હતી તેમજ વધુ ૧૦ વર્ષ અને બે મહિના માટે કોન્ટ્રેક્ટ મેળવ્યો છે. કુલ સબ-કન્સેશન ફી રૂ. ૮,૨૬૨ કરોડ છે, જેમાંથી આઈઆરબીએ એમએસઆરડીસીને રૂ. ૬,૫૦૦ કરોડ ચૂકવ્યાં છે તથા બાકીની રકમ આગામી વર્ષોમાં ચૂકવાશે.

કોવિડ-૧૯ની અસર હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦ના ચોથા ત્રિમાસિકગાળામાં આઈઆરબીની કામકાજમાંથી આવકો ૧૮ ટકા ઘટીને રૂ. ૧,૫૮૪ કરોડ થઈ છે તેમજ ઈબીઆઈડીએ ૧૩ ટકા ઘટીને રૂ. ૬૫૪ કરોડ થયો છે. આ દરમિયાન સંયુક્ત ચોખ્ખો નફો રૂ. ૧૫૪ કરોડ નોંધાયો છે. રોકાણકારો વર્તમાન કિંમતે આઈઆરબીમાં રોકાણ કરી શકે છે તથા આગામી વર્ષોમાં બે આંકડામાં વળતરની સંભાવનાને ધ્યાનમાં રાખી શકાય.

Technical Trading Trends

- Parag Salot
(SEBI Registered Research Analyst)
M. : 91-9930011789



Nifty Overview :- In Last Trading Session, Nifty closed at 10772. Everyone's expecting correction after a sharp bounce back but markets not holding back, instead moving up week on week. Now Nifty has reach the highest point of resistance and the last resistance is 10900 to 11250. Nifty has to correct at those levels. Nifty near support is at 10600 and far support is at 10200 levels. Any upside move will bring selling pressure on Nifty.

Bank Nifty Overview : In Last Trading Session, Bank Nifty closed at 22425. Bank Nifty is still bit far from its ultimate resistance of 24900. If there has to be up move then Bank Nifty has to participate. Nifty support is at 21800/21200 and resistance at 24900.

Caution: It seems that there is going be tug of war between Bulls & Bears. Expect Swing Trades to happen every now and then. The Only Magic Mantra, although difficult is "Sell at rise and Buy in dips".

Trading Results

Scrip Name	BSE Code	Buy / Sell	Enter at	Did High/ Low	Remarks
Adani Ent	512599	Buy	155	170	Target Achieved
Asian Paints	500820	Buy	1694	1759	Target Achieved
Cummins	500480	Buy	411	439	Target Achieved
Zee	505537	Buy	171	183	Target Achieved
Chola Fin	504973	Sell	217	206	Target Achieved

Trading Buy

Scrip Name	BSE Code	Last Close	Enter at Between	1st Tgt.	2nd Tgt.	Stop Loss
Adani Ent	512599	159	150/155	165	180	145
Canara Bank		104	90/95	105	115	80
Century Tex		314	300/305	315	330	295
Sun Pharma		494	480/485	495	510	475
Tata Motors	500570	107	100/105	115	125	95
Zee	505537	170	160/165	175	190	155

Trading Sell

Scrip Name	BSE Code	Last Close	Enter at Between	1st Tgt.	2nd Tgt.	Stop Loss
Bajaj Auto		2895	3000/3050	2950	2850	3100
IGL		410	450/455	445	430	465
Tata Consumer		432	435/440	425	405	452

Note: All calls are momentum calls based on technical analysis and all levels as per future prices (If scrip not available in futures then BSE Cash price). All these calls are given based on daily charts but intra-day signals are equally important to enter the trade in a timely manner. Timing is very important and we at shareinfoline.com give you timely calls based on intra-day charts. Read Disclaimer at ShareInfoline.com

Smart Education - Yog Joshi

Technical Analysis
From
Basic to Advance




Dow Theory - Charles Henry Dow
Father of Technical Analysis

મિત્રો,

આશા રાખું છે કે આપ સર્વે આનંદ મા અને સ્વસ્થ હશો...!!!


આપણે પાછળ ના અંક મા " **ભાવ ભગવાન છે** " ટોપિક પર ખુબ જ વિસ્તાર થી ચર્ચા કરી હતી
આશા રાખું છુ કે તે આર્ટિકલ આપ સૌને પસંદ આવ્યો હશે...

આજે વાત કરીશું ખુબજ અગત્ય ના ટોપિક પર કે જેને Technical Analysis ના પાયા ના મૂળભૂત સિદ્ધાંત તરીકે પણ ઓળખવા મા આવે છે અને તેને આપણે સૌ "Dow Theory" તરીકે ઓળખીયે છીએ.



મેં એવું પણ ગણી વખત જોયું છે કે સ્ટોક માર્કેટ સાથે લાંબા સમય થી સંકળાયેલા ગણા લોકો Dow Theory વિશે જાણતા નથી હોતા કે જે સ્ટોક માર્કેટ Technical Analysis ના પાયા ના મૂળભૂત સિદ્ધાંત તરીકે ઓળખાય છે, એટલે કે આપણે પાયા ની મૂળભૂત બાબત વિશે જ ઊંડાણ પૂર્વક ની કે પુરી સમજ નથી હોતી જે ખુબજ જરૂરી છે


તો આજે વાત કરીશું ખુબજ ઊંડાણથી Dow Theory વિશે, Dow Theory ની ચર્ચા એકજ આર્ટિકલ માં શક્ય ન હોવાથી આવનારા અંકો માં પણ આપણે આ ચર્ચા ને આગળ વધારીશું



પહેલા વાત કરીયે Charles Dow વિશે : -

Charles Dow, Dow Jones and Company ના સ્થાપક હતા અને **Wall Street Journal** ના પ્રથમ editor હતા, આજે આપણે સૌ **Dow Jones Index** ને જાણીયે છીએ તે તેમના નામ પરથી જ ઓળખાય છે

તેમને Year ૧૯૦૦ -૧૯૦૨ દરમ્યાન ગણા બધા આર્ટિકલ લખ્યા કે જે સ્ટોક માર્કેટ, અને દેશ ની ઈકોનોમી ને લગતા હતા અથવા એ બંને વચ્ચે કંઈક સંબંધ દર્શાવતા હતા, Charles Dow એવું માનતા હતા કે Stock Market Index એ દેશ ની ઈકોનોમી નું બેરોમીટર છે, જો કોઈ પણ દેશ ના Stock Market Index ઉતરો ઉત્તર વધતા હોય એટલે કે આપણે આગળ ના આર્ટિકલ માં સમજ્યા તે પ્રમાણે જો Index ઉપ ટ્રેન્ડ માં હોય તો દેશ ની ઈકોનોમી ને સારી કન્ડિશન માં ગણી શકાય અને તેથી ઉલટું જો કોઈ દેશ ના Stock Market Index જો ઉતરો ઉત્તર ઘટાડા તફરી વલણ દર્શાવે તો કહી શકાય કે જે તે દેશ ની ઈકોનોમી ખરાબ સમય માંથી પસાર થઇ રહી છે



Charles Dow એ આ બાબત ની ચર્ચા આજ થી ૧૦૦ Years પહેલા કરી હતી પણ આજે પણ તેમણે બતાવેલા સિદ્ધાંતો સ્ટોક માર્કેટ ફોલ્લૉ કરે છે

અહી એક વાત જાણવા જેવી છે કે Charles Dow એ પોતાની Dow Theory Published ન હતી કરી પણ એમના મૃત્યુ બાદ તેમના સહયોગી એવા William Hamilton અને Robert Rhea yu Charles Dow એ લખેલા આર્ટિકલ નું ઊંડાણ પૂર્વક વિશ્લેશણ કરીને ને તેને Dow Theory રૂપે પ્રસિદ્ધ કર્યા

જેને આપણે "The 6 tenets of Dow Theory" તરીકે ઓળખીયે છીએ, જે નીચે મુજબ છે

1. The Market Discounts Everything
2. There Are Three Primary Kinds of Market Trends -
   (માર્કેટ માં મુખ્યત્વે ત્રણ પ્રકાર ના Trend(વલણ) જોવા મળે છે)
3. Primary Trends Have Three Phases - (Primary Trend માં ત્રણ તબક્કા હોય છે)
4. Indices Must Confirm Each Other - Indices એકબીજા સાથે સુસંગત (Confirm) હોવા જોઈએ
5. Volume Must Confirm the Trend - Volume ટ્રેન્ડ સાથે કોન્ફીર્મ થવું જોઈએ
6. Trends Persist Until a Clear Reversal Occurs -
   કોઈ પણ ટ્રેન્ડ રિવર્સલ સિગ્નલ ના મળે ત્યાં સુધી કાયમ રહે છે

આવતા Week થી આ Educational Series માં આપણે ઉપર દર્શાવેલા દરેક tenets ની વિગતવાર ઊંડાણ પૂર્વક ચર્ચા કરીશું

આશા રાખું છુ કે સ્ટોક માર્કેટ ના બેઝિક પ્રિન્સિપાલ એટલે કે "Dow Theory" પર ના આર્ટિકલ આપ સર્વે વાચક મિત્રો માટે રસપ્રદ બની રહેશે.

TECHNICAL TALK

Dhananjay Kadam
TECHNICAL ANALYST, M. 7588622374



Corrections Are Temporary, Growth Is Permanent

- માર્કેટ મૂડ ઈન્ડેક્સ ૭૭.૧૯ના સ્તરે સકારાત્મક કામગીરી દર્શાવે છે તથા સ્મોલ અને મીડ કેપ સ્ટોકમાં પ્રવૃત્તિ તેની સાબિતી છે.

● ઈન્ડિયા વીઆઈએક્સ – ૨૫.૭૬ ● યુએસ ડોલર - ભારતીય રૂપિયો – ૭૫.૨૦

● ડબલ્યુટીઆઈ ક્રૂડ – ૪૦.૦૫ ● બ્રેન્ટ ક્રૂડ – ૪૨.૮૦ ● નેચરલ ગેસ – ૧.૮૨૬

● ઓપેક બાસ્કેટ – ૪૩.૩૧

- સોનાના વિક્રમજનક ભાવ અને આંતરરાષ્ટ્રીય એર ટ્રાવેલ ઉપર પ્રતિબંધને કારણે જૂનમાં ભારતની સોનાની આયાત વાર્ષિક ધોરણે ૮૬ ટકા ઘટી છે. વર્ષમાં પ્રથમવાર ફિઝિકલ ગોલ્ડ પ્રીમિયમ ભાવે વેચાયું છે, જેનું મુખ્ય કારણ આયાતમાં ઘટાડો, બેરોજગારીનો ઉંચો દર તથા એશિયાઇ દેશોમાં ભાવમાં નોંધપાત્ર વધારો છે. વૈશ્વિક બજારોમાં હાજર સોનું ઔંસદીઠ ૧,૮૦૦ ડોલરને પાર કરી ગયું છે.

એફઆઈઆઈ અને ડીઆઈઆઈ પ્રવૃત્તિ – ૧૦.૦૭.૨૦૨૦

(રૂ. કરોડમાં) પ્રોવિઝનલ કેશ – ● એફઆઈઆઈ: -૧૦૩૧ ● ડીઆઈઆઈ: -૪૩૧.૨૧

KEI Ind (Last close Rs. 388.15) :

કેઈઆઈ ઈન્ડસ્ટ્રીઝ ૪૦૦ કેવી સુધીના લો ટેન્શન (એલટી), હાઈ ટેન્શન (એચટી) અને એક્સ્ટ્રા હાઈ વોલ્ટેજ (ઇએચવી) વગેરે પાવર કેબલ્સના ઉત્પાદન, વેચાણ અને માર્કેટિંગની કામગીરીમાં સંકળાયેલી છે. તે રિટેઇલ અને ઈન્સ્ટિટ્યુશનલ સેગમેન્ટ્સની જરૂરિયાત પૂર્ણ કરે છે.

52 weeks High / Low

614.70 / 208.30

Book Value: 168.34

Stock P/E: 13.53

Dividend Yield: 0.39 %

ROCE: 29.42 %

ROE: 26.30 %

Sales Growth (3Yrs): 22.04 %



<u>*ટેક્નીકલ્સ –*</u> દૈનિક ચાર્ટ્સ ઉપર ટ્રાયંગલ પેટર્નનું નિર્માણ થયું છે. આ સ્ટોકમાં રૂ. ૪૪૪ના ટાર્ગેટ સાથે વ્યૂહ અપનાવી શકાય. સ્ટોપ લોસ રૂ. ૩૭૦ અને સમયગાળો ૧૪ દિવસ છે.

Cont...

Granules India (Last close Rs. 234.15)

ગ્રેન્યુઅલ્સ ઈન્ડિયા લિમિટેડ ફાર્માસ્યુટિકલ કંપની છે, જે ફિનિશ્ડ ડોસેજ (એફડી), ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન ઈન્ટરમિડિએટ્સ (પીએફઆઈ) અને એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રિડિયન્ટ્સ (એપીઆઈ)નું ઉત્પાદન કરે છે. તે એપીઆઈ પોર્ટફોલિયો ઉપર કેન્દ્રિત છે તથા સૌથી અસરકારક અને ખર્ચ-કાર્યક્ષમ ઉત્પાદક તરીકે વૈશ્વિક સ્તરે ઉભરી આવવાની સંભાવના ધરાવે છે. તે ચાર એપીઆઈ એકમો તથા હૈદરાબાદ અને વિઝાગમાં એક ઈન્ટમિડિએટ એકમ દ્વારા ગ્રાહકોની જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

52 weeks High / Low

229.15 / 84.00

Book Value: 74.56

Stock P/E: 17.76

Dividend Yield: 0.44 %

ROCE: 14.75 %

ROE: 16.71 %



Sales Growth (3Yrs): 18.86 %

* Company has good consistent profit growth of 25.69% over 5 years.

<u>ટેકનીકલ્સ</u> – દૈનિક ચાર્ટ્સ ઉપર બુલિશ ફ્ગેલ બ્રેકઆઉટ જોવા મળી રહ્યું છે. આ સ્ટોકમાં રૂ. ૨૮૦-૨૯૪ના ટાર્ગેટ સાથે વ્યૂહ અપનાવી શકાય. સ્ટોપ લોસ રૂ. ૨૧૬ અને સમયગાળો ૧૮ દિવસ છે.

Sms Pharma (Last close Rs. 72.05)

એસએમએસ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ જથ્થાબંધ ડ્રગ્સ અને એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રિડિયન્ટ્સ (એપીઆઈ) અને ઈન્ટરમિડિએટ્સના ઉત્પાદન અને વેચાણમાં કાર્યરત છે. તે એપીઆઈ ઉત્પાદનમાં વૈશ્વિક સ્તરે અગ્રણી છે તથા અદ્યતન સુવિધાઓથી સજ્જ રિસર્ચ અને ઉત્પાદન ટીમ ધરાવે છે. તે ઈન્ટિગ્રેટેડ ફાર્મા કંપની છે, જે ૭૦થી વધુ દેશોમાં ઉપસ્થિતિ ધરાવે છે.

52 weeks High / Low

74.60 / 23.55

Book Value: 43.38

Stock P/E: 18.59

Dividend Yield: 0.35 %

ROCE: 15.96 %

ROE: 12.93 %



Sales Growth (3Yrs): -8.73 %

<u>ટેકનીકલ્સ</u> – દૈનિક ચાર્ટ્સ ઉપર બુલિશ ફ્લેગ બ્રેકઆઉટ જોવા મળી રહ્યું છે. આ સ્ટોકમાં રૂ. ૮૭ના ટાર્ગેટ સાથે વ્યૂહ અપનાવી શકાય. સ્ટોપ લોસ રૂ. ૬૭ અને સમયગાળો ૧૪ દિવસ છે.

Techno Funda sound stocks



Sachin Shah : (Mumbai)
growyourwealthwithsachin@gmail.com

Some of my successful past recommendations

Rec. Date	Co.	Rec. Price	High after Rec.	Change (%)
18th Nov-19	NAVIN FLOURINE	909	1777	95.49%
10th Feb-20	ALKYL AMINES	1455	2470	69.76%
27th April-20	LAURUS LAB	495	603.85	21.99%
15th June-20	DAAWAT	36	47.8	32.78%

DIAMINES & CHEMICALS LTD (500120) (335) (FV 10)

ડાયામાઈન્સ એન્ડ કેમિકલ્સ Ethyleneamines (EAs)ની ભારતમાં પાયોનીયર અને એક માત્ર ઉત્પાદક છે. કેમિકલ ઈન્ડસ્ટ્રીમાં કંપનીએ પાછલા વર્ષોમાં પોતાને સ્થાપિત કરી દીધી છે. કંપની પીપેરેઝીન અને પીપેરેઝીન સોલ્ટ ડેરિવેટિવ્ઝનું પણ ઉત્પાદન કરે છે જે ફાર્મા, એગ્રો કેમિકલ્સ, લુબ્રિકન્ટ, ફયુઅલ, એડીટીવ જેવા સેક્ટરમાં વપરાય છે.



FY20		FY19	
Sales	69.30	Sales	47.32
PAT	23.99	PAT	13.13
Sales Growth	46.45%	PAT Growth	82.71%

Technical Observations : :- સ્ટોક ૩૩૫ પાસે ટ્રેડ કરી રહ્યો છે. સ્ટોક હાલમાં ૫, ૧૦, ૨૦, ૫૦ અને ૨૦૦ દિવસની સિમ્પલ અને એક્સપોનેન્શીયલ મુવિંગ એવરેજીસથી ઉપર ટ્રેડ કરી રહ્યો છે. સ્ટોકમાં વર્તમાન ભાવે અને ઘટાડામાં ૧૫ થી ૧૮ મહિનાના ૪૬૦ના ટાર્ગેટ માટે રોકાણ કરી શકાય.

MAHINDRA EPC Irrigation Ltd
(523754 & NSE) (182) (FV 10)

મહિન્દ્રા ઈપીસી ઈરીગેશન માઈક્રો ઈરીગેશન સ્પેસમાં પાયોનીયર કંપનીઓમાની એક છે. કંપની એગ્રીકલ્ચર ઈરીગેશન સીસ્ટમ, લેન્ડસ્કેપ ઈરીગેશન સીસ્ટમ, ઈન્ડસ્ટ્રીયલ પાઈપ, પંપ સહીતના પ્રોડક્ટ્સ બનાવે છે. સરકારે એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર મોટા પાયે સ્પેન્ડીંગ કરવાની જાહેરાત કરી છે. જેનો ફાયદો મહિન્દ્રા ઈપીસી જેવી કંપનીઓને મળી શકે છે.



FY20		FY19	
Sales	283.96 crore	Sales	260.11 crore
PAT	23.29 crore	PAT	11.44 crore
Sales Growth	9.17%	PAT Growth	103.58%

Technical Observations : સ્ટોક ૧૮૨ પાસે ટ્રેડ કરી રહ્યો છે. સ્ટોક હાલમાં ૫, ૧૦, ૨૦, ૫૦ અને ૨૦૦ દિવસની સિમ્પલ અને એક્સપોનેન્શીયલ મુવિંગ એવરેજીસથી ઉપર ટ્રેડ કરી રહ્યો છે. સ્ટોકમાં વર્તમાન ભાવે અને ઘટાડામાં ૧૫ થી ૧૮ મહિનાના ૨૨૦ના ટાર્ગેટ માટે રોકાણ કરી શકાય.

શ્યોર શોટ્સ

- Dilip K. Shah

Jubilant Life (રૂ. ૭૧૦.૦૦) (કોડ : ૫૩૦૦૧૯)

જ્યુબીલન્ટ ગ્રુપની આ કંપની લાઈફ સાયન્સીસ સેગમેન્ટમાં સક્રિય છે. કંપની ખાસ કરીને લાઈફ સાયન્સ ઈન્ગ્રીડીયેન્ટ,ફાર્માસ્યુટિકલ અને ડ્રગ ડિસ્કવરી સોલ્યુશન જેવા ડીવીઝન ધરાવે છે. કંપની ગ્લોબલી ૧૦૦ થી વધારે દેશોમાં હાજરી ધરાવે છે અને કંપની વિશ્વની ટોપની ૧૦ કોન્ટ્રાક્ટ મેન્યુફેકચરિંગ કંપનીઓમાં છઠ્ઠું સ્થાન ધરાવે છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૭૨૯ અને ઘટીને રૂ.૨૩૦ જોવાયો છે. વર્તમાન ભાવે આ સ્ટોકની માર્કેટકેપ રૂ.૧૧૩૧૪ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૫૦.૬૮ ટકા અને પબ્લિક ૪૭.૧૨ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૩૫૨ છે. કંપની પાસે રૂ.૫૫૮૮ કરોડનું રીઝર્વ છે જયારે ઈક્વિટી માત્ર રૂ.૧૫.૯૩ કરોડ છે. કંપનીની કામગીરી ઘણી જ અનિશ્ચિત જોવા મળી છે. જોકે નાણાકીય વર્ષ ૨૦૨૦.માં કંપનીની આવક રૂ.૯૧૧૧ કરોડથી વધીને રૂ.૯૧૫૪ કરોડ થઇ છે જયારે નફો રૂ.૫૭૪ કરોડથી ઘટીને રૂ.૮૯૮ કરોડ થયો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૫૬.૩૯ની ઈપીએસ હાંસલ કરી છે. કોન્ટ્રાક્ટ મેન્યુફેકચરિંગ સેગમેન્ટમાં કંપનીની કામગીરી સતત મજબુત બની રહી છે અને આગળ જતા પણ આ કંપની સારો દેખાવ કરી શકે છે. આ સ્ટોક કેટલાક બ્રોકરોની પસંદનો સ્ટોક બની ગયો છે અને કરેકશનમાં નીચે આવ્યા બાદ સેન્ટીમેન્ટ સુધરતા સ્ટોક ફરીથી મજબુત સુધારો પણ જોવાયો છે. કંપનીમાં એફપીઆઈ પાસે ૨૭.૯૧ ટકા અને રાકેશ ઝુનઝુનવાલા પાસે ૪.૪૧ ટકા સ્ટેક છે.

Galaxy Surfactants (રૂ. ૧૫૬૨.૦૦) (કોડ : ૫૪૦૯૩૫)

બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૭૯૦ અને ઘટીને રૂ.૯૭૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૫૫૩૮ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૭૦.૯૩ ટકા અને પબ્લિક ૨૯.૦૭ ટકા હિસ્સો ધરાવે છે. ખાસ કરીને કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડ્સ ૧૨.૭૭ ટકા અને એફઆઈઆઈ ૩.૨૫ ટકા હિસ્સો ધરાવે છે જયારે બાકીનો હિસ્સો પબ્લિક પાસે છે. ૧૯૮૬માં સ્થપાયેલી આ કંપની સર્ફેકટેન્ટ અને અન્ય સ્પેશીયાલીટી ઈન્ગ્રીડીએનટ્સનું ઉત્પાદન કરે છે જે પર્સનલ કેર અને હોમ કેરમાં વપરાય છે. કંપની રૂ.૧૪૮૦ના ભાવે ફેબ્રુઆરી ૨૦૧૮માં આઈપીઓ લાવી હતી અને લીસ્ટીગ બાદ સારો ગેઈન મળ્યો હતો જોકે માર્કેટને ખરાબ સેન્ટિમેન્ટમાં સ્ટોક એક રેંજમાં જ રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ સ્ટેબલ પરિણામો આપ્યા છે. કંપનીનું વેચાણ રૂ.૧૯૯૬ કરોડથી ઘટીને રૂ.૧૭૯૩ કરોડ થયું છે જયારે નફો રૂ.૧૬૮ કરોડથી વધીને રૂ.૧૮૨ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે રૂ.૫૧.૩૮ની ઈપીએસ હાંસલ કરી છે. કંપનીની ઈક્વિટી રૂ.૩૫.૪૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૮૫૪ કરોડનું રીઝર્વ છે. મ્યુચ્યુઅલ ફંડ હોલ્ડીગમાં ખાસ કરીને એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડ પાસે ૬.૮૦ ટકા હિસ્સો છે. માર્કેટના કરેકશનની સરખામણીમાં આ સ્ટોકમાં કરેકશન આવ્યું નથી અને જે રીતે કેમિકલ સ્ટોક્સમાં વેલ્યુબાઈંગ જોવાઈ રહ્યું છે એ જોતા આ સ્ટોકમાં કોઈ પણ ઘટાડામાં તબક્કાવાર રોકાણ કરી લેવાય. સ્ટોક લાંબાગાળે ખુબજ સુંદર રીટર્ન આપી શકે છે.

GHCL (રૂ. ૧૬૦.૦૦) (કોડ : ૫૦૦૧૭૧)

BSE ખાતે B ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૨૨૭ અને ઘટીને રૂ.૬૮.૮ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૫૨૩ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૧૯.૧૮ ટકા અને પબ્લિક ૮૦.૮૨ ટકા સ્ટેક ધરાવે છે. કંપની કેમિકલ, ટેક્સ્ટાઈલ અને સોલ્ટ ડીવીઝન ધરાવે છે. ખાસ કરીને કેમિકલ સેક્ટરમાં મજબુત દેખાવ જોવા મળી રહ્યો છે. કંપનીની ઈક્વિટી રૂ.૯૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૨૦૫૪ કરોડનું રીઝર્વ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૩૩૪૧ કરોડથી ઘટીને રૂ.૩૩૦૫ કરોડ થઇ છે જયારે કંપનીનો નફો રૂ.૩૫૧ કરોડથી વધીને રૂ.૩૯૭ કરોડ થયો છે. કંપનીએ ૧૨ મહિનામાં રૂ.૪૧.૭૫ની ઈપીએસ હાંસલ કરી છે. કંપનીના સ્ટોકમાં ડીએસપી, યુટીઆઈ, ફ્રેંક્લીન જેવા મ્યુચ્યુઅલ ફંડો ૧૬.૭૨ ટકા હિસ્સો ધરાવે છે. વિદેશી રોકાણકારો પણ આ કંપનીમાં ૧૪.૭૧ ટકા હિસ્સો ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૫૦ ટકા ડિવિડન્ડ ચુકવ્યું હતું જયારે નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૩૦ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચુકવ્યું છે. કંપની કેટલાક કેમિકલ બનાવે છે એની ઉપર સરકારે એન્ટી ડમ્પિંગ ડ્યુટી નાખી છે જેના લીધે કંપનીને હવે આવનાર સમયમાં ફાયદો થઇ શકે છે કેમકે બહારથી આયાત થતા કેમિકલના કારણે કંપનીના માર્જીન ઉપર અસર થતી હતી જેની સામે હવે કંપનીમાં માર્જીન સુધરતા જોવાઈ શકે છે. સ્ટોક તેના હરીફોની સામે ખુબજ સસ્તા વેલ્યુએશન ઉપર ટ્રેડ કરી રહ્યો છે ત્યારે સ્ટોકમાં રોકાણ માટે ધ્યાન રાખી શકાય.

Cont...

Shriram Transport Finance (રૂ. ૬૯૯.૦૦) (કોડ : ૫૧૧૨૧૮)

ફાયનાન્સ ક્ષેત્રે કાર્યરત આ NBFC કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનોભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૩૬૬ અને ઘટીને રૂ. ૪૪૦ જોવાયો હતો. યુઝડ વ્હીકલ્સ ખરીદવા માટે લોન લેવામાં ગ્રાહકોને રસ હોવાથી આ સેગ્મેન્ટમાં કંપનીની વૃદ્ધિ જળવાશે. કંપની ચાર દાયકાથી જૂના ટ્રકને રિફાઈનાન્સિંગનો અનુભવ ધરાવે છે. કંપનીએ યુઝડ કોમર્શિયલ વ્હીકલ્સ એયુએમમાં ૮ ટકા વૃધ્ધિ કરી હતી જ્યારે નવા કોમર્શિયલ વ્હીકલ્સ એયુએમ ૧૫ ટકા ઘટી હતી. કંપનીનો કેપિટલ એડીકવન્સી રેશિયો (CAR) ૨૨ ટકા છે. લોકડાઉન હટતા કંપનીનું કલેક્શન ધીમે ધીમે વધી રહ્યું છે. કંપની ગ્રામ્ય બજારોમાં હાજરી ધરાવે છે તેની ૧૭૫૮ બ્રાન્ચમાંથી ૮૪૧ બ્રાન્ચ ગામડાઓમાં છે. સારા વરસાદને અને ખેતીવાડીને કારણે ગામડાઓમાં યુઝડ વાહનોની માંગ વધી રહી ચે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૨૬.૨૫ ટકા અને પબ્લિક ૭.૭૫ ટકા છે. રૂ. ૧૫૮૦૩.૫૨ કરોડનું માર્કેટકેપ ધરાવતી આ કંપનીએ ગત વર્ષે ૫૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. બુકવેલ્યુ રૂ. ૭૯૩.૫૯ છે. જે વર્તમાન બજારભાવ કરતા વધુ છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ કોન્સોલીડેટ બેઝ ઉપર રૂ. ૪૧૭૩.૦૪ કરોડની આવક ઉપર રૂ. ૨૨૩.૩૮ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૩૮૮૦.૪૩ કરોડની આવક ઉપર રૂ. ૭૪૬.૦૪ કરોડનો નેટ નફો નોંધાવ્યો હતો. કંપની ક્વાર્ટર-૪ ના ચોખ્ખા નફામાં વાર્ષિક દોરણે ૭૦ ટકા ઘટાડો નોંધાવ્યો હોવા છત્તાં એનાલિસ્ટો આ કાઉન્ટર માટે બુલિશ છે.

Hindalco (રૂ. ૧૬૩.૦૦) (કોડ : ૫૦૦૪૪૦)

A ગ્રુપની આ કંપની એલ્યુમીનીયમના ઉત્પાદનમાં સક્રિય છે. શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૨૨૧ અને ઘટીને રૂ. ૮૫ જોવાયો છે. આદિત્ય બિરલા ગ્રુપની આ કંપની વિશ્વની સૌથી સસ્તા ભાવે એલ્યુમિનિયમ બનાવતી કંપની છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૩૪.૬૫ ટકા છે અને પબ્લિક ૬૫.૦૯ ટકા છે. માર્કેટકેપ રૂ. ૩૪૪૬૯.૨૪ કરોડ, બુકવેલ્યુ રૂ. ૨૦૨.૫૪ છે. જે વર્તમાન બજારભાવ કરતા વધુ છે. કંપનીએ ગત વર્ષે ૧૦૦ ટકા ડિવિડંડ ચુકવ્યું હતું કંપનીએ ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કોન્સોલીડેટ બેઝ ઉપર આવકમાં ૧૩.૧૨ ટકા ઘટાડા સાથે રૂ. ૨૯૩૧૮ કરોડ અને નેટ નફામાં ૪૩.૨૨ ટકાનો ઘટાડા સાથે રૂ. ૬૬૯ કરોડ દર્શાવ્યા છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૩૩૭૪૫.૬૨ કરોડની આવક ઉપર રૂ. ૧૧૭૮.૧૪ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. EBITDA ૪.૯૭ ટકા વધીને રૂ. ૪૧૪૬ કરોડ અને EPS ઘટીને ૩.૦૧ નો નોંધાવ્યો છે. કંપનીના પરિણામો જે ઘટાડો નોંધાવ્યો છે જે કોવિડ-૧૯ વિક્ષેપથી થયો છે. કંપની હિન્દાલ્કો અને નોવેલીસ બન્નેના કેપેક્સને ૪૦ ટકા સુધી ઘટાડી રહ્યા છે. રૂ. ૨૩૦૦ કરોડનું કેપેક્સ ધરાવતી આ કંપની રૂ. ૧૫૦૦ કરોડનું ખર્ચ કરશે. કંપની મહત્વપૂર્ણ પ્રોજેક્ટ સાથે ઉત્કલ સુવિધામાં વિસ્તરવા પ્રોજેક્ટ સામેલ છે. કંપનીએ ૧૯૮૨ માં ૧:૩, ૧૯૮૮માં ૧:૩, ૧૯૯૦માં ૩:૫ અને ૧૯૯૬માં ૧:૨ ના પ્રમાણમાં બોનસ શેર આપ્યા હતા. ૨૧ નવેમ્બર ૨૦૦૫માં ૧:૪ ના પ્રમાણમાં અને ૨૮ ઓગસ્ટ ૨૦૦૮માં ૩:૭ ના પ્રમાણમાં રાઈટ ઈસ્યુ કર્યા હતા. કંપનીએ ૩૦ ઓગસ્ટ ૨૦૦૫માં રૂ. ૧૦ ની ફેઈસવેલ્યુના શેરને રૂ. ૧ ની ફેઈસવેલ્યુમાં સ્પ્લીટ કરેલ છે. ટુંકાથી મધ્યમગાળે આ સ્ટોક આકર્ષક રીર્ટન આપી રહે.


Stock Wave

Sarvesh Ashok Trivedi
(Mumbai) (Mob) 09820728124
www.chartsanketstock.com

ઈન્ડેક્સ ૩૬૦૫૦ અને

નિફ્ટી ફ્યુચર ૧૦૬૦૫ મહત્વના સપોર્ટ

BSE Index (૩૬૫૯૪.૩૩) :- ૩૨૩૪૮.૧૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૩૬૭૪૮ ઉપર ૩૬૮૩૦ કુદાવે તો ૩૭૧૦૦, ૩૭૪૧૦, ૩૭૭૨૦ સુધીની શકયતા. નીચામાં ૩૬૨૩૪ નીચે ૩૬૧૧૦, ૩૬૦૫૦ સપોર્ટ ગણાય.



Bank Nifty Future (૨૨૪૨૫.૦૦) :- ૧૯૪૩૫.૮૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૨૮૨૦ ઉપર ૨૩૧૨૦ કુદાવે તો, ૨૩૩૫૦, ૨૩૫૫૦ સુધીની શકયતા. નીચામાં ૨૨૦૦૦ સપોર્ટ ગણાય.

Nifty Future (૧૦૭૭૨.૫૦) :- ૯૫૮૧.૯૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૦૮૦૫ ઉપર ૧૦૮૪૫ કુદાવે તો, ૧૦૮૮૫, ૧૦૯૮૦, ૧૧૦૫૦ સુધીની શકયતા. નીચામાં ૧૦૬૫૭ નીચે ૧૦૬૦૫ સપોર્ટ ગણાય.

Axis Bank (૪૩૯.૬૦) :- ૩૩૨.૮૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૪૬૧ ઉપર ૪૬૯ કુદાવે તો, ૪૮૬ સુધીની શકયતા. નીચામાં ૪૩૭ નીચે ૪૩૩ સપોર્ટ ગણાય.

Century Textiles (૩૧૫.૫૦) :- ૨૪૫.૧૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ તરફ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૩૨૭ ઉપર ૩૩૩, ૩૫૭ સુધીની શકયતા. નીચામાં ૩૦૮ સપોર્ટ ગણવો.

LIC (૨૭૫.૮૫) :- ૨૧૯.૨૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૯૨ અને ૩૦૦ કુદાવે તો, ૩૧૭, ૩૩૬ સુધીની શકયતા. નીચામાં ૨૭૧ સપોર્ટ ગણાય.

Reliance (૧૮૭૮.૦૫) :- ૧૩૯૩ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૮૮૫ ઉપર ૧૯૧૭, ૧૯૬૩ સુધીની શકયતા. નીચામાં ૧૮૧૫ નીચે ૧૭૯૦ સપોર્ટ ગણાય.

SBI (૧૯૫.૬૦) :- ૧૬૯.૨૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૧૨ ઉપર ૨૨૬, ૨૩૭ સુધીની શકયતા. નીચામાં ૧૮૮ સપોર્ટ ગણાય.

(ડિસક્લેમર : ઉપરોક્ત અભિપ્રાય ટેકનીકલ એનાલીસીસ આધારીત છે. એમાં લેખકનું કોઈ જ અંગત હિત નથી)

ઈર્શાદ :- "ટોળે વળે છે કોઈની દીવાનગી ઉપર
દુનિયાના લોક કેવા મિલનસાર હોય છે" - 'મરીઝ'



Dilip Davda
e-mail
dilip_davda@rediffmail.com

Expert's Eye

વોલેટાઇલ ટ્રેડ્સ વચ્ચે પણ
જુલાઇ ૨૦૨૦ના બીજા સપ્તાહમાં પણ સકારાત્મક કામગીરી
સતત ચોથા સપ્તાહે બજારમાં આગેકૂચ

ગત સપ્તાહે પ્રથમ સેશનનો પ્રારંભ ગેપ અપ ઓપનિંગ સાથે થયો હતો અને બજાર વધ્યાં સ્તરે બંધ આવ્યું હતું. ત્યારબાદ વૈશ્વિક બજારોના મિશ્ર વલણ તથા કોવિડ-૧૯ મહામારીના વધુ ફેલાવાની ચિંતાઓ પાછળ સામાન્ય સેન્ટિમેન્ટ ઉપર અસર વર્તાઇ હતી. વોલેટાઇલ ટ્રેડ્સ સાથે સપ્તાહના અંતે આખરે માર્કેટ વધીને બંધ આવ્યું હતું અને પરિણામે જુલાઇ ૨૦૨૦ના બીજા સપ્તાહમાં પણ બજાર પોઝિટિવ રહ્યું. એફઆઇઆઇ મુખ્ય ખરીદદાર રહ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે વોલેટાલિટી સાથે માર્કેટ રેન્જ બાઉન્ડ રહ્યાં. હકીકતમાં સતત ચોથું સપ્તાહે પણ બજારનું વલણ સકારાત્મક નોંધાયું છે.

ગત સપ્તાહે નિફ્ટી ૧૦૮૪૭.૮૫-૧૦૬૭૬.૫૫ તથા સેન્સેક્સ ૩૬૮૨૮.૪૩-૩૬૨૩૪.૧૭ની રેન્જમાં જોવા મળ્યો હતો.

સપ્તાહના અંતે નિફ્ટીએ કુલ ૧૬૦.૭૦ પોઇન્ટ્સ અને સેન્સેક્સે ૫૭૨.૯૧ પોઇન્ટ્સનો સુધારો હાંસલ કર્યો છે.

સોમવારે બજાર વધ્યાં સ્તરે ખુલીને નોંધપાત્ર વધારા સાથે બંધ આવ્યું હતું. નિફ્ટી ૧૫૬.૩૦ પોઇન્ટ્સ વધીને ૧૦૭૬૩.૬૫ અને સેન્સેક્સ ૪૬૫.૮૬ પોઇન્ટ્સ વધીને ૩૬૭૮૪.૨૮ના સ્તરે બંધ આવ્યો હતો. ભારત અને ચીન વચ્ચે સરહદ ઉપર તણાવમાં ઘટાડો, ચોમાસાની પ્રગતિ તથા મજબૂત વૈશ્વિક પ્રવાહો પાછળ સ્થાનિક બજારને બળ મળ્યું હતું. રિલાયન્સના નેતૃત્વ હેઠળ આઇટી, ઓઇલ અને ગેસ તથા મેટલ કાઉન્ટર્સમાં તેજી જોવા મળી હતી, જેને કેટલાંક મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સ તરફથી પણ ટેકો મળ્યો હતો. માર્કેટ બ્રેથ્ડ સાધારણ પોઝિટિવ હતી કારણકે મીડ અને સ્મોકલ કેપ સૂચકાંકોએ પણ બેન્ચમાર્ક સાથે આગેકૂચ કરી હતી. એફઆઇઆઇ અને ડીઆઇઆઇ મુખ્ય ખરીદદાર હતાં.

મંગળવારે પોઝિટિવ ઓપનિંગ બાદ બજારમાં બે તરફી વધઘટ થઇ હતી અને આખરે સાધારણ વધારા સાથે બંધ આવ્યું હતું.

Cont....

During the week PVR Ltd. announced rights issue in the ratio of 7 shares for every 94 shares held.

During the week dividend announcement came

Dynamic Ind (15%), Himatsingka Seide (10%),NBCC (13.5%), Praveg Commu (15%), Suyog Telematics (5%), A Infra (2%), Best Agro (1%),Sky Ind (5%), Arihant Capital (20%), HPL Elect (1.5%), Swelect Energy (7.5%),TCS (500%), GNVFC (50%), IRCTC (25%), IRCON (103%) etc.

નિફ્ટી માત્ર ૩૬ પોઈન્ટ્સ વધીને ૧૦૭૯૯.૬૫ અને સેન્સેક્સ ૧૮૭.૨૪ પોઈન્ટ્સ વધીને ૩૬૬૭૪.૫૨ના સ્તરે બંધ રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે ફંડ હાઉસિસે કેટલાંક બેન્કિંગ અને આઈટી કાઉન્ટર્સમાં ખરીદી જાળવી રાખતાં સૂચકાંકોમાં આગેકૂચ થઈ હતી. મેટલ, ઓઈલ અને ગેસની સાથે-સાથે મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સમાં વધ્યાં સ્તરે વેચવાલી નોંધાઈ હતી. મીડ અને સ્મોલ કેપ સૂચકાંકોએ સારું પ્રદર્શન કર્યું હોવા છતાં માર્કેટ બ્રેથ્ડ નેગેટિવ હતી. એફઆઈઆઈ મુખ્ય ખરીદદારો અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.

બુધવારે પણ બજારમાં પોઝિટિવ ઓપનિંગ થયું, પરંતુ ઉંચા સ્તરે પ્રોફિટ બુકિંગને કારણે પીછેહઠ થઈ હતી. નિફ્ટી ૯૩.૯૦ પોઈન્ટ્સ ઘટીને ૧૦૭૦૫.૭૫ અને સેન્સેક્સ ૩૪૫.૫૧ પોઈન્ટ્સ ઘટીને ૩૬૩૨૯.૦૧ના સ્તરે બંધ રહ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સાથે-સાથે બેન્કિંગ, ઓટો, આઈટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં પ્રોફિટ બુકિંગને કારણે આગેકૂચ અટકી હતી. મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સમાં પણ ઉંચા સ્તરે વેચવાલીનું જોર હતું. જોકે, એફએમસીજી અને મેટલ કાઉન્ટર્સમાં સકારાત્મક અહેવાલોને કારણે લેવાલી થઈ હતી. મીડ અને સ્મોલ કેપ સૂચકાંકોના સારા પ્રદર્શન થતાં માર્કેટ બ્રેથ્ડ સતત બીજા સત્રમાં નેગેટિવ રહી હતી. એફઆઈઆઈ અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.

ગુરુવારે બજારની મક્કમ શરૂઆત થઈ અને વધ્યાં સ્તરે બંધ આવ્યું. નિફ્ટી ૧૦૭.૭૦ પોઈન્ટ્સ વધીને ૧૦૮૧૩.૪૫ અને સેન્સેક્સ ૪૦૮.૬૮ પોઈન્ટ્સ વધીને ૩૬૭૩૭.૬૯ના સ્તરે બંધ આવ્યો હતો. બેન્કિંગ, મેટલ, ફાર્મા, આઈટી અને ઓટો કાઉન્ટર્સમાં નવેસરથી લેવાલીને કારણે બજારને બળ મળ્યું હતું. મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સ પણ આગેકૂચમાં સામેલ થયાં હતાં. માર્કેટ બ્રેથ્ડ સાધારણ પોઝિટિવ રહી હતી. એફઆઈઆઈ મુખ્ય ખરીદદાર અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.

Cont....

Nifty & Sensex Movement during the last week

Nifty	Open	High	Low	Close	Diff
06-Jul-20	10723.85	10811.4	10695.1	10763.65	156.3
07-Jul-20	10802.85	10813.8	10689.7	10799.65	36
08-Jul-20	10818.65	10847.85	10676.55	10705.75	-93.9
09-Jul-20	10755.55	10836.85	10733	10813.45	107.7
10-Jul-20	10764.1	10819.4	10713	10768.05	-45.4
		Net	Weekly	Gains	160.7

BSE Sensex	Open	High	Low	Close	Diff
06/07/2020	36,313.46	36,661.66	36,254.02	36,487.28	465.86
07/07/2020	36,660.35	36,723.27	36,271.09	36,674.52	187.24
08/07/2020	36,738.38	36,828.43	36,234.17	36,329.01	-345.51
09/07/2020	36,450.69	36,806.30	36,422.30	36,737.69	408.68
10/07/2020	36,555.13	36,748.89	36,401.11	36,594.33	-143.36
		Net	Weekly	Gains	572.91


શુક્રવારે ગેપ અપ ઓપનિંગ બાદ બજારમાં બે તરફી વધઘટ પછી ઘટાડો થયો હતો. નિફ્ટી ૪૫.૪૦ પોઈન્ટ્સ ઘટીને ૧૦૭૬૮.૦૫ અને સેન્સેક્સ ૧૪૩.૩૬ પોઈન્ટ્સ ઘટીને ૩૬૫૯૪.૩૩ના સ્તરે બંધ આવ્યો હતો. જોકે, સૂચકાંકો ૧૦૭૫૦ અને નિફ્ટી ૩૬૫૦૦ના મહત્વપૂર્ણ સ્તરોની ઉપર બંધ આવતા રાહત મળી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ૩ ટકાથી વધુ વધારાને કારણે બજારમાં પીછેહઠ અટકી હતી તથા કેટલાંક ફાર્મા, ઓટો અને એફએમસીજી કાઉન્ટર્સે પણ ટેકો આપ્યો હતો. બેન્કિંગ તથા ઓઈલ અને ગેસ કાઉન્ટર્સ ઘટ્યાં હતાં. માર્કેટ બ્રેથ ઘણ નેગેટિવ રહી. એફઆઈઆઈ અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.

ગત સપ્તાહે પીવીઆર લિમિટેડે પ્રત્યેક ૯૪ શેર્સ સામે ૭ શેર્સના પ્રમાણમાં રાઈટ્સ ઈશ્યૂની જાહેરાત કરી હતી.

યુએસ ડોલરની સામે ભારતીય રૂપિયો આશરે ૭૫.૨૦ના સ્તરે રહ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ બેરલદીઠ ૪૨.૮૦ ડોલરના સ્તરે જળવાઈ રહ્યું હતું. આગામી સપ્તાહમાં ૧૬૦ જેટલાં કોર્પોરેટ્સ નાણાકીય પરિણામો જાહેર કરશે. વૈશ્વિક પ્રવાહો અને મેક્રો ઈકોનોમિક ડેટા બજારની કામગીરીને પ્રભાવિત કરશે. વધુમાં ચોમાસાની પ્રગતિ અને રાહત યોજનાઓની જાહેરાતની પણ કામગીરી ઉપર અસર થશે. આમ વોલેટાઈલ ચાલુ રહેશે.

વર્તમાન સ્થિતિને જોતાં નિફ્ટી ૧૧૦૦૦-૧૦૦૦૦ અને સેન્સેક્સ ૩૮૫૦૦-૩૫૫૦૦ની રેન્જમાં જળવાઈ રહેવાની અપેક્ષા છે.

DISCLAIMER: No financial information whatsoever published anywhere here should be construed as an offer to buy or sell securities, or as advice to do so in any way whatsoever. All matter published here is purely for educational and information purposes only and under no circumstances should be used for making investment decisions. Readers must consult a qualified financial advisor prior to making any actual investment decisions, based on information published here. Any reader taking decisions based on any information published here does so entirely at own risk. Above information is based on the details available as on the date along with market perceptions. Investors should bear in mind that any investments in stock markets are subject to unpredictable market related risks. (THE AUTHOUR IS SEBI REGISTERED RESEARCH ANALYST)



A. K. Asnani
(M) 9893512098
Smart Verc (Bhopal)
Author of Book
Way to Billionaire

Smart Steps to Portfolio Management - II

In the first part we deliberated on picking a stock.

Rest follows-

આ અહેવાલના પ્રથમ ભાગમાં આપણે શેર્સની પસંદગી કરવા અંગે ચર્ચા કરી હતી. બીજા ભાગની વિગતો નીચે મૂજબ છે:

પોર્ટફોલિયોનું મેનેજમેન્ટ:

યોગ્ય શેર્સની પસંદગી કરવામાં જ અડધુ કામ પૂર્ણ થઇ જાય છે. હવે પ્રશ્ન એ છે કે પોર્ટફોલિયોમાં કેટલાં શેર્સ ઉમેરવા અને દરેક સ્ટોક માટે કેટલી ફાળવણી કરવી. મહત્વપૂર્ણ છે કે દરેક સ્ટોક કંપનીના કદ, બિઝનેસ ગ્રુપ, સેક્ટર્સ, માર્કેટ કેપિટલાઇઝેશન વગેરે મૂજબ વૈવિધ્યસભર હોવા જોઇએ. નોન-માર્કેટ રિસ્ક ઉપાડવા માટે ૧૫ સ્ટોક્સ પર્યાપ્ત છે.રોકાણકારો નોન-માર્કેટ રિસ્ક ટાળી શકે છે, પરંતુ બજારના જોખમોને તેઓ ટાળી અથવા ઘટાડી શકે નહીં. પોર્ટફોલિયોમાં પ્રત્યેક સ્ટોકની ફાળવણી એ પ્રકારે હોવી જોઇએ કે જો સ્ટોકમાં વધારો થાય તો પોર્ટફોલિયોના કુલ વળતર ઉપર તેની સકારાત્મક અસરો જોવા મળે તથા જ્યારે તેમાં ઘટાડો થાય ત્યારે અસર એકદમ ઓછી વર્તાય. ઉદાહરણરૂપે, એક કંપની લાંબાગાળે સારું વળતર આપવાની ક્ષમતા ધરાવે છે, પરંતુ કંપની નાની હોઇ નિષ્ફળતાની સંભાવના પણ વધુ હોય છે. આ પરિસ્થિતિમાં પોર્ટફોલિયોમાં તેને આશરે ૪ ટકા હિસ્સો ફાળવો. જો કંપની પાંચ વર્ષમાં પાંચગણો વધે તો પોર્ટફોલિયો ૧૭ ટકા વધશે, પરંતુ જો તે ૩૦ ટકા ઘટે તો પોર્ટફોલિયોમાં માત્ર ૧ ટકાનો ઘટાડો થશે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં મેં અનુભવ્યું છે કે સરેરાશ રિસ્ક પ્રોફાઇલ ઇન્વેસ્ટર માટે સ્ટોક વેઇટેજ ૩થી૮ ટકા વચ્ચે રહેવું જોઇએ.

રોકડનું સંચાલન :

કોઇપણ વ્યક્તિ માર્કેટની કામગીરીનો સ્પષ્ટ અંદાજ લગાવી શકે નહીં. આથી માર્કેટમાં ઘટાડાની સંભાવના પાછળ પોર્ટફોલિયોના કેટલાંક હિસ્સાના વેચાણને પરિણામે જંગી નુકશાન સહન કરવું પડી શકે છે કારણકે માર્કેટ અપેક્ષાથી વિરૂદ્ધ દિશામાં પણ જઇ શકે છે.

આ સંજોગોમાં ૧૦૦ ટકા રોકાણ જાળવી રાખવું જોઇએ. તેનાથી તમારે માર્કેટ કઇ દિશામાં જશે તેનો અંદાજ લગાવવો પડશે નહીં તથા દિવસમાં વારંવાર બજાર ઉપર નજર નાખવી પડશે નહીં. અર્થતંત્ર અને પોર્ટફોલિયોની કામગીરી ઉપર વ્યાપક નજર રાખો. જ્યારે કોઇ મોટી ઘટનાની સંભાવના વધુ હોય ત્યારે સ્ટોક વેઇટેજ ઉપર ધ્યાન આપો, જેથી તમે જોખમને ઘટાડી શકો છો.

ઉપસંહાર :

તમારા પોર્ટફોલિયોમાં હંમેશા બેસ્ટ ૧૫ સ્ટોક રાખો અને જ્યારે લાગે કે તે નબળા પડી રહ્યાં છે ત્યારે જ તેની જગ્યાએ બીજા સ્ટોક લો. પૂરતો અભ્યાસ અને વિશ્લેષણ કરીને નિર્ણય કરો. માર્કેટ અથવા સ્ટોકની વધઘટથી ક્યારેય આકર્ષાશો નહીં. અંદાજોને આધારે કામ કરવાને બદલે કોઇ નિર્ણય અથવા ઘટના પ્રકાશમાં આવ્યાં બાદ વ્યૂહ અપનાવો. તેનાથી તમે સારી તક ઝડપી શકો છો. ક્યારેય ઉતાવળ કરશો નહીં અને ધીરજ રાખો. મોટાભાગે ઉતાવળીયા રોકાણકારોની સંપત્તિ ધીરજ રાખનારાઓ પાસે જાય છે.

Happy Investing!

A. K. Asnani

Author > Advisor > Coach > Mentor >

09893512098

smartasn@gmail.com

(investors are advised to act as per their own conviction. Above are only the views of the Author)

ધ્યાનમાં રાખવા જેવા શેરો...

- Siddharth Shah

National Peroxide (Rs. 2158.00) (Code : 500298)

નેશનલ પેરોક્સાઈડ (એનપીએલ) ભારતમાં હાઈડ્રોજન પેરોક્સાઈડની સૌથી મોટી ઉત્પાદક છે અને પેરોક્સીજન કેમિકલ્સ માટે ભારતમાં પાયોનિયર છે. કંપનીએ નાણાકીય વર્ષ ૧૮માં રૂ. ૨૦૦ કરોડની રેન્જના મૂડી ખર્ચનું આયોજન કર્યું હતું. આ વિસ્તરણનો આશય ૯૫,૦૦૦ ટીપીએની વર્તમાન ઉત્પાદન ક્ષમતાને ૧,૫૦,૦૦૦ ટીપીએ કરવાનો હતો. હાઈડ્રોજન પેરોક્સાઈડ બ્લિચિંગ, કેમિકલ સિન્થેસીસ, એન્વાયરમેન્ટલ કંટ્રોલ/એફલુઅન્ટ ટ્રીટમેન્ટ, સ્ટરીલાઈઝેશન વગેરે જેવા વિવિધ ઉદ્યોગમાં ખૂબ જ વ્યાપક સ્તરે વપરાતું કેમિકલ છે. હાઈડ્રોજન પેરોક્સાઈડનું એક સૌથી મહત્વનું ઘટક 'એક્ટિવ ઓક્સિજન' છે, જે કંપની ઉપરના એન્ડ યુઝર્સને પૂરું પાડે છે. ઓક્સીજનની માગ વધી છે, જેથી કંપનીને ફાયદો કરે છે. ભારતમાં હાઈડ્રોજન પેરોક્સાઈડનું ઉત્પાદન આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ નેશનલ પેરોક્સાઈડ લિમિટેડમાં થાય છે અને તે ઓટો-ઓક્સિડેશન પ્રોસેસનો ઉપયોગ કરે છે. કંપની 'કોમ્પ્રેસ્ડ હાઈડ્રોજન' ગેસ અને 'પર એસેટિક એસિડ'નું પણ ઉત્પાદન કરે છે. ખરીદો. માર્ચમાં રૂ. ૮૨૧ના બાવન સપ્તાહના તળીયે પહોંચ્યા પછી આ સ્ટોકમાં તીવ્ર સુધારો થયો છે. તે હવે રૂ. ૨૧૫૦ના સ્તરની આજુબાજુ ટ્રેડ થઈ રહ્યો છે. ખરીદો.

L&T Techno (Rs. 1412.00) (Code : 540115)

એલએન્ડટી ટેક્નોલોજીસ સર્વિસીસ : આ સ્ટોકમાં જાન્યુઆરીમાં તેની ટોચેથી ૨૦ ટકાનું કરેક્શન જોવા મળ્યું છે. બ્રોકરેજ શૅરખાનનું માનવું છે કે આ કરેક્શન તેની વૃદ્ધી માટે લાંબાગાળાની ચાલ પર લાંબાગાળાના રોકાણની તકો ઓફર કરે છે, જે નેતૃત્વની ઊંડાઈ, વ્યાપક ગ્રાહક પોર્ટફોલિયો, અનેક ક્ષેત્રોમાં નિપુણતા અને ઈઆરડી આઉટસોર્સિંગ બજારમાં વ્યાપક પ્રસાર પર આધારિત છે. કંપનીમાં ઝડપથી રીકવર થવાની વ્યાપક સંભાવનાઓ છે અને પરિસ્થિતિમાં સુધારો થાય ત્યારે તેની ઉત્તમ અમલીકરણ ક્ષમતા, ટોચના ખર્ચ કરનારાઓમાં પસંદગીના ભાગીદારનો દરજ્જો અને પાઈપલાઈનમાં રહેલી આશાસ્પદ ડીલને પગલે મજબૂત વૃદ્ધિ માટે સક્ષમ છે. કંપનીએ ડીલ ઈનટેક પર સારી કામગીરી ચાલુ રાખી છે. નાણાકીય વર્ષ ૨૦ના ચોથા ક્વાર્ટરમાં કંપનીએ ૯ સોદા કર્યા છે, જેમાં એક સોદો ૩૦ મિલિયન ડોલર ટીસીવીથી વધુનો છે જ્યારે ૩ સોદા ૧૦-૨૦ ડોલર વચ્ચેના ટીસીવીના છે. કંપની નાણાકીય વર્ષ ૨૧ના પહેલા ક્વાર્ટરમાં મજબૂત ક્લોઝર ચાલુ રાખશે અને તેણે આ ક્વાર્ટરમાં અત્યાર સુધીમાં ૩૦ મિલિયન ડોલરનો એક અને ૧૫ મિલિયન ડોલર ટીસીવીનો બીજો એક સોદો કર્યો છે. રોકાણ કરો.

Shree Cement (Rs. 22279.00) (Code : 500387)

શ્રી સીમેન્ટ સૌથી નીચો ઉત્પાદન ખર્ચ ધરાવતી સીમેન્ટ કંપનીઓમાંની એક છે. ઊંચી માગ અને ભાવમાં વધારાના કારણે નાણાકીય વર્ષ ૨૧ના પહેલા ક્વાર્ટર એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં માર્જિનમાં કોઈપણ તીવ્ર ઘટાડો મર્યાદિત હશે. એપ્રિલ મહિનામાં સ્થિરતા પછી મે અને જૂન મહિના દરમિયાન અપેક્ષા કરતાં વધુ સારી માગ સાથે સિમેન્ટ ઉદ્યોગે માગ અને ભાવના મોરચે સકારાત્મક આશ્ચર્ય સર્જ્યું છે અને સમગ્ર ભારતમાં ભાવમાં વધારો થયો છે. ઈલારા કેપિટલના વિશ્લેષકોનું માનવું છે કે સિમેન્ટ કંપનીઓ માટે આ વલણ સારી રીતે વધ્યું છે અને નાણાકીય વર્ષ ૨૧ના પ્રથમ ક્વાર્ટરમાં માર્જિનમાં કોઈપણ ઘટાડો મર્યાદિત રહી શકે છે. બ્રોકરેજ કંપનીને અપેક્ષા છે કે નજીકના સમયમાં ચોમાસાના કારણે આંશિક મંદી પછી ઉદ્યોગના ફંડામેન્ટલ્સ નાણાકીય વર્ષ ૨૧ના બીજા છ માસમાં વધુ સુધરશે. પ્રત્યેક ઘટાડે ખરીદો.

ICICI Bank (Rs. 360.00) (Code : 532174)

વિદેશી બ્રોકરેજ મેકક્વેરીએ ગયા સપ્તાહે આઈસીઆઈસીઆઈ બેન્ક પર આઉટપરફોર્મર કોલ જાળવી રાખ્યો છે. મેકક્વેરીનું માનવું છે કે બેન્કે મોટી મુડી ઊભી કરતાં તેની બેલેન્સ શીટ મજબૂત બનશે અને આ પગલું એસેટ ગુણવત્તાના મુદ્દાના સંકેત આપે તે જરૂરી નથી. બ્રોકરેજ હાઉસનું માનવું છે કે બેન્ક એનપીએલ કવરેજ રેશિયો અને વધુ વિશાળ રીટેલ લોન બૂક પર વધુ સારી સ્થિતિમાં છે. રૂ. ૧૫,૦૦૦ કરોડનું ભંડોળ ઊભું કરવાથી નાણાકીય વર્ષ ૨૧/ નાણાકીય વર્ષ ૨૨ની બૂક વેલ્યુ ૫.૭/૪.૭ ટકા વધી જશે. તેનું માનવું છે કે સીઈટી-૧ રેશિયો ૨૦૦ બીપીએસ સુધરીને ૧૫.૪ ટકા થઈ શકે છે. આઈસીઆઈસીઆઈ બેન્ક શૂન્ય પ્રમોટર પ્લેજ ધરાવે છે અને બેન્ક છેલ્લા બે વર્ષમાં નફો ઉત્પન્ન કરવા માટે તેની મૂડી - આરઓસીઈનો અસરકારક રીતે ઉપયોગ કરી રહી છે. તેનો ટાર્ગેટ પ્રતિ શૅર રૂ. ૪૩૮ છે. ખરીદો.

માર્કેટ ટીપ્સમાં ફરતાં શેરો....

- Het Zaveri

Nilkamal (Rs. 1209.00) (Code : 523385)

નિલકમલ મોલ્ડેડ ફર્નિચર અને મટિરિયલ હેન્ડલિંગ બિઝનેસીસમાં ટોચની કંપનીઓમાંની એક છે. આ બંને સેગ્મેન્ટ કંપનીના ટોપલાઈનના ૯૦ ટકા જેટલું યોગદાન આપે છે. કંપની મટિરિયલ હેન્ડલિંગ અને મોલ્ડેડ ફર્નિચર બિઝનેસસીસમાં અનુક્રમે ૩૬ ટકા અને ૩૨ ટકા બજાર હિસ્સો ધરાવે છે. મજબૂત બ્રાન્ડ, ડાયવર્સિફાઈડ પ્રોડક્ટ ઓફરિંગ્સ અને રીચ પુટ્સમાં સુધારાને પગલે કંપનીને તેનો લાભ આપવા અને પ્લાસ્ટિક ઉદ્યોગમાં ઉપલબ્ધ તકોને કેપિટલાઈઝ કરવા માટે લાભદાયક સ્થિતિમાં મૂકે છે. તાજેતરમાં નિલકમલે ક્વિક કોવિડ બેડ્સ, ટ્રાવેલગાર્ડ અને વાયરસ ગાર્ડ જેવા એક્સક્લુઝિવ પ્રોડક્ટ્સની વ્યાપક રેન્જ રજૂ કરી છે, જે કોવિડ-૧૯ સામેની લડાઈને નવા સ્તરે લઈ જશે. કંપનીએ બે સપ્તાહના વિક્રમી સમયમાં બનેલા ઈમર્જન્સી સેન્ટર્સને સફળતાપૂર્વક ૧૫,૦૦૦થી વધુ હોસ્પિટલ બેડ્સ, મેટ્રેસીસ અને કેબિનેટ્સ પૂરાં પાડ્યા છે. ભારતીય પ્લાસ્ટિક ઉદ્યોગ આગામી વર્ષોમાં નીચો માથાદીઠ વપરાશ અને અન્ય કારણોના આંકડાને ધ્યાનમાં લેતાં વૃદ્ધિની વ્યાપક સંભાવનાઓ પૂરી પાડે છે. આ સ્ટોક રૂ. ૧૨૦૦થી વધુના સ્તરે ટ્રેડિંગ થઈ રહ્યો છે. ખરીદો.

Bandhan Bank (Rs. 378.00) (Code : 541153)

બંધન બેન્ક : બંધન બેન્કે ૩૦મી જૂનના ત્રિમાસિક ધોરણે ૬ ટકાની વૃદ્ધિથી રૂ.૬૦,૬૦૨ કરોડની ડિપોઝીટ નોંધાવ્યા પછી ગયા સપ્તાહે ખાનગી બેન્કના શૅરનો ભાવ ઊછળ્યો છે. વાર્ષિક ધોરણે ડિપોઝીટમાં ૩૪ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. જૂનમાં કુલ એડવાન્સીસ ત્રિમાસિક ધોરણે ૩ ટકા અને વાર્ષિક ધોરણે ૧૮ ટકાના દરે વધીને રૂ. ૭૪,૩૨૫ કરોડ થયું છે તેમ બેન્કે જણાવ્યું હતું. ૩૦મી જૂને માઈક્રો બેન્કિંગ ડિપોઝીટનો આ હિસ્સો કુલ ડિપોઝીટના ૫ ટકા જેટલો હતો, જે ૩૧મી માર્ચે ૫.૭ ટકા હતો. અનલૉક ૧.૦ના પગલે ૧લી જૂનથી માઈક્રો બેન્કિંગ લોનમાં પોઝિટિવ કલેક્શન જોવા મળ્યું છે. નોન માઈક્રો બેન્કિંગ એડવાન્સીસ માટે જૂનની કલેક્શન કાર્યક્ષમતા ૮૪ ટકા (૧૬ ટકાના અસરકારક મોરેટોરિયમમાં પરિણમે છે) છે. માર્ચ ૨૦૨૦ના અંતે નાણાકીય વર્ષ ૨૦ દરમિયાન કુલ ડિપોઝીટ્સ ૩૨ ટકા વધીને રૂ. ૫૭,૦૭૩ કરોડ થઈ હતી. બેન્કની કુલ ડિપોઝિટ્સ માર્ચ ૨૦૧૯ના અંતે રૂ. ૪૩,૨૩૨ કરોડ હતી. રોકાણ કરો.

Infosys (Rs. 781.00) (Code : 500209)

ઈન્ફોસીસ : ઈન્ફોસીસના પહેલાં ક્વાર્ટરના પરીણામો આગામી સપ્તાહે ૧૫મી જુલાઈએ અંદાજે સાંજે ૩.૪૫ વાગ્યે જાહેર થશે. કંપનીની મોટાભાગની આવક ડૉલરના ચલણ સ્વરૂપે આવતી હોવાથી અને નબળા રૂપિયાથી આઈટી કંપનીને લાભ થવાનો હોવાથી કંપની પર કોરોનાની અસર મર્યાદિત રહેશે. ઉપરાંત ટ્રમ્પ વહીવટી તંત્રના એચ-૧બી વિઝા સંબંધિત નિર્ણયની કંપની પર કોઈ મોટી અસર નહીં પડે, કારણ કે ઈન્ફોસીસે અમેરિકામાં સ્થાનિક ભરતી વધારી છે. દરમિયાન ગોલ્ડમેન સાશે આ સ્ટોક પર 'બાય' કૉલ આપ્યો છે અને તેણે ટાર્ગેટ પ્રાઈસ અગાઉની રૂ. ૭૫૬થી વધારીને રૂ. ૮૯૫ કરી છે. બ્રોકરેજે જણાવ્યું હતું કે ઈન્ફોસીસને ઈન્ફોર્મેશન સિસ્ટમ્સના ડિજિટલાઈઝેશનમાં વધારાથી લાભ થશે. પરિણામો પર નજર રાખો અને આ સ્ટોક ખરીદો.

First Source Solution (Rs. 43.00) (Code : 532809)

ફર્સ્ટ સોર્સ સોલ્યુશન્સ : ફર્સ્ટ સોર્સ સોલ્યુશન્સમાં જૂન ૨૦૨૦ના પ્રથમ ક્વાર્ટર દરમિયાન પ્રખ્યાત રોકાણકાર રાકેશ ઝુનઝુનવાલાએ તેમનો હિસ્સો ૨.૮૮ ટકા વધાર્યા પછી ગયા સપ્તાહે કંપનીમાં ઊછાળો આવ્યો છે. જૂન ૨૦૨૦ના પહેલા ક્વાર્ટરમાં ઝુનઝુનવાલાએ ફર્સ્ટ સોર્સ સોલ્યુશન્સમાં ૫૭ લાખ ઈક્વિટી શૅર્સ અથવા ૦.૮૨ ટકા હિસ્સો ખરીદ્યો હતો. ખરીદી પછી ફર્સ્ટસોર્સ સોલ્યુશન્સમાં ઝુનઝુનવાલાનું હોલ્ડિંગ ૨.૦૬ ટકાથી વધીને ૨.૮૮ ટકા થયો છે. ફર્સ્ટ સોર્સ સોલ્યુશન્સ ટ્રાન્ઝેક્શન પ્રોસેસિંગ મારફત કસ્ટમર લાઈફ સાઈકલમાં વિવિધ બિઝનેસ પ્રોસેસ મેનેજમેન્ટ સર્વિસીસ પૂરી પાડે છે. કંપનીના સેગ્મેન્ટમાં બેન્કિંગ, ફાઈનાન્સિયલ સર્વિસીસ અને ઈન્સ્યોરન્સ તથા નોન-બેન્કિંગ, નાણાકીય સેવાઓ અને વીમાનો સમાવેશ થાય છે. કંપની અમેરિકા અને કેનેડા, યુકે, ભારત સહિત વ્યાપક ભૌગોલિક સ્તરે પહોંચ ધરાવે છે. માર્ચ ૨૦૨૦ના ચોથા ક્વાર્ટરમાં ફર્સ્ટ સોર્સ સોલ્યુશન્સનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ ૬.૮ ટકા ઘટીને રૂ. ૯૧.૫૮ કરોડ થયો હતો જ્યારે નેટ વેચાણ ૧૦.૭ ટકા વધીને રૂ. ૧,૦૬૭.૨૬ કરોડ થયું હતું. ખરીદો.

Ambuja Cement (Rs. 197.00) (Code : 500425)

અંબુજા સિમેન્ટ : ઊંચી માગ અને ભાવ વધારાના કારણે એપ્રિલ-જૂન ક્વાર્ટર (નાણાકીય વર્ષ ૨૧ના પ્રથમ ક્વાર્ટર)માં માર્જિનમાં કોઈપણ તીવ્ર ઘટાડાને અંબુજા સિમેન્ટ મર્યાદિત કરી શકશે તેવી અપેક્ષા વચ્ચે કંપનીનો સ્ટોક વધ્યો છે. એપ્રિલ મહિનામાં સ્થિરતા પછી મે અને જૂન મહિના દરમિયાન અપેક્ષા કરતાં વધુ સારી માગ સાથે સિમેન્ટ ઉદ્યોગે માગ અને ભાવના મોરચે સકારાત્મક આશ્ચર્ય સર્જ્યું છે અને સમગ્ર ભારતમાં સિમેન્ટના ભાવમાં વધારો થયો છે. ઈલારા કેપિટલના વિશ્લેષકોનું માનવું છે કે સિમેન્ટ કંપનીઓ માટે આ વલણ સારી રીતે વધ્યું છે અને નાણાકીય વર્ષ ૨૧ના પ્રથમ ક્વાર્ટરમાં માર્જિનમાં કોઈપણ ઘટાડો મર્યાદિત રહી શકે છે. બ્રોકરેજ કંપનીને અપેક્ષા છે કે નજીકના સમયમાં ચોમાસાના કારણે આંશિક મંદી પછી ઉદ્યોગના ફંડામેન્ટલ્સ નાણાકીય વર્ષ ૨૧ના બીજા છ માસમાં વધુ સુધરશે. વધારામાં રાજસ્થાનમાં કેપ્ટિવ કોલસા બ્લોક અને નવા રેલવે સાઈડિંગ સાથેના ખર્ચ બચતનાં પગલાંઓને વેગ મળશે. સ્વસ્થ બેલેન્સ શીટ (કેલેન્ડર વર્ષ ૨૧ અંદાજિતની રૂ. ૯૦ અબજની રોકડ) અને દેવા મુક્ત દરજ્જો સાનુકૂળતામાં વધારો કરશે. તબક્કાવાર ખરીદો.

Dhanuka Agri (Rs. 755.00) (Code : 507717)

ધાનુકા એગ્રી : ધાનુકા એગ્રીનો શેર બાવન સપ્તાહની ટોચ નજીક પહોંચી ગયો છે. માર્ચમાં રૂ.૨૬૧ની બાવન સપ્તાહની નીચી સપાટી બતાવ્યા પછી આ શેર ત્રણ ગણો ઉછલી ગયો છે. એગ્રોકેમિકલ કંપની ધાનુકા એગ્રીટેકે ચોથા ક્વાર્ટરમાં રૂ. ૩૯ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ કર્યો છે, જે અગાઉના વર્ષે સમાન સમયમાં રૂ. ૨૬.૭૫ કરોડની સરખામણીમાં ૪૬ ટકાનો જંગી ઊછાળો દર્શાવે છે. ચોથા ક્વાર્ટરનો નેટ પ્રોફિટ પણ અગાઉના ક્વાર્ટરના રૂ. ૨૭.૬૭ કરોડની સરખામણીમાં રૂ. ૩૯ કરોડ વધ્યો હતો. ક્વાર્ટર દરમિયાન કામકાજમાંથી કોન્સોલિડેટેડ રેવન્યુ રૂ. ૨૨૭.૫૭ કરોડ થઈ હતી, જે એક વર્ષ અગાઉ સમાન સમયમાં રૂ. ૧૯૨.૭૧ કરોડની સરખામણીમાં ૧૮.૧ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીનો નેટ પ્રોફિટ વધીને રૂ. ૧૪૧.૩૪ કરોડ થયો હતો, જે નાણાકીય વર્ષ ૨૦૧૯ના રૂ. ૧૧૨.૫૭ કરોડની સરખામણીમાં નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ. ૧,૧૨૦ કરોડ રહી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૧૯માં રૂ. ૧,૦૦૫.૮૩ કરોડ હતી. મેનેજમેન્ટે જણાવ્યું હતું કે આવશ્યક કોમોડિટી હોવાના કારણે જૂથના વર્તમાન અને ભવિષ્યના કારોબાર પર કોવિડ-૧૯ની કોઈ નોંધપાત્ર અસર થઈ નથી. ધાનુકા એગ્રીટેક ફોર્મ્યુલેશનમાં છે અને જંતુનાશકો, હર્બીસાઈડ્સ, ફંગીસાઈડ્સ અને પ્લાન્ટના ગ્રોથ રેગ્યુલેટર્સ સહિત પ્લાન્ટ પ્રોટેક્શન એગ્રો-કેમિકલ્સના માર્કેટિંગમાં કાર્યરત છે. આ શેરમાં ઘટાડે ખરીદી કરો.

સ્માર્ટ ટીપ્સ

Smita N. Zaveri

Manappurm Finance (રૂ. ૧૫૯.૦૦) (કોડ : ૫૩૧૨૧૩)

ફાયનાન્સ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ એનબીએફસી કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૧૯૪ અને ઘટીને રૂ. ૭૫ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૩૫.૦૫ ટકા અને અન્યનો ૬૪.૯૫ ટકા જોવાયો છે. સાઉથ બેઝ આ કંપની હાલમાં ગોલ્ડલોન, હાઉસીંગ ફાય., કોમર્શિયલ વ્હીકલ્સ લોન ઓફર કરે છે. કંપનીની ગોલ્ડ લોન સેગ્મેન્ટની ક્વોલીટી વધી છે. કંપની હોલ્ડિંગ ફાય. સેગ્મેન્ટ ઉપર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. હાલમાં ૪૩૦૦ થી વધુ બ્રાન્ચીસ અને ૨૫૦૦ થી વધુ કર્મચારીઓ ધરાવે છે. માર્કેટકેપ રૂ. ૧૩૩૯૧.૮૨ કરોડ, બુકવેલ્યુ રૂ. ૬૩.૩૭ છે. ગત વર્ષે કંપનીએ ૮૨.૫૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે તાજેતરમાં કંપનીના બોર્ડે રેટેડ, સુરક્ષિત અને રિડિમેબલ, બિન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સને રૂ. ૩૦૦ કરોડ સુધીની ખાનગી પ્લેસમેન્ટ માટે મંજુરી આપી છે. કંપનીએ ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કોન્સોલીડેટ બેઝ ઉપર ૧૬૧૮.૧૫ કરોડની આવક ઉપર રૂ. ૩૯૮.૨૦ કરોડનો નેટ નફો નોંધાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં ૧૧૦૩.૫૨ કરોડની આવક ઉપર રૂ. ૨૫૮.૩૪ કરોડનો નેટ નફો દર્શાવ્યો હતો. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૦૭, ૨૦૧૦ અને ૨૦૧૧ માં એમ કુલ ત્રણ ટાઈમ ૧:૧ ના પ્રમાણમાં બોનસ શેર ઈસ્યુ કર્યા હતા. વર્ષ ૨૦૧૦માં કંપનીએ રૂ. ૧૦ ની ફેઈસવેલ્યુના શેરને રૂ. ૨ માં સ્પ્લીટ કરેલ. ૪ જુન ૨૦૦૩માં ઝીરો પ્રિમિયમ ૧:૨ ના પ્રમાણમાં રાઈટ શેર ઈસ્યુ કર્યા હતા. હાલમાં ગોલ્ડના ભાવ દસ ગ્રામના રૂ. ૫૧૦૦૦ ની સપાટીને પહોંચી ગયા છે. ગોલ્ડ લોન ફાય. કરતી કંપનીઓને તેનો લાભ મળતો જોવાય. ટુંકાથી મધ્યમગાળે આ સ્ટોક તેની બાવન સપ્તાહની સપાટી નજીક જોવાય.

NCC (રૂ. ૩૩.૦૦) (કોડ : ૫૦૦૨૯૪)

કન્સ્ટ્રકશન એન્ડ એન્જીનીયરીંગ ક્ષેત્રે કાર્યરત આ કંપની એ ગ્રુપમાં લિસ્ટેડ છે. શેરની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૯૩ અને ઘટીને રૂ. ૧૬ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૧૯.૫૭ ટકા અને પબ્લિક ૮૦.૪૩ ટકા છે. કંપની બિલ્ડીંગ, હાઉસીંગ, રોડ, ઈલેક્ટ્રીક વોટર એન્વાર્યમેન્ટ, ઈરિગેશન, ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ અને પાવર ક્ષેત્રે કાર્યરત છે. ૧૯૯૦માં નાગાર્જુના કન્સ્ટ્રકશન કોર્પોરેશનના નામથી કંપનીની સ્થાપના થઈ હતી. તેલગાણા - હૈદ્રાબાદ ખાતે રજીસ્ટર્ડ ઓફિસ ધરાવતી આ કંપનીએ ૨૦૧૪માં ૭:૬ ના પ્રમાણમાં રાઈટ શેર ઈસ્યુ કર્યા હતા. લગભગ ૪૦ વર્ષથી વધુ અનુભવ ધરાવતી આ કંપનીએ ગત વર્ષ દરમ્યાન રૂ. ૨૫૦૦૦ કરોડના ઓર્ડર મેળવ્યા છે. ઓર્ડરબુક રૂ. ૩૩૦૦૦ કરોડની સપાટી વટાવી ચુકેલ છે. કંપનીની બેલેન્સશીટ મજબુત છે. રૂ. ૨૦૪૯ કરોડ, બુકવેલ્યુ રૂ. ૮૩.૭૨ છે. ગત વર્ષે કંપનીએ ૧૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ કોન્સલીડેશન બેઝ ઉપર રૂ. ૨૩૩૪.૪૧ કરોડની આવક ઉપર રૂ. ૭૫.૮૨ કરોડનો નેટ નફો નોંધાવ્યો હતો. ઈબીઆઈટીડીએ રૂ. ૩૧૩.૯૦ કરોડ અને ઈપીએસ ૧.૨૫ નોંધાવ્યો છે તા. ૨ જુને આદિત્ય બિરલા સન લાઈફ કંપનીએ એનએસઈ પરથી રૂ. ૨૫.૯૨ ના ભાવે ૪૦,૦૦,૦૦૦ શેર ખરીધ્યા પછી શેરમાં ૫ ટકાથી વધુનો ઉછાળો જોવાયો છે. છેલ્લાં ત્રણ દિવસમાં શેરનો ભાવ ૨૫ ટકા ઉપર જોવાયો છે. કંપનીને મે ૨૦૨૦ માં ૧૧૩૬ કરોડ રૂપિયાના ચાર નવા ઓર્ડર મળ્યા છે. આમાંથી ૯૯૩ કરોડના બે ઓર્ડર જળવિભાગના મળ્યા છે અને બે ઓર્ડર કુલ રૂ. ૧૪૩ કરોડ બિલ્ડીંગ ડિવિઝનને લગતા છે. આ સ્ટોક બે થી ત્રણ ક્વાર્ટરમાં રૂ. ૫૫ થી ૬૫ ની આસપાસ અને લાંબાગાળે બાવન સપ્તાહની સપાટી કુદાવતો જોવાય.

Mirza International (રૂ. ૫૦.૦૦) (કોડ : ૫૨૬૬૪૨)

બી ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૭૧ અને ઘટીને રૂ. ૨૭ જોવાયો છે. ફુટવેરનું ઉત્પાદન કરતી આ કંપની કાનપુર - ઉત્તર પ્રદેશમાં ઉત્પાદન કેન્દ્રો ધરાવે છે. કંપનીએ નવા ઉત્પાદનના લોચીંગ કરીને મહિલા ફુટવેરમાં પ્રવેશ કર્યો છે. ૨૦૧૯ના નાણાંકીય વર્ષમાં કંપનીએ રૂ. ૬ બિલિયનનું વેચાણ કર્યું છે. કંપની પોતાની બ્રાન્ડથી વેચાણ કરે છે તેમજ વિદેશોમાં મોટી બ્રાન્ડ માટે જોબવર્ક કરે છે. ફુટવે સેક્ટરમાં સરકારે ૪ થી ૧૫ ટકા જીએસટીમાં રાહત જાહેર કરી છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૭૦.૪૨ ટકા અને પબ્લિક ૨૯.૫૮ ટકા છે. રૂ. ૬૨૧.૯૮ કરોડનું માર્કેટકેપ, બુકવેલ્યુ રૂ. ૫૦.૮૪ છે. ગત વર્ષે કંપનીએ ૪૫ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. કંપનીએ ડિસેમ્બર ૨૦૧૯માં પુરા થતા ક્વાર્ટરમાં કોન્સોલીડેશન બેઝ ઉપર આવકમાં ૨૯.૫૧ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૯૭.૭૩ કરોડ અને નેટ નફામાં ૧૮૫.૮૧ ટકા ઉછાળા સાથે રૂ. ૨૧.૪૨ કરોડ નોંધાવ્યો છે, જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૩૦૭.૧૨ કરોડની આવક ઉપર રૂ. ૭.૫૦ કરોડનો નેટ નફો નોંધાવ્યો હતો. ઈબીઆઈટીડીએ ૯૮.૨૩ ટકા વધીને રૂ. ૫૯.૨૯ કરોડ અને ઈપીએસ ૧.૭૮ નોંધાવ્યો છે. ચાલુ વર્ષે કંપનીએ ૪૫ ટકા ડિવિડંડની જાહેરાત કરી છે. કંપનીએ નાણાંકીય વર્ષ ૧૯૯૭માં ૧:૧ અને ૨૦૦૦માં ૧:૧ ના પ્રમાણમાં બોનસ શેર આપેલ હતા. ટુંકાથી મધ્યમગાળે આ સ્ટોક આકર્ષક રીર્ટન આપી રહે. આ ક્ષેત્રની હરીફ કંપનીઓ ૪૭ ના પીઈ મલ્ટીપલથી ટ્રેડ થઈ રહી છે ત્યારે ચાલુ વર્ષની અંદાજીત ઈપીએસના માત્ર ૧૨ ના પીઈ મલ્ટીપલથી ટ્રેડ થતો આ સ્ટોક આકર્ષક વેલ્યુએશન ધરાવે છે.

Cont...

NOCIL (રૂ. ૧૦૧.૦૦) (કોડ : ૫૦૦૭૩૦)

એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૨૭ અને ઘટીને રૂ. ૪૪ જોવાયો છે. સ્પેશ્યાલીટી કેમિકલ્સ ક્ષેત્રે કાર્યરત આ કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૩૩.૭૩ ટકા અને પબ્લિક ૬૬.૨૭ ટકા છે. કંપનીને US અને રશિયાના માર્કેટમાં તકો વધી રહી છે. ચીન અને ભારતમાં મંદી ચિંતાજનક છે. ટાયર મેજર્સ અને ડોમેસ્ટીક કેપેક્સ રૂ. ૧૫૦-૧૮૦ મિલિયન જ્યારે ગ્લોબલ કેપેક્સ USD ૧૦ બિલિયન કંપનીને લાંબાગાળાની તકો રહેલી છે. વૈશ્વિક રબર કેમિકલ્સમાં માર્કેટમાં માંગ પુરવઠાની ચુસ્ત પરિસ્થિતિ આગામી સમયમાં ક્ષમતા બમણી થવાની મજબુત સંભાવના છે. રૂ. ૧૭૦૨.૪૩ કરોડનું માર્કેટકેપ ધરાવતી આ કંપનીએ ગત વર્ષે ૨૫ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ડિવિડંડ યીલ્ડ ૨.૪૩ ટકા થવા જાય છે. બુકવેલ્યુ રૂ. ૭૧.૦૧ છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કોન્સોલીડેટ બેઝ ઉપર કંપનીએ ૨૧૨.૬૬ કરોડની આવક ઉપર રૂ. ૨૧.૮૭ કરોડનો નેટ નફો અને ઈબીઆઈટીડીએ રૂ. ૩૯.૭૨ કરોડ અને ઈપીએસ ૧.૩૨ નોંધાવેલ છે તાજેતરમાં ભારત અને ચીન વચ્ચે સંઘર્ષની પરિસ્થિતિ ઉદ્‌ભવેલ અને ભારત સરકારે સ્પે. કેમિકલની આયાત ઉપર બાન મુકેલ છે તેમજ એન્ટી ડમ્પીંગ ડ્યુટી લાદેલ છે તો આ પરિસ્થિતિનો લાભ સ્થાનિક સ્પે. કેમીકલ્સની કંપનીઓને મળતો જોવાશે.

First Source (રૂ. ૪૩.૦૦) (કોડ : ૫૩૨૮૦૯)

એ ગ્રુપની આ કંપની બીપીઓ / કેપીઓ ક્ષેત્રે કાર્યરત છે. શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. સેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૫૫ અને ઘટીને રૂ. ૨૦ જોવાયો છે. આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા પ્રમોટ કરાયેલી મુંબઈ સ્થિત આ કંપનીમાં ૨૪૦૦૦ કર્મચારીઓનો સ્ટાફ છે. કંપની બેન્કિંગ, ફાયર, ટેલિકોમ, મીડિયા અને પબ્લિશીંગ સેક્ટરમાં કામગીરી કરી રહી છે. ફર્સ્ટશોર્સ સોલ્યુશન્સ ટોચની ૧૦ બીપીઓ કંપનીમાં સાતમું સ્થાન ધરાવે છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૫૩.૮૯ ટકા અને પબ્લિક ૪૪.૧૧ ટકા છે. રૂ. ૩૦૨૬.૪૦ કરોડનું માર્કેટકેપ ધરાવતી આ કંપનીના શેરની બુકવેલ્યુ રૂ. ૨૯.૭૬ છે. ગત વર્ષે કંપનીએ ૨૫ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ડિવિડંડ યીલ્ડ ૫.૭૩ ટકા જેટલુ આકર્ષક થવા જાય છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ કોન્સોલીડેટ બેઝ ઉપર આવકમાં ૧૧.૭૧ ટકા વૃધ્ધિ સાથે રૂ. ૧૦૮૦.૪૫ કરોડ અને નેટ નફામાં ૬.૭૯ ટકાના ઘટાડા સાથે રૂ. ૯૧.૫૮ કરોડ દર્શાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૯૬૭.૧૮ કરોડની આવક ઉપર રૂ. ૯૮.૨૪ કરોડનો નેટ નફો નોંધાવ્યો હતો. EBITDA ૧૮.૧૪ ટકા વધીને રૂ. ૧૬૪.૭૨ કરોડ અને ઈપીએસ ઘટીને રૂ. ૧.૩૨ નો જોવાયો છે. ૩૦ જુન પુરા થતા ક્વાર્ટર અંતે રાકેશ ઝુનઝુનવાલાએ એફએસએલના વધુ ૫૭ લાખ શેર ખરીદી ૩૧ માર્ચ ૨૦૨૦ ના અંતે ૨ કરોડ શેર્સનો ટોટલ સ્ટેક હાલમાં ધરાવે છે. મ્યુ. ફંડે તેમનો હિસ્સો વધાર્યો છે. એચડીએફસી સ્મોલ કેપ ફંડ અને આઈસીઆઈસીઆઈ બેન્ક પણ સ્ટેકમાં વધારો કર્યો છે. આ અહેવાલોને પગલે શેરના ભાવમાં ૧૦ ટકાનો જમ્પ જોવાયો છે. ટુંકાથી મધ્યમગાળે આ સ્ટોક તેની બાવન સપ્તાહની ટોચની સપાટીને ક્રોસ કરી નવું ટોપ બનાવતો જોવાય.

(SEBI Registered Research Analyst)

***Disclosure**:- The author has not brought / sold any stock advised in this news paper during last one month • All stocks rates / indices on 10th July 2020 unless specified o Stoploos is useful for Short-Medium term investors only •

***Disclaimer**:- • Smart Investment will not be responsible / for any loss arising out of investment based on its recommendation. • Though, every care has been taken, we will not responsible for any errors / omissions • All disputes are subject to Ahmedabad jurisdiction

સ્માર્ટ સુપર ડુપર

- Het Zaveri

Granules India (રૂ. ૨૩૪.૦૦) (કોડ : ૫૩૨૪૮૨)

સરકારે પેરાસીટામોલ એક્સપોર્ટ ઉપરથી બેન હઠાવી લીધો છે અને આ કંપની પેરાસીટામોલની સૌથી મોટી ઉત્પાદક છે. આ ફાર્મા કંપની એપીઆઈ, પીએફઆઈ અને ફીનીશ્ડ ડોસેજ સેગમેન્ટમાં સક્રિય છે અને વિશ્વના ૬૦ દેશોમાં નિકાસ કરે છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૫.૪૨ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૪૨.૯૦ ટકા અને પબ્લિક ૫૭.૧૦ ટકા સ્ટેક ધરાવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૬૧૩ કરોડથી ઘટીને રૂ.૬૦૦ કરોડ થઇ છે જયારે નફો રૂ.૬૪ કરોડથી વધીને રૂ.૯૨ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૨૨૭૯ કરોડથી વધીને રૂ.૨૫૯૯ કરોડ થઇ છે જયારે નફો રૂ.૨૩૬ કરોડથી વધીને રૂ.૩૩૫ કરોડ થયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૫૯૫૫ કરોડ છે. નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૧૦૦ ટકાનું ડીવીડન્ડ ચુકવ્યું છે જયારે નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૭૫ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચુકવ્યું છે. કંપની પાસે રૂ.૧૮૧૮ કરોડથી વધારેનું રીઝર્વ છે. આ સ્ટોક છેલ્લા ઘણા સમયથી રેંજમાં ટ્રેડ કરતો હતો પણ છેલ્લા ૬ મહિનામાં કંપનીએ જોરદાર મુવ બતાવ્યો છે અને હાલમાં ઓલટાઈમ હાઈ લેવલે આવી ગયો છે. બાવન સપ્તાહ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૨૪૦ અને ઘટીને રૂ.૮૪.૨૫ જોવાયો છે. જુન ક્વાર્ટરમાં એફપીઆઈએ કંપનીમાં ૧.૨૫ ટકા સ્ટેક વધાર્યો છે જે સ્પષ્ટ દર્શાવે છે કે સ્ટોકમાં જાણકારો એક તરફી ખરીદી કરી રહ્યા છે. સ્ટોકમાં જાણકારો સતત બુલીશ છે અને સ્ટોક ઝડપથી રૂ.૩૦૦ની સપાટીને ક્રોસ કરી શકે છે.

Indian Hotels (રૂ. ૮૧.૦૦) (કોડ : ૫૦૦૮૫૦)

બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસવેલ્યુ રૂ.૧ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૬૨.૯૫ અને ઘટીને રૂ.૬૨.૧૦ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીના શેરની માર્કેટકેપ રૂ.૯૬૭૪ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૪૦.૭૫ ટકા અને પબ્લિક ૫૯.૨૫ ટકા સ્ટેક ધરાવે છે. કંપની ટાટા ગ્રુપ દ્વારા પ્રમોટ કરાયેલી છે. કંપની ભારતમાં ૬૨ લોકેશનો ઉપર ૧૦૦થી વધારે હોટલ્સ ધરાવે છે ઉપરાંત કંપની માલદીવ, મલેશિયા, યુકે, યુએસએ, ભૂતાન, શ્રીલંકા, આફ્રિકા અને મિડલઈસ્ટમાં ૧૫ હોટલ ધરાવે છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૧૮.૯૩ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૪૨૩૮ કરોડનું રીઝર્વ છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૧૨૪૪ કરોડથી ઘટીને રૂ.૧૦૬૩ કરોડ થઇ છે જયારે કંપનીએ રૂ.૧૧૫ કરોડના નફા સામે રૂ.૭૪ કરોડનો નફો દર્શાવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ની વાત કરીએ તો કંપનીની આવક રૂ.૪૪૬૩ કરોડ રહી છે જયારે કંપનીએ રૂ.૨૮૭ કરોડના નફા સામે રૂ.૩૫૪ કરોડનો નફો દર્શાવ્યો હતો. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે ૫૦ ટકા ડિવિડન્ડ ચુકવ્યું છે. કોરોનાના લીધે આ સેક્ટરને સૌથી વધારે નેગેટીવ અસર થઇ છે પણ આ કંપનીને ટાટા ગ્રુપનું બેકિંગ છે માટે આ કંપની ખરાબ સમયમાંથી બહાર આવી જશે અને હવે ધીરે ધીરે અનેક રાજ્યોમાં હોટલો ઓપન થઇ રહી છે તો પણ સામાન્ય થતા લાંબો સમય થશે પણ સ્ટોક પ્રાઈઝ વાઈઝ સારો એવો નીચે આવી ગયો છે ત્યારે વર્તમાન ભાવથી ઘટાડામાં રોકાણ માટે વિચારી શકાય.

Sobha Ltd. (રૂ. ૨૩૬.૦૦) (કોડ : ૫૩૨૭૮૪)

દક્ષિણ ભારતના માર્કેટમાં મોટા પાયે સક્રિય શોભા લીમીટેડને રીયાલ્ટી સેક્ટરની ઈન્ફોસીસ પણ કહેવાતી હતી કેમ કે આ કંપની રીયાલ્ટી સેક્ટરમાં પણ રીલાયેબલ મેનેજમેન્ટ ધરાવતી હતી કંપની કોર્પોરેટ ગવર્નન્સના કોઈ ઈશ્યુ ન હતા. હાલમાં આ સેક્ટરમાં રોકાણકારો ખુબજ સિલેક્ટીવલી રોકાણ કરી રહ્યા છે ત્યારે આ કંપની પણ રોકાણકારોના લીસ્ટમાં સ્થાન ધરાવે છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૫૮૭.૯૫ અને ઘટીને રૂ.૧૧૭.૯૦ જોવાયો છે. કંપનીની માર્કેટકેપ રૂ.૨૨૩૮ કરોડ છે. કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૨૪૦ છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૧૩૯૮ કરોડથી ઘટીને રૂ.૯૧૦ કરોડ થઇ છે જયારે નફો રૂ.૧૧૩ કરોડથી ઘટીને રૂ.૫૧ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૩૪૪૨ કરોડથી વધીને રૂ.૩૭૫૪ કરોડ થઇ છે જયારે નફો રૂ.૨૯૭ કરોડથી ઘટીને રૂ.૨૮૨ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૬માં કંપનીએ ૨૦ ટકા ડિવિડન્ડ ચુકવ્યું હતું જયારે નાણાકીય વર્ષ ૨૦૧૭ માટે કંપનીએ ૨૫ ટકા ડિવિડન્ડ ચુકવ્યું છે. તો નાણાકીય વર્ષ ૨૦૧૮ માટે કંપનીએ ૭૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું છે જયારે નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે પણ કંપનીએ ૭૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું છે અને નાણાકીય વર્ષ ૨૦૨૦માં પણ ૭૦ ટકા ડીવીડન્ડ જાહેર કર્યું છે. રીયલ એસ્ટેટ સેક્ટર ખરાબ તબક્કામાંથી પસાર થઇ રહ્યું છે અને કોરોનાના લીધે આ સેક્ટરને વધારે ખરાબ અસર થઇ શકે છે પણ કંપનીની બેલેન્સશીટ મજબુત છે અને ડીવીડન્ડ યીલ્ડ પણ આ સેક્ટરમાં સૌથી ઊંચું છે ત્યારે ખરાબ અસર સામે વધારે પડતા કરેક્ટ થઇ ગયેલ આ સ્ટોકમાં રોકાણ માટે વિચારી શકાય.

Cont....

Laurus Labs. (રૂ. ૫૯૭.૦૦) (કોડ : ૫૪૦૨૨૨)

BSE ખાતે A ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૬૦૩.૮ અને ઘટીને રૂ.૨૯૮ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૬૩૮૮ કરોડ છે. કંપનીમાં પ્રમોટર્સ ૩૨.૧૩ ટકા અને પબ્લિક ૬૭.૮૭ ટકા હિસ્સો ધરાવે છે. કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૧૬૫.૧૦ છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૦૭ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૬૫૮ કરોડનું રીઝર્વ છે. કંપની એપીઆઈ સેગ્મેન્ટમાં સક્રિય છે અને પાછલા થોડા સમયથી કંપનીના પરિણામો મજબુત રહ્યા છે અને કંપની પાસે મજબુત પ્રોડક્ટ પોર્ટફોલિયો છે જેના લીધે આવનાર સમયમાં કંપની સારો માર્કેટ હિસ્સો હાંસલ કરી શકે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીનું વેચાણ રૂ.૬૩૫.૧૬ કરોડથી વધીને રૂ.૮૩૯.૧૪ કરોડ થયું છે જયારે નફો રૂ.૪૩.૧૮ કરોડથી ૧૫૫.૦૯ ટકા વધીને રૂ.૧૧૦.૧૫ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનું વેચાણ રૂ.૨૨૯૧.૯૨ કરોડથી વધીને રૂ.૨૮૩૧.૭૨ કરોડ થયું છે જયારે કંપનીનો નફો રૂ.૯૩.૭૬ કરોડથી ૧૭૨.૨૬ ટકા વધીને રૂ.૨૫૫.૨૭ કરોડ થયો છે. કંપનીએ ૧૨ મહિનામાં રૂ.૨૩.૮૮ની ઈપીએસ હાંસલ કરી છે. મજબુત પરિણામો સાથે કંપનીના સ્ટોકમાં મજબુત સુધારો પણ જોવાયો છે અને કોરોના વાયરસ બાદ API થીમ ફેન્સીમાં છે. કંપનીમાં ફંડો પાસે જ મોટું હોલ્ડીગ છે અને કંપનીના સ્ટોકને બીએસઈએ થોડા સમય પહેલા જ એ ગ્રુપમાં શિફ્ટ કર્યો છે. અન્ય એપીઆઈ કંપનીઓ સારો દેખાવ કરતા લાગી છે ત્યારે આ સ્ટોકમાં વર્તમાન ભાવથી રોકાણ કરવા માટે વિચારી શકાય.

Heidelberg Cement (રૂ. ૧૭૯.૦૦) (કોડ : ૫૦૦૨૯૨)

હેડેલબર્ગ સિમેન્ટ વિશ્વની અગ્રણી સિમેન્ટ ઉત્પાદક કંપની છે જે વિશ્વના ૪૦ થી વધારે દેશોમાં ૫૨૬૦૦ કર્મચારીઓ ધરાવે છે અને ૨૫૦૦ લોકેશન ઉપર હાજરી ધરાવે છે. વિશ્વની આ અગ્રણી કંપનીએ ઈન્ડિયામાં મૈસુર સિમેન્ટ નામની કંપનીને ટેક ઓવર કરી લીધી છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૨૬.૬૨ કરોડ છે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૨૧૭.૮ અને ઘટીને રૂ.૧૨૦ જોવાયો છે. કંપનીમાં પ્રમોટરો ૬૯.૩૯ ટકા, FII ૧૦.૪૧ ટકા, ડીઆઈઆઈ ૫.૮૧ ટકા અને પબ્લિક ૧૧.૭૧ ટકા સ્ટેક ધરાવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીનું વેચાણ રૂ.૫૪૬.૪ કરોડથી ઘટીને રૂ.૫૦૯.૨૯ કરોડ થયું છે જયારે કંપનીનો નફો રૂ.૬૪.૫૯ કરોડથી વધીને રૂ.૬૬.૨૯ કરોડ થયો છે. કંપનીએ માર્ચ કવાર્ટરમાં રૂ.૨.૯૩ની EPS હાંસલ કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ની વાત કરીએ તો કંપનીનું વેચાણ રૂ.૨૧૦૯.૪૪ કરોડથી વધીને રૂ.૨૧૫૭.૬૪ કરોડ થઈ છે જયારે કંપનીનો નફો રૂ.૨૨૦.૬૬ કરોડથી ૨૧.૪૮ ટકા વધીને રૂ.૨૬૮.૦૬ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૧૧.૮૪ની ઈપીએસ હાંસલ કરી છે. કંપની છેલ્લા ઘણા સમયથી સતત સારો દેખાવ કરી રહી છે. વર્તમાન ભાવે કંપની પાસે રૂ.૧૦૮૮ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે ૧૫ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચૂકવ્યા બાદ ૬૦ ટકાનું સુંદર ફાયનલ ડીવીડન્ડ જાહેર કર્યું છે. ફંડો આ કંપની માટે ખાસ બુલીશ છે ત્યારે સ્ટોકમાં કોઈ પણ ઘટાડામાં રોકાણ કરી શકાય. સરકાર ઈન્ફ્રા ઉપર મોટું રોકાણ કરશે જેનો ફાયદો સિમેન્ટ કંપનીઓને મોટા પાયે થશે.

Disclosures as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future " *(Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152*

દિવાને-ખાસ

A.J. Diwan (Mumbai)
E-mail : divanconsultancy@rediffmail.com



સીધી શેરોની વાત

શેરબજાર વધઘટે વધવા તરફ છે. કોરોનાની અસર શેરબજાર પર હવે નથી ? શેરબજારે રસી શોધી નાંખી છે ? ઈન્ડેક્સને ૩૬૬૫૦ નો સપોર્ટ છે જ્યાં સુધી આ લેવલ રહેશે ત્યાં સુધી કોઈ ગભરવાનું કારણ નથી. નિફ્ટી માટે ૧૦૭૦૦ અને ૧૦૬૫૦ મહત્વના સપોર્ટ લેવલો છે. ૧૦૮૯૦ એક સારી પ્રતિકારક સપાટી છે. બેન્કના શેરોમાં હાલમાં આઈસીઆઈસાઈ બેન્ક પર ફોકસ કરવું. રૂ. ૩૮૫ બંધની નજરે કુદાવતા વધુ ‘‘અચ્છે દિન’’ આવી શકે છે. નીચામાં રૂ. ૩૫૫ નો સ્ટોપલોસ રાખવો.

આ પછી સીધી વાત એસબીઆઈ પર કરીએ રૂ. ૧૮૭ નો સપોર્ટ ધ્યાનમાં રાખવો. ઉપરમાં રૂ. ૨૦૫ થઈ શકે છે.

આઈસીઆઈસાઈનું રૂ. ૧૫૦૦૦ કરોડ ફંડ રેઝીન જે પીએનબી પણ ફંડ માટે બજારમાં આવશે. આજના સમયમાં કોણ પીએનબીમાં રોકાણ કરશે ? જો આ શેરમાં રોકાણ હોય તો ઉછાળે વેચી દેવું હીતાવહ છે. એક્સીસ બેન્કમાં કોઈ ભવિષ્ય છે અને યસ બેન્કમાં આગળ અંધાર છે. પ્રમોટરો હેલ્થી થતા ગયા અને બેન્ક નબળી.

શેરોમાં એક શેર ચુના હે વો હે રિલાયન્સ - ગુરૂવારે નીચામાં ૧૭૯૦ થયો હતો આ તેનો સ્ટોપલોસ રાખી ઘટાડે લેણ કરવું. ૧૮૫૦ ની ઉપર બંધ રહેતા ૧૮૮૫ સુધી જઈ શકે છે.

વેદાંતા બજારમાં કોઈએ બાયબેકના ભાવની ૧૪૦ ઉપરની હવા ફેલાવી. આટલા સારા સમાચારે પણ શેરનોભાવ રૂ. ૧૧૪ની ઉપર બંધ રહેવામાં નિષ્ફળ ગયો. જોખમ લેવું હોય તો રૂ. ૧૧૪.૫૦ ની ઉપર પછી ૧૧૩ ની કડક સ્ટોપલોસ રાખી ખરીદી કરી શકાય.

ધારવા પ્રમાણે આરઈસી રો જવધીને ઘટે છે. રૂ. ૧૧૧ ભાવ હવે ૧૦૬ ની રેન્જમાં આવી ગયો છે. બજારમાં નિષ્ણાતો રૂ. ૧૦૩ નો ભાવ લાવ્યા છે.

ડીએલએફ રૂ. ૧૫૦ ની આસપાસ રૂ. ૧૫૨ ના સ્ટોપલોસ રાખી વેચાણ કરી શકાય. શેરનોભાવ ૧૪૨ સુધી આવી શકે છે.

મહિન્દ્રા-મહિન્દ્રા : ૫૪૯ ના સ્ટોપલોસ રાખી ખરીદી કરી શકાય. શેરને ૫૬૫ ની પ્રતિકારક સપાટી છે.

ટાટા મોટર્સ રૂ. ૧૧૧ ના સ્ટોપલોસ રાખી ૧૦૨ માટે વેપાર કરવો.

શેરબજારની ભાવી ચાલ

નયન પટેલ : Mob. : 98795 26525

નિફ્ટી માટે ૧૦૬૭૫-૧૦૮૫૦ કોન્સોલીડેશન રેંજ બની

એક તરફ કોરોના ના કેસો વધી રહ્યા છે તો વેક્સીનને લઈને જાતજાતના ન્યુઝ સામે આવી રહ્યા છે. ચાઈના સાથે ઉભું થયેલ ટેન્શન હાલ પુરતું શાંત થતું જોવાયું છે એની વચ્ચે ગત સપ્તાહે નિફ્ટી ગેપઅપ ઓપન થયા બાદ આખા સપ્તાહ દરમ્યાન ૧૦૬૭૬-૧૦૮૪૭ની નાની રેંજમાં કોન્સોલીડેટ થતી જોવાઈ છે. જોકે સપ્તાહ દરમ્યાન સ્ટોક સ્પેસિફિક તેજીનો ટેમ્પો યથાવત રહ્યો હતો. માર્કેટમાં દિવસે ને દિવસે રોકડામાં શેરોમાં વોલ્યુમ વધી રહ્યું છે. લોકડાઉનના સમયમાં નવો વર્ગ માર્કેટમાં એન્ટર થયો છે એમાંથી ઘણા લોકોને ટૂંકાગાળામાં મોટું વળતર મળ્યું છે પણ આમાંથી મોટા ભાગના લોકો કંપનીના ફન્ડામેન્ટલ જોયા વગર ટ્રેડ કરી રહ્યા છે ત્યારે દરેક વાંચકમિત્રોને ખાસ વિનંતી કે આ માર્કેટમાં ફંડામેન્ટલ વગરની ઘણી કંપનીઓના શેરોમાં વોલ્યુમ સાથે તેજી થઇ રહી છે એમાં ફસાવાથી બચવું અન્યથા એમાંથી બહાર નીકળવાનો ચાન્સ મળશે નહિ. ટૂંકાગાળાનું રોકાણ કરો તો ચુસ્ત સ્ટોપ લોસ રાખીને જ કરવું જયારે લાંબાગાળાના રોકાણમાં પણ ફન્ડામેન્ટલ વગરના સ્ટોકમાં ભૂલથી પણ રોકાણ ના કરવું.

નિફ્ટીમાં ૧૦૬૭૫અને ૧૦૮૫૦ મહત્વના લેવલ્સ રહેશે અને જે તરફ બ્રેકઆઉટ આવશે એ તરફ બીજા ૧૫૦ થી ૨૦૦ પોઈન્ટની મુવમેન્ટ જોવાશે.

પાછલી ભલામણો ઉપર એક નજર

Recommended Dt.	Stocks	Recomm. Price	High after Recomm.	Gain (%)
27th April 20	SMS Pharma	36	74.6	107%
18th May 20	Laurus Labs	437.25	603.85	38%
1st June 20	Alufluoride	98	138	41%
	Kanchi Karpooram	211	339	61%
29th June 20	GAEL	135	159	18%
	HUDCO	27.9	38.9	39%
6th July 20	DENORA INDIA	211	239	13%
	ASM TECHNO	67	75	12%
	GPT INFRA	26.55	29.3	10%

Cont...

LINC PEN & PLASTICS LTD
(531241 & NSE) (179) (FACE VALUE Rs.10)

લિંક પેન ભારતની અગ્રણી પેન અને રાઈટીંગ પ્રોડક્ટ્સ બનાવતી કંપની છે. કંપની વિશ્વના ૫૦ દેશોમાં પ્રોડક્ટ્સની નિકાસ પણ કરે છે. ભારતમાં જાપાનની મિત્સુબિશી પેન્સિલની એક માત્ર ડીસ્ટ્રીબ્યુટર પણ છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૪.૮૭ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૨૨.૧ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટર્સ ૫૯.૮૮ ટકા, જાપાનની મિત્સુબિશી પેન્સિલ ૧૩.૪૫ ટકા અને પબ્લિક ૨૬.૬૭ ટકા સ્ટેક ધરાવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીનો નફો ૬૭૮.૧૩ ટકા વધીને રૂ.૪.૯૪ કરોડ થયો છે જયારે નાણાકીય વર્ષ ૨૦૨૦નો નફો ૨૫૩.૨૧ ટકા વધીને રૂ.૧૯.૨૫ કરોડ થયો છે જયારે નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનું વેચાણ વધીને રૂ.૩૯૯.૯૬ કરોડ થયું છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે રૂ.૧૨.૯૪ની ઈપીએસ હાંસલ કરી છે અને વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૧૩.૮૫ના સાવજ નીચા પીઈથી ક્વોટ થઇ રહ્યો છે. કંપનીએ કોરિયન ટેકનોલોજી થકી પેન્ટોનીક બ્રાંડથી રૂ.૧૦માં બોલપેન માર્કેટમાં ઉતારી છે જેને ખુબજ સારો પ્રતિસાદ મળ્યો છે અને કંપની હવે આ સેગ્મેન્ટમાં અન્ય વેરાઈટી લોન્ચ કરી રહી રહી છે. કંપનીએ તેના જાહેરાતના બજેટમાં પણ મોટા પાયે વધારો કર્યો છે જેનો બેનીફીટ પણ કંપનીના પરિણામોમાં દેખાઈ રહ્યો છે. વર્તમાન ભાવે સ્ટોક રોકાણ માટે આર્કષક લાગી રહ્યો છે. જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૧૬૦ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

PIONEER EMBROIDERIES LTD (514300 & NSE) (23.5)
(Face Value Rs.10)

૧૯૯૧માં સ્થપાયેલી પાયોનીયર એમ્બ્રોઇડરી ટોર્કન બોબીન લેસીસ, રેસચેલ લેસીસ, એમ્બ્રોઇડરી અને ગારમેન્ટ એસેસરીઝનું ઉત્પાદન કરે છે. કંપનીની પ્રોડક્ટોમાં એપરલ, ડોપ ડાયેડ પોલિએસ્ટર યાર્ન, ઈલાસ્ટીક, એમ્બ્રોઈડેરેડ ફેબ્રિક્સ અને લેસીસ, ફેન્સી લેસીસ, ફ્લેટ બેડ નીટેડ લેસીસનો સમાવેશ થાય છે. કંપની એમ્બ્રોઈડેરેડ ક્લોથ્સને હકોભા બ્રાન્ડ્સ થકી રીટેલ વેચાણ પણ કરે છે. કંપની તેની પ્રોડક્ટોનું નોર્થ અમેરિકા, લેટીન અમેરિકા, યુરોપ, મિડલ ઈસ્ટ, આફ્રિકાના દેશોમાં નિકાસ પણ કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનું વેચાણ રૂ.૨૩૮.૩૭ કરોડ રહ્યું છે જયારે કંપનીનો નફો ૧૦૭.૩૨ ટકા વધીને રૂ.૮.૨૧ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૩.૨૯ની ઈપીએસ હાંસલ કરી છે અને વર્તમાન ભાવે સ્ટોક માત્ર ૭ના પીઈથી ક્વોટ થઇ રહ્યો છે. જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૨૦ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

પ્રાયમરી માર્કેટ

- Dilip K. Shah

જુન-જુલાઈ મહિનામાં ભારતીય શેરબજારોમાં પવનવેગી તેજીથી પ્રાયમરીમાર્કેટમાં જોરદાર હલચલ

આ સાપ્તાહે એક સાથે મેઈનબોર્ડ IPO, NFO, Rights, ETF, NCDs ઈસ્યુની વણજાર

Rossari Biotech નો મેઈનબોર્ડ ઈસ્યુ રૂ. ૪૨૩ થી ૪૨૫ ના પ્રાઈસબેન્ડથી ૧૩ જુલાઈએ ખુલશે

Yes Bankનો રૂ. ૧૫૦૦૦ કરોડનો એફપીઓ રૂ. ૧૨ ના ફ્લોર પ્રાઈસથી રૂ. ૧૫૦૦૦ કરોડ એકત્ર કરશે

Bharat Bond ETF રૂ. ૩૦૦૦ થી ૧૪૦૦૦ નું ફંડ એકત્ર કરવા ૧૪ જુલાઈએ મુડીબજારમાં

Aditya Birla Fashionનો ૮ જુલાઈએ ખુલેલ રૂ. ૧૧૦ ની ઓફરનો રાઈટ ઈસ્યુ તા. ૨૨ જુલાઈએ બંધ થશે

Muthoot Fin. Corp. ના NCDs ઈસ્યુને જોરદાર પ્રતિસાદ મળતા ૧૩ જુલાઈએ બંધ થશે

Rossari Biotechના IPOનું ભરણું કેટલુ ભરાશે ? લિસ્ટીંગ ક્યારે - કેવું રહેશે ?

Ksolvesના NSE SME IPO ના સાધારણ પ્રિમિયમે લિસ્ટીંગ બાદ ભાવમાં ઉછાળો

Bonlon Ind. ના BSE SME ના રૂ. ૨૮ ના ફિક્સ્ડ ભાવના IPOનું લિસ્ટીંગ ૧૩ જુલાઈએ

કેન્દ્ર સરકાર Coal India અને IDBI Bankમાં સ્ટેક સેલ દ્વારા રૂ. ૨૦,૦૦૦ કરોડ એકત્ર કરશે

ચાઈનાનું બેકીંગ ધરાવતી હૈદ્રાબાદની Gland Pharma રૂ. ૫૦૦૦ કરોડના IPO માટે સેબીમાં

Yes Bankનો FPO, A.B. Fashion - Right ઈસ્યુ અને Bharat Bond ETF ભરાય ?

કોરોના વાઈરસની મહામારી, લોકડાઉન તેમજ માર્ચ-૨૦૨૦ ક્વાર્ટરના નબળા પરિણામોને અવગણીને ભારતીય શેરબજારોની આગેકુચ જારી છે. ભારતીય સૂચકાંકો નિફ્ટ-સેન્સેક્સ છેલ્લાં ત્રણ મહિનામાં લગભગ ૨૦ ટકા ઉછળી ચુક્યા છે જેમાં માત્ર જુન મહિનામાં જ સૂચકાંક ૯ થી ૧૦ ટકાનો જંગી ઉછાળો જોવાયો છે જે છેલ્લાં નવ વર્ષના જુનના આંકડાને માત આપી રહેલ છે. ત્યારબાદ જુલાઈ મહિનાના પ્રથમ સપ્તાહમાં પણ માર્કેટમાં રેલી જળવાઈ રહેવા સાથે એક તબક્કે નિફ્ટી ૧૦,૮૦૦ ની અને સેન્સેક્સે ૩૬,૮૦૦ની સપાટી કુદાવી ચુકેલ છે. હાલમાં નિફ્ટી અને સેન્સેક્સ તેની ઓલટાઈમ લેવલથી લગભગ ૧૨ થી ૧૩ ટકાનું અંતર છે. આ સાથે ભારતીય શેરબજારમાં વૈશ્વિક શેરબજારોની તુલનામાં પણ આઉટ પર્ફોમ બની રહ્યા છે.

આમ સેકન્ડરી માર્કેટના સેન્ટિમેન્ટમાં સતત મજબુતાઈથી પ્રાયમરીમાર્કેટમાં જોરદાર હલચલ જોવઆઈ રહી છે. જુન મહિનાના ગાળામાં SME IPO ના આગમન બાદ લગભગ ચાર મહિનાના લાંબા વેકેશન પછી Main Board IPO - Rossari Biotechનું આગમન થઈ રહ્યું છે. આ સાથે NCDs ઈસ્યુઓની વણજાર ચાલુ જ છે. Muthoot Fin.Corp. નો NCDs ઈસ્યુને રોકાણકારો તરફથી સારો પ્રતિસાદ મળતા ૧૩ જુલાઈના રોજ બંધ થઈ રહ્યો છે.

આ સાથે Aditya Birla Fashionનો Right Issue તા. ૮ જુલાઈના રોજ ખુલી ચુક્યો છે જે ૨૧ જુલાઈના રોજ બંધ થશે. Bharat ETF Tranche - II તા. ૧૪ જુલાઈના રોજ ખુલી રહ્યો છે આ ઉપરાંત Yes Bankનો FPO ૧૫ જુલાઈના રોજ ખુલી રહ્યો છે. આમ આગામી સપ્તાહે Mainboard IPO, NCDs Issue, ETF Issue, Right Issue, NFOના ઈસ્યુઓથી ધમધમતુ જોવાશે. એમ મનાય છે કે, Rossari Biotech નો IPO પ્રાયમરીમાર્કેટમાં પ્રવેશવા સજ્જ બનેલ કંપનીઓ માટે ટેસ્ટ કેસ બની રહેશે.

★ *વિતેલ સપ્તાહના ઈસ્યુઓની ભિતરમાં* :- આ સપ્તાહ દરમ્યાન એકમાત્ર Muthoot Fin. Corp. નો NCDs ઈસ્યુ માર્કેટમાં હયાતી ધરાવતો હતો જ્યારે SME સગ્મેન્ટનો Ksolves Ind. ના NSE SME નું લિસ્ટીંગ થયેલ છે.

Cont...

આ સપ્તાહના Main - line IPO પર એક નજર (Non SME)

Sr	Company	Issue Open Dt. / Issue Close Dt.	Issue size (Rs. Cr.)	Offer price (Rs.)	Min. App.	Rs. 1,00,00 Limit	Rs. 2,00,000 Limit	Listing	Lead Manager	Rating (Out of 50)	Remark
1	Rossari Biotech (Book Building)	13-7-2020 / 15-7-2020	Fresh Issue 11,76,470 (Rs. : 50 Cr.) + OFS : 1,05,00,000 Eq. Total Size : Rs. 496.49 Cr.	423 to 425	35 Shares (Rs. 14,875)	210 Shares (Rs. 89250)	455 Shares (Rs. 1,93,375)	BSE NSE	Axis Bank ICICI Sec.	38% Expensive (Apply for long term)	

Grey Markets Premium

IPOs Name	Offer Price (Rs.)	Premium (Rs.)	Kostak Price *Min. Appl.	Subject to Sauda
Rossari	423 to 425	145 to 150	500 to 525	3200
ABF (RE)	55	17.85 (H : 23)		
Yes Bank (FPO)	--	0.50 to 0.75	500	
	(Rs. 2 Lakh Application price Rs. 3000)			

Don't subscribe IPO only on the basis of Grey premium.
Check the fundamentals of IPO Before Investing

● SME ઈસ્યુઓ :-

Ksolvesનું લિસ્ટીંગ :- રૂ. ૧૦૦ ના ફિક્સ્ડ ભાવના આ IPOનું તા. ૬ જુલાઈના રોજ NSE SME ખાતે સાધારણ પ્રિમિયમે એટલે કે રૂ. ૧૦૧.૧૫ ના ભાવે લિસ્ટીંગ બાદ વધીને ૧૦૬.૯૦ થઈ ઘટીને ૧૦૧.૯૫ થઈ રૂ. ૧૦૬.૯૦ ના ભાવે બંધ રહ્યો હતો જે શુક્રવારના રોજ ૧૦૮ ની સપાટી કુદાવી હતી.

Rossari Biotech Main Line IPO
Lot size & Price for Retail

Shares	Amt.	Shares	Amt.
35	14,875	245	1,04,125
70	29,750	280	1,19,000
105	44,625	315	1,33,875
140	59,500	350	1,48,750
175	74,375	385	1,63,625
210	89,250	420	1,78,500
		455	1,93,375

Listing Information of KSOLVES NSE SME IPO

NSE Symobol	KSOLVES
Listing Date	6-7-2020
Offer Price	Rs. 100.00
Listing Price	Rs. 101.95
Listing Day High	Rs. 106.90
Listing Day Low	Rs. 101.95
Listing Day Close	Rs. 106.90
CMP (10-7-20)	Rs. 108.00

Bonlon Industries :- તા. ૩૦ જુનના રોજ ખુલી ૩ જુલાઈના રોજ બંધ થયેલ રૂ. ૨૮ ના ફિક્સ્ડ ભાવના અને કુલ રૂ. ૧૦.૫૨ કરોડના આ IPO ૧.૩૬ ગણો ભરાયો હતો તેનું લિસ્ટીંગ તા. ૧૩ જુલાઈને સોમવારના રોજ થવા વકી છે.

● NCDs ઈસ્યુઓ :-

Muthoot Finance :- તા. ૨૯ જુનના રોજ ખુલેલ NCDs ઈસ્યુઓનો બેઝ ઈસ્યુ રૂ. ૧૦૦ કરોડનો છે. આ ભરણું અત્યાર સુધીમાં ૨ ગણું છલકાઈ ચુક્યું છે આમ સારા પ્રતિસાદને કારણે ઓરીજીનલ શિડ્યુલ તા. ૧૭ જુલાઈ કરતા વહેલો એટલે કે તા. ૧૩ જુલાઈના રોજ બંધ થઈ રહ્યો છે.

★ આ સપ્તાહના ઈસ્યુઓ :-

● Rossari Biotech મેઈનબોર્ડ IPO :- આશરે ચાર મહિના પછી પ્રાયમરીમાર્કેટમાં આગામી સપ્તાહે ગતિવિધિ જોવા મળશે. આમ SBI Cards ના IPO બાદ સર્જાયેલ લોકડાઉનની સ્થિતિ પછી Rossari Biotech કંપની IPO માર્કેટને Unlock કરાવશે. મુંબઈ સ્થિત સ્પેશ્યાલીટી કેમિકલ્સનું ઉત્પાદન કરતી આ કંપનીએ તા. ૧૩ જુલાઈના રોજ રૂ. ૪૨૩ થી ૪૨૫

Cont...

Non Convertible Debenture (NCD) Issues at a Glance

Sr	Company	Issue Open Issue Close	Bond size (Rs. Cr.)	F.Value (Rs.)	Min. App.	Listing	Rating	Recomm.
1.	Muthoot Fincorp.	29-6-2020 to 17-7-2020	Base Size of Rs.100 Cr. with an option to Retain Oversubscription up to Rs.60 Cr. Aggregating Rs.160 Cr.	1,000/-	10 NCDs (Rs.10,000)	BSE	CRISIL A/Stable BWR A+/Stable	Apply for Long Term
				Lead manager : Vivro Financial Services				

Tentative Timetable for Various IPOs

	Rossari Biotech	Yes Bank (FPO)
Issue Closes	15-7-2020	17-7-2020
Finalisation of Basis of Allotment	20-7-2020	22-7-2020
Refund / Unblocking of Fund from ASBA	21-7-2020	23-7-2020
Credit of Equity Shares to Demat A/c.	22-7-2020	24-7-2020
Listing on BSE / NSE	23-7-2020	27-7-2020

Subscription Figures of SME IPO (Dt. 19-6-20)

IPO	Listing	Day	Subscribed
Bonlon Industries	BSE SME	Issue Closed on 3-7-2020	1.36x
Listing on 13th July, Monday at BSE SME Platform			

(ફેસ વેલ્યુ રૂ. ૨) ના પ્રાઈસબેન્ડથી રૂ. ૪૯૩.૪૯ કરોડનું ભંડોળ એકત્ર કરશે. ઈસ્યુ તા. ૧૫ જુલાઈના રોજ બંધ થશે અને લિસ્ટીંગ BSE NSE ખાતે થશે.

કંપનીની ફેસવેલ્યુ રૂ. ૨ ને રૂ. ૧૦ ની ફેસવેલ્યુમાં કન્વર્ટ કરતા ઓફરભાવ રૂ. ૨૧૧૫ થી ૨૧૨૫ થવા જાય છે. ઉપરાંત પોસ્ટ ઈસ્યુ ડાયલ્યુટેડ ઈક્વિટીના આધારે વર્તમાન ઓફરભાવે P/BV ૭.૫૨ અને P/E ૩૪ ને ધ્યાનમાં લેતા વેલ્યુએશન તેમજ ઓફર મોંઘી છે. આમ છત્તાં કેમિકલ સેક્ટરમાં ફેન્સી તેમજ સારા રિર્ટનની શકયતાએ આ જોખમી ઈસ્યુમાં લોંગટર્મ રોકાણ માટે વિચારાય. રૂ. ૫૦૦ કરોડના ઈસ્યુમાં રૂ. ૪૫૦ કરોડ પ્રમોટર્સના હાથમાં જવાના છે.

Subscription figure of Muthoot Fincorp.

Category	No. of Bond Offered/ Reserved	Issue Subscribed 10-7-2020
Cat. 1 QIB	50,000	0.00x
Cat. 2 NII	2,50,000	2.95x
Cat. 3 HNI	7,00,000	1.88x
Total	10,00,000	2.06x

આ IPOની એન્કર બુકમાં દેશ-વિદેશના સંસ્થાકીય ઈન્વેસ્ટર્સ રૂ. ૧૪૯ કરોડનું રોકાણ કર્યું છે જેમાં SBI MF, ICICI Prud. MF, HDFC MF, White Oak, Malbar, Godlman Sachs, HSBC Life વિગેરે શેર એલોટ થયા છે. આ IPOનું વિસ્તૃત એનાલીસીસ અલગ બોક્સમાં દર્શાવેલ છે.

ભરણું કેટલુ ભરાશે ? :- આ IPO રીટેલમાં ૮/૧૦ ટાઈમ ભરાવાની વકી છે. જ્યારે HNI અને QIB માં અનેકગણો ભરાઈ શકે છે.

એલોટમેન્ટ :- તા. ૨૦ જુલાઈએ જાહેર થશે.

રિફંડ :- આ IPOમાં ASBAમાં ૨૧ જુલાઈએ ફંડ અનલોક થશે અને ડિમેટ ખાતામાં તા. ૨૨ જુલાઈના રોજ શેર જમા આવશે.

લિસ્ટીંગ :- આ શેરનું લિસ્ટીંગ તા. ૨૩ જુલાઈના રોજ થઈ શકે છે. વર્તમાન સંજોગોને ધ્યાનમાં લેતા શેરનું લિસ્ટીંગ રૂ. ૫૨૫ થી ૫૫૦ ની આસપાસ સારા બજારે થઈ શકે છે.

***★ PSU ડિસઈન્વેસ્ટમેન્ટ** :- બજારમાંથી પ્રાપ્ત અહેવાલો અનુસાર કેન્દ્ર સરકાર Coal India અને IDBI Bank માં સ્ટેક સેલ દ્વારા રૂ. ૨૦૦૦૦ કરોડ એકત્ર કરવાની યોજના બનાવી રહેલ છે. એમ માનવામાં આવે છે કે, Coal Indiaનું વેલ્યુએશન આકર્ષક નહી રહે તો સરકાર બાયબેક યોજના માટે પણ વિચારી શકે છે.*

***● Gland Pharma** :- ચાઈનાનું બેન્કીંગ ધરાવતી ઈન્જેક્ટેબલ ડ્રગ્ઝનું ઉત્પાદન કરતી હૈદ્રાબાદ સ્થિત રૂ. ૫૦૦૦ કરોડ થી ૬૦૦૦ કરોડનો IPO લાવવા સેબીમાં DRHP ફાઈલ કરાવ્યું છે. આ પ્રથમ ભારતીય કંપનીનો IPO છે જેની પેટન્ટ કંપની ચાઈનાની છે જે શાંગાઈ સ્થિત Fosun Pharma છે. City, Kotak Capital, Nomura, Haitong Sec. મર્ચન્ટ બેન્કર્સ છે.*

આ સપ્તાહના FPO પર એક નજર

Sr	Company	Issue Open Dt. Issue Close Dt.	Issue size (Rs. Cr.)	Offer price (Rs.)	Market Lot	Listing	Lead Manager	Recomm.
1	Yes Bank Ltd. (FPO)	15-7-2020 to 17-7-2020	11,55,12,82,051 Eq. Shares (Rs. 14,984.62Cr.)	12 to 13 (F.V. 2)	1000 Shares (Rs. 13000)	BSE NSE	Axis Bank, BoA Merrill Lynch, Citigroup Global, HSBC, Kotak, SBI Capital, Yes Bank Ltd.	Apply for Long Term

* Rs. 1 Discount for Employee

Yes Bank FPO

ખાનગી ક્ષેત્રની આ બેન્ક ફોલઓન પબ્લિક ઈસ્યુ (FPO) માં નવા ઈક્વિટી શેર જારી કરીને રૂ. ૧૫,૦૦૦ કરોડ એકત્ર કરશે. આ ઈસ્યુ તા. ૧૫ જુલાઈએ ખુલી તા. ૧૭ જુલાઈના રોજ બંધ થશે. બેન્ક કર્મચારીઓ માટે રૂ. ૨૦૦ કરોડના ઈક્વિટી શેર્સ અનામત રાખવામાં આવ્યા છે. આ IPOમાં ફ્લોર પ્રાઈસ રૂ. ૧૨ અને કેપ પ્રાઈસ રૂ. ૧૩ નિર્ધારીત કરાય છે. Employeeને રૂ. ૧ ડિસ્કાઉન્ટમાં આપવામાં આવશે. લોટ સાઈઝ ૧૦૦૦ શેર્સની રહેશે. શેરની ફેસવેલ્યુ રૂ. ૨ છે. એન્કર ઈન્વેસ્ટર્સ બિડિંગ ૧૪ જુલાઈએ થશે. QIB માં હિસ્સો ૫૦ ટકા, HNIમાં ૧૫ ટકા અને રિટેલમાં ૩૫ ટકા રહેશે. લિસ્ટીંગ BSE NSE ખાતે થશે. લીડ મેનેજર Axis Capital, Kotak Capital, SBI Capital, City Group, HSBC Sec., ICICI Sec., Yes Sec. છે. રજીસ્ટ્રાર KFin Technologies છે.

પ્રાપ્ત અહેવાલો અનુસાર આ ઈસ્યુમાં SBI તેનું ૪૮ ટકા હોલ્ડિંગ જાળવી રાખવા રૂ. ૧૭૬૦ કરોડનું રોકાણ કરશે. આમ SBIના પીઠબળને કારણે મોટા ઈન્વેસ્ટરો આ FPOમાં રોકાણ કરશે. Acnhor ઈન્વેસ્ટર્સ રૂ. ૪૫૦૦ કરોડનું રોકાણ કરશે. અમેરિકાના એસેટ મેનેજર ટિલ્ડન પાર્ક, LIC, HDFC AMC અને HDFC Standard Life પણ રોકાણની યોજના ધરાવે છે. ઉપરાંત ICICI Life Insurance, Max Life Insurance, ICICI Prudential MF પણ રોકાણ માટે વિચારી રહેલ છે. એમ મનાય છે કે, LIC અને ટિલ્ડન પાર્ક ૯ ટકા હિસ્સો ખરીદે તેવી શકયતા છે.

આ FPOમાં એલોટમેન્ટ તા. ૨૨ જુલાઈએ, રિફંડ / અસબામાં ફંડ Unlock ૨૩ જુલાઈ, ડીમેટ ખાતામાં શેર ૨૪ જુને ક્રેડિટ થશે અને શેરનું લિસ્ટીંગ BSE - NSE ખાતે તા. ૨૭ જુલાઈના રોજ થશે. આ FPOના ફ્લોર પ્રાઈસની જાહેરાત સાથે યસ બેન્કના શેરમાં ૯ ટકાનો કડાકો બોલી જવા સામે શેર રૂ. ૨૫ ની આસપાસના ભાવે ટ્રેડ થતો હતો. જો કે, FPOનો ઓફરભાવ હજીયે ૫૦ ટકા ડિસ્કાઉન્ટમાં મળી રહ્યો છે.

Aditya Birla Fashion Right Issue

દેશની સૌથી મોટી એપરલ કંપની રૂ. ૯૯૫ કરોડનો રાઈટ ઈસ્યુ તા. ૮ જુલાઈના રોજ ખુલી ચુક્યો છે. કંપની પ્રતિ શેર રૂ. ૧૧૦ ના ભાવે ૯,૦૪,૬૫,૬૯૩ ઈક્વિટી શેર્સ ઈસ્યુ કરશે. ઈન્વેસ્ટરોએ પ્રથમ હપ્તો ૫૦ (શેરદીઠ રૂ. ૫૫) એપ્લીકેશન સમયે અને બાકીની રકમ બે હપ્તામાં એટલે કે બીજો હપ્તો જાન્યુઆરી ૨૦૨૧ માં રૂ. ૨૭.૫૦ અને જુલાઈ ૨૦૨૧ માં રૂ. ૨૭.૫૦ ભરવાના રહેશે.

ભલામણ :- A.B. Fashion નો શેર તેની બાવન સપ્તાહની ટોચથી ૫૬ ટકા તુટી ચુક્યો છે અને રૂ. ૧૨૧ ની આસપાસ છે. કંપનીના પોર્ટફોલિયોમાં Louis Phillipe, Van Hussen, Park England, Pantaloon જેવી બ્રાન્ડનો સમાવેશ થાય છે. કંપની આ ઇસ્યુના ફંડ દ્વારા દેવામાં ૨૫ ટકાનો ઘટાડો કરશે. કંપની ઓફર ફંડની સાથે ખર્ચમાં પણ ઘટાડો કરી રહી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦માં ઈબીઆઈટડીડીએ રૂ. ૬૦૦ કરોડ નોંધાવે તેવી શકયતા છે. ઈસ્યુનો ભાવ નાણાંકીય વર્ષ ૨૦૨૨ ના EV/EBITDA ના ૨૦ ગણા થવા જાય છે. જે હરીફ કંપની Trent કે Westside રીટેલ વેન્ચર્સ તેની EV/EBITDA ના ૪૦ ગણાએ ટ્રેડ થઈ રહેલ છે. આ સંજોગોમાં ઈન્વેસ્ટરો માટે આ ઓફર વેલ્યુ બેટ બની રહેશે.

Aditya Birla Fashion and Retail (ABFRL) Right Entitlement

Right Issue Opened	**8-7-2020**
Right Issue Closed	**22-7-2020**
Partly Paid Equity Shares	**9,04,65,693 Eq. Shares Rs. 995 Cr.**
Offer Price	**Rs. 110**
Investors will have pay by July 22,	**50% (Rs. 55 Per Share)**
Remaining Amount will be paid	
On January 2021	**25 % (Rs. 27.5 Per Share)**
On July 2021	**25% on July 2021**

Price Movement on 10-7-2020

Open : 23.00 ; High : 24.95 ; Low : 17.95 ; Closed : 19.10

Recommendation : Value Bet

Bharat Bond ETF

ભારત બોન્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ (ETF) ના Tranche - 2 નો ઈસ્યુ તા. ૧૪ જુલાઈના રોજ ખુલી રહ્યો છે. DIPAM દ્વારા લોંચ થઈ રહેલ ઈસ્યુ ભારતનો સૌ પ્રથમ કોર્પોરેટ ડેબ્ટ ઈટીએફ ઈસ્યુ બની રહેશે જેને Edelweiss AMC દ્વારા મેનેજ કરાઈ રહ્યો છે. ડિસેમ્બર ૨૦૧૯માં આવેલ ફર્સ્ટ ટ્રેન્ચની જેમ આ Tranche - 2 બે મુદતના રહેશે. જેમાં ૧૦ વર્ષની મુદતે એપ્રિલ ૨૦૩૧ માં અને પાંચ વર્ષની મુદતના Bharat Bond ETF એપ્રિલ ૨૦૨૫ માં પાકશે. આ બોન્ડ ઈસ્યુ દ્વારા રૂ. ૩૦૦૦ થી રૂ. ૧૪૦૦૦ કરોડ સુધીનું ફંડ એકત્રિત કરાશે. જેનું રોકાણ જાહેર ક્ષેત્રની એએએ રેટિંગ ધરાવતી જેવી કે, PFC, REC, Power Grid શેરના હાઉસીંગ બેન્કમાં ૧૫ ટકાની મર્યાદામાં રોકાણ કરશે.

આ ઈસ્યુમાં રિટેલ ઈન્વેસ્ટરો માટે ૨૫ ટકા અનામત રાખવામાં આવેલ છે જ્યારે બાકીનો હિસ્સો QIBનો રહેશે. આ બોન્ડસનું ટ્રેડિંગ NSE ખાતે થશે. ૨૦૨૫ના બોન્ડસમાં ઈન્વેસ્ટર્સ ન્યુનત્તમ રૂ. ૧૦૦૧ અને ત્યારબાદ ૧ ના મલ્ટીપલમાં અને મહત્તમ રૂ. ૨ લાખ સુધીનું રોકાણ કરી શકશે. હાલમાં ડિસેમ્બરમાં લોંચ થયેલ ભારત ઈટીએફ એપ્રિલ ૨૦૨૩ અને એપ્રિલ ૨૦૩૦ની એયુએમ અનુક્રમે ૫૧૫૧ કરોડ અને ૮૫૮૫ કરોડ છે જ્યારે લોંચ થયા બાદ અનુક્રમે વળતર ૭.૪૯ ટકા અને ૯.૧૫ ટકા મળી રહ્યું છે.

Bharat Bond ETF: Second tranche : April 2025 & April 2031
Issue Opens on July 14 & Closes on July 17

Offer 2 Variants	**5 Year (Mature in April 2025)**
	10 Year (Mature on April 2031)
Bharat Bond FoF : April 2025	**Income over the target maturity point**
Bharat Bond FoF : April 2031	**Income over the**
Index Yield : 2025	**5.49% Indicative Yield on 9 July 2020**
Index Yield : 2031	**6.64% Indicative Yield on 9 July 2020**
Fund Raise	**Between Rs. 3000 Cr. to 14000 Cr.**
Retail Investment in the 2025 Bond	**Minimum Rs. 1001 and in Multiple of Rs. 1 thereafter** **Maximum amount of Rs. 2,00,000**
Fund Manager Fund Manager	**Mr. Dhawal Dalal (Managing the Scheme Since Inception)**
Co-Fund Manager:	**Mr. Gautam Kaul (Managing the Scheme Since Inception)**
Name of the Trustee	**Edelweiss Trusteeship Company Limited**
Issuers (April 2025)	**PFC, REC, Power Grid, National Housing, Indian Oil,** **National Bank for Agricluture, HPCL, NHPC,** **Export - Import Bank of India, Indian Railway Finance,** **NTPC, Nuclear Power Corporation**
Issuers (April 2031)	**PFC, REC, Power Grid, NHAI, Nuclear Power,** **Indian Railway Finance, HUDCO, NHPC**

ગ્રે માર્કેટની ખાટ્ટી - મીઠ્ઠી

પ્રાયમરીમાર્કેટમાં નવા ઈસ્યુઓના આગમનથી ગ્રે માર્કેટ Unlcok બન્યું

ગ્રે માર્કેટમાં Rossari Biotech IPOના પ્રિમિયમ, કોષ્ટક, સબ્જેક્ટ-ટુમાં ગરમાવો

ABFRL ના REના શેરમાં આરંભમાં ૪૦ ટકા ઉછાળા બાદ હાલમાં કડાકા

Yes Bank ના FPO ના વ્યાજના કોષ્ટકમાં મોટાપાયે કામકાજ

શનિવારે સાંજે ગ્રે માર્કેટમાં Rossari Biotech ના પ્રિમિયમ - કોષ્ટકભાવમાં વોલ્યુમ સાથે ઉછાળો

છેલ્લે ૧૬ માર્ચે SBI Cards ના IPOના ભારે ડિસ્કાઉન્ટમાં લિસ્ટીંગ બાદ ગ્રેમાર્કેટ તદ્દન નિષ્ક્રિય બની ગયું હતું. જો કે, કોરોના વાઈરસની મહામારી અને લોકડાઉનને પગલે પ્રાયમરીમાર્કેટમાં છેલ્લાં ચાર મહિના દરમ્યાન નવા IPOની ગેરહાજરી વર્તાઈ હતી પરંતુ હવે ૧૩ જુલાઈએ Rossari Biotech ના મેઈનબોર્ડ IPOથી પ્રાયમરીમાર્કેટની સાથે ગ્રે માર્કેટ પણ Unlock થતા ફરી એકવાર પ્રિમિયમ, કોષ્ટક અને સબ્જેક્ટ ટુ ના ભાવો ધમધમાટ જોવા મળ્યો છે. આ સાથે Yes Bank ના FPO અને Aditya Birla Fashionના Right Entitlement (RE) ના મોટાપાયે કામકાજ જોવાઈ રહ્યા છે.

● ***Rossari Biotech :-*** આ IPOની જાહેરાત સાથે ગ્રે માર્કેટ સક્રિય બની જવા પામ્યું હતું અને તા. ૬ જુલાઈના રોજ રૂ. ૪૫ ના પ્રિમિયમે તથા વ્યાજના કોષ્ટકના રૂ. ૪૦૦ ના ભાવે સોદા શરૂ થયા હતા ત્યારબાદ તા. ૭ જુલાઈએ પ્રિમિયમભાવ ઉછળીને રૂ. ૯૫/૧૦૦ તથા મીનીમમ એપ્લીકેશનના કોષ્ટકભાવ ૪૦૦ ના ભાવ નોંધાય હતા જો કે, સબ્જેક્ટ ટુ ના રૂ. ૧૪૦૦/ ૧૫૦૦ ના ભાવે સોદાનો આરંભ થયો હતો. તા. ૮ જુલાઈના રોજ કોષ્ટક ભાવ રૂ. ૪૦૦ ના મથાળે ટકે હતા પરંતુ પ્રિમિયમભાવ ઉછળીને રૂ. ૧૩૦ અને સબ્જેક્ટ ટુ ના ભાવ ઉછળીને રૂ. ૨૭૦૦ નોંધાયા હતા ત્યારબાદ હાલમાં કોષ્ટકભાવ રૂ. ૪૦૦ ના મથાળે ટકેલા જ્યારે પ્રિમિયમ ભાવ ઘટીને રૂ. ૧૧૩ થી ૧૧૬ રહ્યા હતા. જ્યારે સબ્જેક્ટ ટુ ઉછળીને રૂ. ૩૩૦૦/૩૫૦૦ થતા અફરા-તફરીનો માહોલ વર્તાઈ રહ્યો છે.

● ***Aditya Birla Fashion - Right Issue :-*** ઉલ્લેખનીય છે કે, ગત મહિના દરમ્યાન શરૂ થયેલા આ પ્લેટફોર્મ પર રિલાયન્સ આરઈના શેરમાં રોજરાદર ઉથલ-પાથલ જોવા મળી હતી. હાલમાં એ.બી. ફેશનનો રાઈટ ઈસ્યુ તા. ૮ જુલાઈના રોજ પ્રતિ શેર રૂ. ૧૧૦ ની ઓફરથી ખુલી જતા આ Right Entitlement પ્લેટફોર્મ પર તેના સોદા શરૂ થઈ ચુક્યા છે. મહત્વની બાબત એ છે કે, પ્રથમ દિવસે ૮ જુલાઈએ ABFRL તેની Intrinsic Value ના ૪૦ ટકા પ્રિમિયમે સોદા થયા હતા.Intrinsic Value ને Aditya Birla Fashion શેર પ્રાઈસ (રૂ. ૧૨૬.૪૫ અને રાઈટ્સ ઈસ્યુના ઓફર ભાવ રૂ. ૧૧૦ વચ્ચેનો તફાવત છે. આમ Right Entitlement (RE) ના ભાવ શેરના વેલ્યુએ રૂ. ૨૩ ના સ્તરે જોવાયા હતા ત્યારબાદ એક તબક્કે આરઈના ભાવ ઉછળીને રૂ. ૩૨ થઈ ઘટીને રૂ. ૧૫ જોવાયા હતા. ૧૦ જુન શુક્રવારના રોજ આરઈનો ભાવ તુટીને રૂ. ૧૭.૮૫ જોવાયો હતો.

● ***Yes Bank*** :- યસ બેન્કના ફોલઓન ઈસ્યુ માટે પણ ગ્રે માર્કેટ ગરમ બની રહ્યું છે. પ્રાપ્ત એહવાલો અનુસાર હાલમાં ન્યુનત્તમ - મહત્તમ એપ્લીકેશનના વ્યાજના કોષ્ટકના ભાવે કામકાજ થઈ રહ્યા છે જેમાં મીનીમમ અરજી માટે વ્યાજના કોષ્ટકના રૂ. ૯૦૦ અને રૂ. ૨ લાખની અરજીના રૂ. ૨૭૦૦ ના ભાવે કામકાજ થઈ રહ્યા છે.

શનિવારે સાંજે ગ્રે માર્કેટમાંથી પ્રાપ્ત અહેવાલો અનુસાર Rossari Biotech ના પ્રિમિયમ, કોષ્ટક તેમજ સબ્જેક્ટ ટુના ભાવોમાં એકાએક ઉછાળો નોંધાયો હતો. આ સાથે Yes Bank ના મીનીમમ અરજીના કોષ્ટક ભાવમાં કડાકો બોલી જવા પામ્યો હતો જ્યારે ૨ લાખની એપ્લીકેશનના ભાવમાં ઉછાળો નોંધાયો હતો.

Rossari Biotech Main Line IPO

તા. ૧૩ જુલાઈના રોજ ખુલી ૧૫ જુલાઈના રોજ બંધ થશે
પ્રાઈસ બેન્ડ રૂ. ૪૨૩ થી ૪૨૫ : લિસ્ટીંગ BSE NSE ખાતે થશે
વર્તમાન ઓફરભાવે ઉંચી P/BV તથા PEને ધ્યાનમાં લેતા ઓફરભાવ ઓવરપ્રાઈઝડ છે
કંપનીની સ્થિર - મજબુત નાણાંકીય કામગીરી, એસેટ લાઈટ મોડલ, જંગી વિસ્તરણ નવા સેગમેન્ટમાં ડાયવર્સીફીકેશન, વિશાળ ગ્રાહક વર્ગ, તેમજ સરકારના ફોકસને ધ્યાનમાં લેતા ભાવિ ઉજ્જવળ
આ ઈસ્યુમાં રોકાણકારો લાંબાગાળા માટે રોકાણ કરી શકે છે

મુંબઈ સ્થિત સ્પેશ્યાલીટી કેમિકલ્સનું ઉત્પાદન કરતી રોસારી બાયોટેક લી. ની વર્કિંગ કેપીટલની જરૂરિયાત તથા દેવાના રિપમેન્ટ માટે રૂ. ૪૬૯.૨૫ કરોડના આઈપીઓ સાથે માર્કેટમાં પ્રવેશી રહી છે. કંપનીએ પ્રિ-આઈપીઓ રાઉન્ડમાં રૂ. ૨૦૦ કરોડનું ભંડોળ એકત્ર કર્યું છે. ૨૦03માં પાર્ટનરશીપ ફર્મ તરીકે સ્થાપયેલ આ કંપની ૨૦૦૯માં લિમિટેડ કંપનીમાં કન્વર્ટ થઈ હતી. કંપની FMCG, apparels, poultry and animal feed industries ને સર્વિસ પ્રોવાઈ ડકરે છે. ઉપરાંત કંપની ટેક્ષ્ટાઈલ્સ, સ્પેશ્યાલીટી કેમિકલ્સ પ્રોડકટસ પણ બનાવે છે. કંપનીના મુખ્ય ગ્રાહકોમાં એચયુએલ, આરએસપીએલ (ઘડી ડીટરજન્ટ) આઈએફડી ઈન્ડ. વિગેરેનો સમાવેશ થાય છે. કંપનીનો બિઝનેસ ૧૮ દેશોમાં - India, Bangladesh, Vietnam, and Mauritius ખાતે હાજરી ધરાવે છે.

Issue Details

- Issue Opens on 13th July & Closes on 15th July, 2020
- Object of the issue : Re/Pre Payment of certain indebtedness availed by the Company, Working Capital Requirment
- Issue Size : 11,676,470 Equity Shares (Fresh Equity : 11,76,470 = Rs. 50 Cr.) • OFS : 1,05,00,000 Eq. Shares

Financial Performance Consolidated Basis

Particulars (Rs. Cr.)	FY 18	FY-19	FY-20
Total Revenue	300.43	517.12	603.82
Profit After Tax	25.40	45.68	65.23
EPS	5.25	9.44	13.42
RONW (%)	34.08	43.32	31.79

- Face Value Rs. 2, Total Rs. 493.91 to 496.49 Cr. . • Offer price Rs. 423 to 425 Per Share
- Minimum Lot : 35 Shares Shares • Listing : BSE NSE Platform
- BRLM's : Axis Bank, ICICI Sec. • Registrar : Link Intime India Pvt. Ltd.
- Company Management : Mr. Edward Menezes and Mr. Sunil Chari.
- Pre Issue Promoter Holding : 95.06%
- Issue Constitutes : 22.49% of the post issue paid up capital
- Average of last 3 Yrs. EPS Rs. 10.73 & RONW 36.02%
- Pre IPO Equity Capital Rs. : 10.15 Cr.Post IPO Eq. Capital Rs. 10.39 Cr.
- Pre IPO P/BV Ratio : 7.52 (NAV : 56.48) • Post IPO asking P/E on Fully diluted equity : 33.75
- Industry Peer Group PE Ratio : 30
- BRLM's performance : Total 31st issue from BRLM in last 3 Years. 17 Issues opened with premium & 14 issue opened with Discount.

સિક્કાની બીજી બાજુ

- કંપનીના પ્રમોટર્સની શેરદીઠ સરેરાશ પડતર રૂ. ૪.૧૬ થી ૪.૧૭ છે.
- કંપનીના શેરની વર્તમાન ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. ઓફરભાવ રૂ. ૪૨૩ થી ૪૨૫ છે. આ ફેઈસવેલ્યુને રૂ. ૧૦માં કન્વર્ટ કરવામાં આવે તો ઓફરભાવ રૂ. ૨૧૧૫ થી ૨૧૨૫ થવા જાય છે.
- કંપનીએ ડિસેમ્બર ૨૦૧૫માં ૬:૫ ના પ્રમાણમાં બોનસ શેર ઈસ્યુ કર્યા હતા.
- કંપનીના ટોચના પાંચ ગ્રાહકો કુલ આવકમાં ૪૩.૯૫ ટકા હિસ્સો ધરાવે છે.
- કંપની હાલમાં તેના ગ્રાહકો સાથે કોઈ લોંગટર્મ કરાર ધરાવતી નથી.
- આ સેગમેન્ટમાં ઉંચી વર્કીંગ કેપીટલ તેમજ લેબરની જરૂરિયાત રહે છે એટલુ જ નહીં, કંપનીની કેટલીક પ્રોડકટો જોખમી છે.
- આ કંપનીને આ આઈપીઓના ઓફર ફોર સેલ થકી કોઈ ફંડ પ્રાપ્ત નહીં થાય.
- નાણાંકીય વર્ષ ૨૦૨૦ માં કંપનીના RONW તેમજ ROCEમાં ઘટાડો નોંધાયો છે.

ભલામણ: વર્તમાન ઓફરભાવ પી/બીવી ૭.૫૨ અને પીઈ ૩૩.૭૫ ને ધ્યાનમાં લેતા આ ઈસ્યુ ઓવરપ્રાઈઝડ જણાય છે પરંતુ કંપનીની સ્થિર તેમજ મજબુત નાણાંકીય કામગીરી, એસેટ લાઈટ મોડલ, જંગી વિસ્તરણ યોજના (2.5x by FY21), ટેક્ષ્ટાઈલ્સ કેમીકલ્સમાં લીડરશીપ, નવી પ્રોડકટસમાં ડાયવર્સીફીકેશન, એમએનસી સાથે વિસ્તૃત ગ્રાહક વર્ગ, સરકાર તરફથી આ ઈન્ડ.ને મળી રહેલ બુસ્ટર ડોઝ તેમજ નિકાસમાં રાહતોને ધ્યાનમાં લેતા ઉજ્જવળ ભાવિ ધરાવતા આ ઈસ્યુમાં લાંબાગાળા માટે રોકાણ કરી શકાય.

સ્માર્ટ બેસ્ટ બાય

S. N. Zaveri

આરઆઈએલ હવે ઉડ્ડયન ઈંધણ બજાર પર કબજો જમાવવાની યોજના

Reliance Ind. (Rs. 1878.00) (Code : 500325)

આરઆઈએલ : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. (આરઆઈએલ)એ તેના એવિએશન ઈંધણ સ્ટેશન્સ ૫૦ ટકા વધારવાની યોજના બનાવી છે, કારણ કે કંપનીએ હાલ જાહેર ક્ષેત્રની ઓઈલ રીટેલ કંપનીઓના નિયંત્રણ હેઠળના કારોબારમાં તેનો બજાર હિસ્સો વધારવા પર નજર દોડાવી છે. તેના લેટેસ્ટ વાર્ષિક રિપોર્ટમાં આરઆઈએલે જણાવ્યું હતું કે કોવિડ-૧૯ મહામારીના કારણે સતત બાવન મહિનાથી વધુનો દ્વિ-અંકી વૃદ્ધિદર અટકી શકે છે, પરંતુ ભારત સતત પાંચમા વર્ષે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા ઉડ્ડયન બજારોમાંનું એક છે. આરઆઈએલે એરપોર્ટ્સ પર રી-ફ્યુઅલ એરપ્લેન્સની હાજરી વધારીને આ તક ઝડપવાની યોજના બનાવી છે. ભારતમાં એર-પેસેન્જર ટ્રાફિક ફેબ્રુઆરીમાં ૯ ટકા વધ્યો છે. આરઆઈએલ તેનું નેટવર્ક હાલ ૩૧થી વધારીને ૪૫ લોકેશન પર કરવા અંગે નજર દોડાવી રહી છે. તાજેતરમાં કંપનીએ રૂ. ૫૩,૧૨૪ કરોડનો રાઈટ્સ ઈશ્યુ પૂરો કર્યો હતો, જે ખૂબ જ સફળ રહ્યો છે. જિયોના હિસ્સાના વેચાણથી કંપનીને રૂ. ૧ લાખ કરોડથી વધુની રકમ મળી છે, જેથી કંપની તેના લક્ષ્યાંકના આઠ મહિના પહેલાં જ દેવા મુક્ત બની ગઈ છે. આ સ્ટોકમાં રોકાણ કરો અને લાંબાગાળા માટે જાળવી રાખો.

ટાટા કન્ઝ્યુમર : ટી અને સોલ્ટ બિઝનેસમાં ઝડપી વૃદ્ધિની સંભાવના

Tata Consumer (Rs. 430.00) (Code : 500800)

ટાટા કન્ઝ્યુમર : ક્રેડિટ સુસીએ અસાધારણ રેટિંગ અને રૂ. ૪૯૦ના ટાર્ગેટ પ્રાઈસ સાથે ટાટા કન્ઝ્યુમર પર કવરેજ શરૂ કર્યું છે. તેને ટી અને સોલ્ટ બિઝનેસમાં ઝડપી વૃદ્ધિની વ્યાપક સંભાવનાઓ જણાય છે અને તેનું માનવું છે કે સ્ટારબક્સની લાંબાગાળાની સંભાવનાઓ યથાવત્ છે. કંપનીને નાણાકીય વર્ષ ૨૦-૨૩ના સીએજીઆર (કમ્પાઉન્ડેડ એન્યુઅલ ગ્રોથ રેટ) કરતાં ૧૬ ટકા વધુ આવકની અપેક્ષા છે, જે નાણાકીય વર્ષ ૨૩ સુધીમાં ઉદ્યોગ અને આરઓઆઈસી (રિટર્ન ઓન ઈન્વેસ્ટેડ કેપિટલ કરતાં ૩૪ ટકા વધુ હોઈ શકે છે. ટાટા કન્ઝ્યુમર ટાટા ગ્રૂપના ફ્લેગશિપ બિઝનેસ તરીકે પરિવર્તન પામી રહ્યો છે. તેનો આશય સોલ્ટ અને ફૂડ બિઝનેસના મર્જર સાથે ગ્રાહકોની હાજરી વધારવાનો છે. આ માટે સૌપ્રથમ મોટી તક તરીકે અને બીજું મોટા પરિવર્તન તરીકે મજબૂત ટ્રેક રેકોર્ડ ધરાવતા નવા સીઈઓની નિમણૂક કરવામાં આવી છે. સોલ્ટમાં ટીસીએલ ૩૦ ટકા બજાર હિસ્સો ધરાવતી એકમાત્ર રાષ્ટ્રીય કંપની છે. નવો ફૂડ બિઝનેસ અને સ્ટારબક્સ ટાટા કન્ઝ્યુમર માટે લાંબાગાળાની સંભાવનાઓ ધરાવે છે. સ્ટારબક્સ બિઝનેસ બ્રેકઈવનની નજીક છે. બ્રાન્ડેડ કઠોળ અને મસાલામાં કંપનીની વર્તમાન હાજરીથી નાણાકી વર્ષ ૨૦-૨૩ના સમય સુધીમાં ૪૦ ટકાની કમ્પાઉન્ડેડ વૃદ્ધિ જોવા મળી શકે છે. આ સ્ટોક એકત્ર કરવો મૂલ્યવાન છે.

બજાજ ફાઈનાન્સઃ એનબીએફસી સેક્ટરનો સૌથી મજબૂત શેર

Bajaj Finance (Rs. 3313.00) (Code : 500034)

બજાજ ફાઈનાન્સ : બજાજ ફાઈનાન્સ દેશની સૌથી મોટી નોન-બેન્કિંગ કન્ઝ્યુમર ફાઈનાન્સ કંપની છે. કંપની પાયાના સ્તરે સુધારાની વાત કરી રહી છે અને મોરેટોરિયમનો વિકલ્પ પસંદ કરનારા લોકોની સંખ્યા પણ ઘટી શકે છે. આ સ્ટોક મલ્ટીબેગર સ્ટોક છે અને તે આંતરરાષ્ટ્રીય તેમજ સ્થાનિક રોકાણકારોની સ્પષ્ટ પ્રથમ પસંદગી છે. માર્ચ ક્વાર્ટર મુજબ ૮૪૨ વિદેશી સંસ્થાગત રોકાણકારો (એફઆઈઆઈસ) સંયુક્તપણે ૨૧.૧૬ ટકા હિસ્સો ધરાવે છે, જેમાં ગવર્મેન્ટ ઓફ સિંગાપોરના ૪.૫૧ ટકા હિસ્સાનો સમાવેશ થાય છે. એનબીએફસી કટોકટીનો સારી રીતે સામનો કર્યો છે અને સ્ટોકનો ગુણવત્તાપૂર્ણ કારોબાર અગાઉના તળીયેથી નોંધપાત્ર સુધર્યો છે. બજાજ ફાઈનાન્સના સ્ટોકે છેલ્લા દાયકાથી વધુ સમયમાં ૬૨૬૧ ટકા, છેલ્લા પાંચ વર્ષમાં ૪૫૯ ટકા અને છેલ્લા ૩ મહિનામાં ૧૧૦ ટકા રીટર્ન આપ્યું છે. બજાજ ફાઈનાન્સે વ્યાપક સંખ્યાઓમાં તેની શાખાઓ શરૂ કરી છે. પ્રત્યેક ઘટાડે આ શેર ભેગા કરો.

Cont...

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાં સ્કોર્પિયો અને બોલેરોના દમ પર આગેકૂચ

M & M (Rs. 554.00) (Code : 500520)

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાઃ ગ્રામીણ અને અર્ધ શહેરી બજારોમાં વ્યાપક લોકપ્રિયતા અને ગ્રાહકોની વફાદારીના પગલે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિ. (એમએન્ડએમ) એકંદર પેસેન્જર કાર સેગ્મેન્ટ્માં ધીમી ગતિએ સુધારો જોવા મળી રહ્યો છે ત્યારે મુશ્કેલ મહિનાઓમાં વોલ્યુમમાં વૃદ્ધિ માટે મજબૂત યુટિલિટી વ્હિકલ સ્કોર્પિયો અને બોલેરો પર આધાર રાખી રહી છે. સ્કોર્પિયો અને બોલેરોનું ૫૦ ટકાથી વધુ વેચાણ અર્ધ શહેરી અને ગ્રામીણ બજારોમાં છે. કોવિડ-૧૯ની કટોકટી છતાં બોલેરો, સ્કોર્પિયો અને પીક-અપ્સની માગ લગભગ જૂન ૨૦૧૯ જેટલી જ રહી છે, જેમાં ગ્રામીણ અને અપકન્ટ્રી બજારોનું પ્રભુત્વ રહ્યું છે. ગ્રામીણ બજારોમાં અટકી રહેલી માગ, ખૂબ જ સારી વાવેતરની સીઝન, સરકારી ખર્ચ, જળાશયોના ઊંચા સ્તર અને અપેક્ષા કરતાં સારા ખરીફ વાવેતરને પગલે મે અને જૂન મહિનામાં મજબૂત રીકવરી આવી છે. એમએન્ડએમે જૂનમાં તેના ટ્રેક્ટરના વેચાણમાં વાર્ષિક ધોરણે ૧૨ ટકાની વૃદ્ધિ નોંધાવી છે. એમએન્ડએમનું કુલ વેચાણ મે મહિનામાં ૯,૦૭૬ યુનિટ્સ કરતાં જૂન મહિનામાં બમણુ રહ્યું છે. ખરીદો.

એસ્કોર્ટ્સનો શેર બાવન સપ્તાહની વધુ એક નવી ટોચે

Escorts (Rs. 1137.00) (Code : 500495)

એસ્કોર્ટ્સ લિ. : એસ્કોર્ટ્સનો શેર ગત શુક્રવારે રૂ.૧૧૪૦ની બાવન સપ્તાહની નવી ટોચ પર પહોંચી ગયો હતો અને તેની નજીક રૂ.૧૧૩૬ બંધ આવ્યો છે. આ શેર સતત આઉટપરફોર્મર બની રહ્યો છે. કંપનીના એગ્રી મશીનરી સેગ્મેન્ટમાં સ્થાનિક વેચાણમાં ૨૨.૮ ટકાનો નોંધપાત્ર વધારો દર્શાવ્યો છે. અટકી રહેલી માગ વધવાના કારણે જૂન ૨૦૨૦માં ૧૦,૮૫૧ યુનિટ્સનું વેચાણ થયું હતું. કંપનીએ જૂન ૨૦૧૯માં ૮,૯૬૦ યુનિટ્સનું વેચાણ કર્યું હતું. જોકે, સમિક્ષા હેઠળના મહિનામાં ૨૬.૯ ટકાનો ઘટાડો થયો હતો. આ વર્ષે કંપનીએ જૂન ૨૦૨૦માં ૨૨૮ એકમની નિકાસ કરી હતી જ્યારે એક વર્ષ અગાઉ સમાન મહિનામાં ૩૧૨ યુનિટ્સની નિકાસ થઈ હતી. ઉદ્યોગને લૉકડાઉનના કારણે અટકી ગયેલી માગમાં નોંધપાત્ર ઉછાળાની અપેક્ષા છે. વધુમાં સારા ચોમાસાની આગાહીના કારણે ખેડૂતોનું સેન્ટીમેન્ટ સુધર્યું છે અને ખરીફ વાવેતર વધ્યું છે. પાકના આઉટપુટ અને ભાવ વિક્રમી સ્તરે પહોંચવાના કારણે ગ્રામીણ આવકમાં વધારો થશે અને રીટેલ ધિરાણની તર્કસંગત ઉપલબ્ધતાના કારણે પણ ઉદ્યોગને નોંધપાત્ર વૃદ્ધિની અપેક્ષા છે. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે એક કે બે સેક્ટરને બાદ કરતાં લગભગ બધા જ બજારોમાં સકારાત્મક વૃદ્ધિ જોવા મળી છે. આ શેરમાં ઘટાડે ખરીદી કરો.

દલાલ સ્ટ્રીટની ગપસપ

Dilip K. Shah

Reliance Ind. (રૂ. ૧૮૭૮.૦૦) (કોડ : ૫૦૦૩૨૫) :- JIO પ્લેટફોર્મ ઉપર ૧૨ ગોલ્ડન ડીલ મેળવીને રિલાયન્સે ૧૨ લાખ કરોડના માર્કેટકેપની સપાટી કુદાવી દીધી છે. તા. ૨૨ એપ્રિલથી ૧.૫ માસમાં કંપનીએ JIO પ્લેટફોર્મમાં રોકાણથી માર્કેટકેપમાં ૩.૫ લાખ કરોડનો ઉમેરો થયો છે. આ સાથે તાજેતરમાં બ્રિટનની કંપની BP એ ફયુઅલ જોઈન્ટ વેન્ચર માટે ૪૯ ટકા હિસ્સા માટે રિલાયન્સને એક અબજ ડોલરની ચુકવણી કરી છે. આગામી વર્ષોમાં ફયુઅલ રીટેલ સંખ્યા ૧૪૦૦થી વધારી ૫૫૦૦ કરનાર છે. જાણકારો રૂ. ૨૦૦૦ ના ટાર્ગેટભાવથી ખરીદવાની ભલામણ કરી રહ્યા છે.

Tejas Network (રૂ. ૫૪.૦૦) (કોડ : ૫૪૦૫૯૫) :- સપ્તાહ દરમ્યાન આ શેરમાં સતત ત્રણ ટ્રેડીંગ સેશનમાં અપર સર્કિટ જોવાઈ હતી. પ્રાપ્ત અહેવાલો અનુસાર અગ્રણી ઈન્વેસ્ટર વિજય કેડિયાએ ઓપન માર્કેટમાંથી આ કંપનીમાં ૦.૮૧ ટકા સ્ટેક પ્રતિશેર રૂ. ૪૯.૧૩ ના ભાવે કુલ રૂ. ૩.૭ કરોડના રોકાણથી ૭૫૩૯૨૫ ઈક્વિટી શેર્સની ખરીદી કરતા શેરમાં ચમકારો જોવાયો છે.

First Source (રૂ. ૪૩.૦૦) (કોડ : ૫૩૨૮૦૯) :- આ કાઉન્ટર ઉપર એસીઈ-ઈન્વેસ્ટર રાકેશ ઝુનઝુનવાલાએ જુન ક્વાર્ટર દરમ્યાન ૫૭ લાખ શેર્સ ખરીદતા તેમનું હોલ્ડિંગ ૧.૪૩ કરોડથી વધીને રૂ. ૨ કરોડ જોવાયું છે. ઉપરાંત HDFC સ્મોલકેપ તેમજ ICICI Bank અને વિદેશી બેન્કોએ તેમનો હિસ્સામાં વધારો કરતા શેર ફોકસમાં જોવાયો છે. લોકડાઉન દરમ્યાન શેરનો ભાવ તુટીને ૨૦ થયો હતો. હાલમાં બે ગણાથી વધુ ટ્રેડ થઈ રહ્યો છે.

Gujarat Ambuja Export (રૂ. ૧૫૧.૦૦) (કોડ : ૫૨૪૨૨૬) :- ગુજરાત બેઝ આ કંપની એગ્રો પ્રોસેસિંગ તેમજ એક્સપોર્ટના બિઝનેસમાં વ્યસ્ત છે. આ કંપનીની ૨૫ જુલાઈ ૨૦૨૦ ના રોજ મળનારી બોર્ડ મીટીંગમાં રૂ. ૨ ની ફૈસવેલ્યુના શેરને રૂ. ૧ ની ફેઈસવેલ્યુમાં સ્પ્લીટ કરવાની જાહેરાતતી ઉછાળો જોવાય.

Gujarat Pipavav (રૂ. ૮૨.૦૦) (કોડ : ૫૩૩૨૪૮) :- ગુજરાત સ્થિત આ કંપની હાલમાં કન્ટેનર કાર્ગો, બલ્ક કાર્ગો અને એલપીજી કાર્ગો માટે પોર્ટ હેન્ડલીંગ તેમજ મરીન સર્વિસીસ પ્રોવાઈડ કરી છે. આ કંપનીએ લોકડાઉનના સમયગાળા દરમ્યાન ઓપરેશન્સ ચાલુ રાખીને ૬૨૨ કન્ટેનર્સ ટ્રેન્સ સફળતાપૂર્વક હેન્ડલ કરેલ છે. આ જે.પી. મોર્ગને આ કંપનીના ૩૦.૩૪ લાખ ઈક્વિટી શેર્સ ૦.૬૩ ટકા સ્ટેક પ્રતિ શેર ૭૭.૮૫ ના ભાવે બ્લોકડીલથી ખરીદતા શેરમાં કરંટ જોવાઈ રહ્યો છે.

E-Clerx (રૂ. ૪૭૪.૦૦) (કોડ : ૫૩૨૯૨૭) :- નોલેજ પ્રોસેસ આઉટસોર્સિંગ (કેપીઓ) સર્વિસ પ્રોવાઈડ ઈ-કલર્ક સર્વિસીસના બોર્ડે રૂ. ૧૦૯.૫ કરોડ સુધીની બાયબેક સ્કીમને મંજુરી આપી છે. બાયબેકનો ભાવ શેરદીઠ મહત્તમ રૂ. ૫૫૦ નિર્ધારીત કરવામાં આવ્યો છે. આ બાયબેકની કદ ઈક્વિટીના ૯.૯૮ ટકા છે. કંપનીની ૧૯.૯૦ લાખ શેર્સ બાયબેક કરશે. શેરનોભાવ જુલાઈ ૨૦૧૯માં ૭૫૩ ેજવાયો હતો. વર્તમાન ભાવ કરતા બાયબેક ઓફર ભાવ વચ્ચે ૧૩ ટકા તફાવત છે. શેરના ભાવમાં ઉછાળો જોવાય.

HDFC Bank (રૂ. ૧૧૦૫.૦૦) (કોડ : ૫૦૦૧૮૦) :- ખાનગી ક્ષેત્રની આ બેન્કે તા. ૪ જુલાઈના રોજ જાહેર કરેલ જુન ક્વાર્ટરના ચાલુ વર્ષના ક્વાર્ટર-૧માં એડવાન્સીસમાં ૨૧ ટકાનો, ડિપોઝીટસમાં ૨૫ ટકાનો ઉછાળો જોવાયો છે. કંપનીના મજબુત ડેટાના પગલે સીએલએસએ આ શેર માટે બાય કોલ જાળવી રાખવા સાથે રૂ. ૧૨૫૦ નો ટાર્ગેટ અને મોર્ગન સ્ટેન્લીએ ઓવરવેઈટ કોલ સાથે ૧૨૮૫ નો ટાર્ગેટભાવ આપ્યો છે.

Prism Johnson (રૂ. ૫૦.૦૦) (કોડ : ૫૦૦૩૩૮) :- આ કંપનીની બોર્ડ ઓફ ડાયરેકટર્સની ૬ જુલાઈના રોજ મીટીંગમાં તેની Insurance Arm આર્મનો તમામ સ્ટેક ડિસઈન્વેસ્ટમેન્ટ કરવાનો નિર્ણય લેતા શેરમાં અપર સર્કિટ જોવાઈ રહી છે.

Sobha Ltd. (રૂ. ૨૩૬.૦૦) (કોડ : ૫૩૨૭૮૪) :- કંપનીએ તાજેતરમાં નાણાંકીય વર્ષ ૨૦૨૧ ના પ્રથમ ક્વાર્ટરના પરિણામોમાં વેચાણમાં ૭૦ ટકાનો ઉછાળો નોંધાવતા શેરમાં ચમકારો જોવાઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લાં ત્રણ મહિનામાં શેરના ભાવમાં ૪૫ ટકાની વૃધ્ધિ જોવાઈ છે. ગ્લોબલ રીસર્ચ CLSA આ શેર માટે આઉટપર્ફોર્મ જાળવી રાખવા સાથે રૂ. ૨૫૨ ના ટાર્ગેટભાવ આપ્યો છે. જેફરીઝે બાય રેટીંગ સાથે રૂ. ૩૦૫ નો ટાર્ગેટભાવ આપ્યો છે.

Kamat Hotel (રૂ. ૩૨.૦૦) (કોડ : ૫૨૬૬૬૮) :-_ મહારાષ્ટ્ર સરકારે તા. ૮ જુલાઈથી હોટલ્સને રી-ઓપન કરવાની મંજુરી આપતા હોટલ શેરોમાં કરંટ જોવાઈ રહ્યો છે. બે દિવસમાં આ શેરમાં ૪૦ ટકાનો જંગી ઉછાળો જોવાયો છે. મર્લીન માર્કેટીંગ એ પ્રતિ શેર ૩૪.૭૬ ના ભાવે કુલ ઈક્વિટીના ૧.૪૧ ટકા ટલે કે, ૩.૫ લાખ શેરની ખરીદી કરતા આ શેરમાં તેજીને વેગ મળ્યો હતો.

NBCC (India) (રૂ. ૨૬.૦૦) (કોડ : ૫૩૪૩૦૯) :- કન્સ્ટ્રકશન એન્જી. સર્વિસીસ ક્ષેત્રે કાર્યરત આ કંપનીનો શેર ઘણા સમયથી કરેક્શનમાં જોવાયો છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર આ કંપનીને ભેલ તરફથી તાજેતરમાં ૨૮૪.૬૩ કરોડનો EPCનો ઓર્ડર મળતા શેરમાં હલચલ વધી રહી છે.

Cont.....

Bajaj Finance (રૂ. ૩૩૧૩.૦૦) (કોડ : ૫૦૦૦૩૪) :- NBFC અગ્રગણ્ય સ્થાન ધરાવતી આ કંપનીની બોર્ડ મીટીંગ તા. ૧૧ જુલાઈના રોજ નાણાંકીય વર્ષ ૨૦૨૧ ના પ્રથમ ક્વાર્ટરના અર્નિંગ્સની જાહેરાત માટે મળી રહી છે. કંપનીની વર્ચ્યુઅલ AGM તા. ૨૧ જુલાઈના રોજ મળશે. કંપનીએ આ અંગે કોન્સોલીડેટ પર્ફોમન્સ અંગે ગાઈડલાઈને ધ્યાનમાં લેતા શેરમાં હલચલ વધવાની શકયતા છે.

Sail (રૂ. ૩૭.૦૦) (કોડ : ૫૦૦૧૧૩) :- લંડન મેટલ એક્ષ્ચેન્જમાં બેઝ મેટલના ભાવ પાંચથી છ મહિનાની ઉંચી સપાટીએ પહોંચવાની સાથે ઈન્વેન્ટરીમાં ઘટાડો થતા અને ચીનમાં આર્થિક સ્થિતિ સુધરતા માંગ વધવાથી મેટલ શેરોમાં સુધારો જોવાયો છે. લંડન મેટલ એક્ષ્ચેન્જમાં ૪૦ ટકાનો ઉછાળો નોંધાયો છે. આ અહેવાલોને પગલે Sail, Jindal Steel, Nalco, Tata Steel વિગેરે સ્ટોકમાં ચમકારો જોવાય.

South Indian Bank (રૂ. ૮.૦૦) (કોડ : ૫૩૨૨૧૮) :- ખાનગી ક્ષેત્રની આ બેન્કે તાજેતરમાં જાહેર કરેલા ક્વાર્ટર-૧ ના પરિણામો સમાનગાળાની તુલનામાં સંગીન રહેતા શેર અપર સર્કિટમાં જોવાયો હતો. નેટ પ્રોફિટમાં ૧૧.૦૫ ટકા, આવકમાં ૪.૬ ટકાનો ઉછાળો જોવાયો હતો. NIIમાં ૧૦ ટકા વૃદ્ધિ, NPAમાં ઘટાડો નોંધાયો હતો.

ICICI Bank (રૂ. ૩૬૦.૦૦) (કોડ : ૫૩૨૧૭૪) :- ખાનગી ક્ષેત્રની આ બેન્કે તા. ૮ જુલાઈના રોજ મળેલી બોર્ડ મીટીંગમાં રૂ. ૧૫૦૦૦ કરોડનું ફંડ એકત્ર કરવાની મંજુરી મળતા શેર ફોકસમાં રહ્યો છે.

UPL (રૂ. ૪૩૬.૦૦) (કોડ : ૫૧૨૦૭૦) :- જુન મહિના પછી ૧૧ ટકાની વૃદ્ધિ નોંધાવી છે. હાઈ માર્જીન પ્રોડકટસમાં લીડરશીપ ધરાવતી આ કંપનીના નોર્થ અમેરીકાના બિઝનેસનું આઉટલુક ઉજ્જવળ હોવા ઉપરાંત દેવામાં થઈ રહેલ ઘટાડાને ધ્યાનમાં લેતા વર્તમાન ભાવથી ૫૦ ટકા અપસાઈડની સંભાવના છે.

Ambuja Cement (રૂ. ૧૯૬.૦૦) (કોડ : ૫૦૦૪૨૫) :- દેશમાં વિવિધ સ્થળોએ લોકડાઉન હટાવાતા કન્સ્ટ્રક્શન સેક્ટર ફરીથી કાર્યરત થયાના અહેવાલોના પગલે શેરમાં સુધારો જોવાયો હતો. સીમેન્ટનો ઉપાડ ગત મહિના કરતા ૫૦-૬૦ ટકા વધુ રહેતા સીમેન્ટ શેરોની માંગ સાથે ભાવમાં વૃધ્ધિ જોવાઈ હતી. જેમાં દિગ્વિજય સીમેન્ટ, સેન્ચુરી, કેસીપી, પ્રિઝમ સીમેન્ટ, રામ્કો સિમેન્ટનો સમાવેશ થાય છે.

IRB Infra (રૂ. ૧૨૧.૦૦) (કોડ : ૫૩૨૯૪૭) :- ઈન્ફ્રા ક્ષેત્રે કાર્યરત આ કંપનીના સેરમાં ત્રણ વર્ષના ગાળા બાદ સતત કરંટ જોવાઈ રહ્યો છે. એક મહિનામાં ભાવમાં ૯૪ ટકાનો ઉછાળો જોવાયો છે. સરકારના ઈન્ફ્રા સેક્ટર ઉફપર ફોકસ અને કંપનીને સતત મળતા ઓડર્સના પગલે શેરમાં બાવન સપ્તાહની ટોચ સ્પર્શી ચુકેલ આ શેરમાં વધુ ઉછાળાની સંભાવના છે.

HAL (રૂ. ૯૪૨.૦૦) (કોડ : ૫૪૧૧૫૪) :- હિન્દુ. એરોનોટીક્સના નામે ઓળખાતી આ શેરમાં ગત સોમવારે ૧૨ ટકાનો જંગી ઉછાળો જોવાયો હતો. જુનના આરંભથી ૫૩ ટકાનો ઉછાળો જોવાયો છે. સરકારે ૧૨ સુખોઈ એરક્રાફ્ટ નો ઓર્ડર મંજુર કરતા આ કંપનીના ડિફેન્સ પોર્ટફોલિયોને બુસ્ટ મળશે. ૨૦૧૯-૨૦ અંતે કંપનીની ૫૩૦૦૦ કરોડની ઓર્ડરબુકને ધ્યાનમાં લેતા આવક-નફામાં વૃદ્ધિ જોવાય.

Equitas Holdings (રૂ. ૫૯.૦૦) (કોડ : ૫૩૯૮૪૪) :- આ કંપનીની જુન મહિનાની મોનેટોરીયમ લોનબુકમાં ભારે ઘટાડો થતા શેરમાં લગભગ અત્યારસુધીમાં ૧૪ ટકાનો ઉછાળો જોવાયો છે. કંપનીના યુનિક કલાયન્ટ મીક્ષ ઓવરડ્યુ લોનમાં સારી રીકવરી તેમજ આકર્ષક વેલ્યુએશનના પગલે એનાલીસ્ટો સ્ટોક માટે બુલીશ છે.

Escorts (રૂ. ૧૧૩૬.૦૦) (કોડ : ૫૦૦૪૯૫) :- કોરોના-વાયરસને પગલે ઓટો ક્ષેત્રે કાર્યરત ફેક્ટરીઓ તેની માંગ કરતા નીચા સ્તરે કાર્યરત છે ત્યારે જુન ૨૦૨૦ માં ટ્રેકટર્સનું ઉત્પાદન ૨૦૧૯ના જાન્યુઆરી બાદ સૌથી ઉંચુ રહ્યું છે. ૧૭ માર્ચની ટોચને વટાવી ગયું છે. આમ આ ક્ષેત્રે સાનુકુળ સ્થિતિથી Escorts, M&M, VST Tillers ને લાભ મળતો જોવાય.

DLF (રૂ. ૧૪૭.૦૦) (કોડ : ૫૩૨૮૬૮) :- કેન્દ્રીય કેબીનેટની તાજેતરમાં મળેલી બેઠકમાં આત્મનિર્ભર પેકેજને બહાલી આપતા સરકારે ખાસ કરીને માઈગ્રન્ટ મજુરોને P.M. આવાસ યોજના હેઠળ બનાવવામાં આવેલ ફલેટ ભાડેથી આપવામાં આવશે. આ નિર્ણયથી રીયલ્ટી સેક્ટરની કંપનીઓ એફોર્ડેબલ હાઉસીંગ કંપનીઓ લાભમાં રહેશે.

RCF (રૂ. ૫૦.૦૦) (કોડ : ૫૨૪૨૦૩૦) :- તાજેતરમાં આ કંપનીએ જાહેર કરેલા વેચાણના આંકડામાં ૮૪ ટકાનો જંગી ઉછાળો નોંધાયો છે. આ સાથે NFL જાહેર કરેલા આંકડા અનુસાર કંપનીના પ્રોડક્શનમાં ૨૧.૫ ટકાનો ઉછાળો જોવાયો છે.

Disclosures as per SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future ***" (Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152***



Investor's Third Eye

Smt. Dr. Hemavathy / Padmanaban (Chennai)
E-mail : investorsthirdeye@gmail.com

Astrological planetary predictions FOR STOCK MARKET INVESTMENTS (13TH JULY TO 19TH JULY 2020)

નવા સપ્તાહમાં મીન રાશિમાં મંગળ, શુક્ર પોતાના ઘરમાં તથા મિથુન રાશિમાં વૃષભ, સુર્ય અને બુધ, ધનુ રાશિમાં ગુરુ અને કેતુ, શનિ પોતાના ઘરમાં તથા મીન, મેષ અને વૃષભમાં મકર અને ચંદ્ર સ્થાન ગ્રહણ કરી રહ્યો છે. ૧૩ જુલાઇ, ૨૦૨૦ના રોજ સુર્ય, બુધ અને રાહુ ગુરુની દિશામાં સાતમું સ્થાન ગ્રહણ કરી રહ્યાં છે. શનિ અને કેતુ માર્કેટની તરફેણ કરે છે. ૧૪ અને ૧૫ જુલાઇ, ૨૦૨૦ના રોજ મીન રાશિમાં ચંદ્ર અને મંગળનુ સંયોજન વૃષભની દિશામાં અગિયારમું સ્થાન ગ્રહણ કરી રહ્યાં છે. ૧૬ અને ૧૭ જુલાઇ, ૨૦૨૦ના રોજ મેષ રાશિમાં ચંદ્ર પાંચમું સ્થાન ગ્રહણ કરી રહ્યાં છે તથા ધનુ રાશિની સ્થિતિ બજારની તરફેણ કરી રહી છે. આરોગ્ય, જાહેરક્ષેત્રની કંપનીઓ, ફાર્માસ્યુટિકલ્સ, ઇન્ફર્મેશન ટેકનોલોજી, રસાયણ, પેપર કંપનીઓ, ઉર્જા, ખાતર, બિયારણનું ઉત્પાદન કરતી કંપનીઓ, સુગરનું ઉત્પાદન કરતી કંપનીઓ, સરકારી ક્ષેત્રો, સંરક્ષણ અને ઉડ્ડયનક્ષેત્રની કંપનીઓ સારું પ્રદર્શન કરી શકે તેવી સંભાવના છે. મીન રાશિમાં મંગળ તથા ગુરુએ સુર્યની દિશામાં સાતમું સ્થાન ગ્રહણ કર્યું છે તેમજ મિથુન રાશિમાં બુધ અને રાહુની હાજરી ઘણાં અંશે સંરક્ષણ ક્ષેત્રની કંપનીઓની તરફેણ કરી શકે છે. એચએએલ, બીઇએમએલ, એપ્કોટેક્સ, રિલાયન્સ, ટેસ્ટી બાઇટ્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, એસ્કોર્ટ્સ, ભારત ડાયનામિક્સ, વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ, કિરી ઇન્ડસ્ટ્રીઝ, રુચિ સોયા, રાઇટ્સ, આઇઆરસીટીસી, હેસ્ટર બાયોસાયન્સિસ, નાથ બાયોજેન્સ, જેકે એગ્રી જિનેટિક્સ, લુથરા લેબ, ઇપ્કા લેબ વગેરેના શેરમાં સારી મૂવમેન્ટ જોવા મળી શકે છે.

Astrological planetary predictions for GOLD PRICE MOVEMENTS (13th JULY TO 19th JULY 2020)

૧૩ જુલાઇ, ૨૦૨૦ : શુક્ર પોતાના ઘરમાં તથા ચંદ્ર અને મંગળ બંન્ને મીન રાશિમાં શુક્રની દિશામાં અગિયારમું સ્થાન ગ્રહણ કરી રહ્યાં છે, જેના પરિણામે સોનાના ભાવમાં સારી મૂવમેન્ટ જોવા મળવાની અપેક્ષા છે.

૧૪ અને ૧૫ જુલાઇ, ૨૦૨૦ : ધનુ રાશિમાં ચંદ્ર ગુરુની દિશામાંસ્થાન ગ્રહણ કરી રહ્યો છે તથા મેષ રાશિ પોતાના ઘરમાં કેતુ સાથે છે, જેના કારણે બુલિયન માર્કેટને બળ મળી રહેવાની સંભાવના છે.

૧૬ અને ૧૭ જુલાઇ, ૨૦૨૦ : વૃષભ અને શનિ રાશિમાં ચંદ્ર અને શુક્રના સંયોજન તથા મકર વૃષભ રાશિ તરફ પાંચમું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે, જેના કારણે બુલિયન માર્કેટને કેટલાંક અંશે વોલેટાલિટીની સંભાવના છે.





Senior Astrologer
Dharmesh Joshi
Mob. : 9909941816
E-mail :
stockmarket@ganeshaspeaks.com

Sensex Predictions : Dt. 13th July 2020 to 17th Juluy 2020

દરેક ફળકથનમાં દસ મિનીટનો ગાળો પ્લસ-માઈનસ સમજીને પ્રિડીક્શન સમજવું, ફળકથનને આગળના વાક્ય અને સમયની સરખામણીમાં સમજવું.

૧૩-૦૭-૨૦૨૦ સોમવાર

આજે અને કાલે ઝીરો વેટેજ દિવસ છે, માટે આપ તો જાણો છો કે હિસ્ટ્રી શું કહે છે, તેથી સાવધાન તો રહેવું જ પડશે. (આપને બૂકમાં અને મંથલી ફા ઈલમાં એડવાન્સમાં લખીને આપ્યું જ છે શું કરવું) બૂક અને મંથલી ફા ઈલમાં પાર્ટ-૨ કરીને પેરામાં શું લખ્યું છે એ એકવાર વાંચી જશો. જ્યારે પણ કો ઈ ફા ઈલ આપને મળે હમેશા એકવાર વાંચી જવાની, જેથી આપ વિકલી એક વ્યુની સ્ટ્રેટેજી બનાવી શકશો. (એવું નહી કરવાનું કે જે દિવસ આવે માત્ર એ જ દિવસનું પ્રિડીક્શન વાંચવાનું) આજે અને આવતીકા લે ઝીરો વેટેજ દિવસ છે એટલે અનસેફ અથવા અનપ્રિડીક્ટેબલ ઓપનિંગ હો ય છે, માટે આ ૨ દિવસ ઓપનિંગ થયા પછી ડિસીઝન લેવું જોઇએ. ૯.૧૫થી ૯.૪૫ દરમ્યાન ગણેશજીને એવું લા ગે છે કે ઓપનિંગ પોઝિટી વથી થાય પણ ઉપર જણાવેલ ઈન્સ્ટ્રક્શન યાદ રાખજો. ૯.૪૫થી ૧૧.૫૦ દરમ્યાન નિફ્ટી સોફ્ટ સાઈડ કે સ્લા ઈટ ડાઉન સાઈડ જોબી ગ કરે. ૧૧.૫૦થી ૧૩.૪૫ દરમ્યાન નિફ્ટી અપ રહે. ૧૩.૪૫ બા દ માત્ર અને માત્ર જોબી ગ કરો, એવું ગણેશજી આપને આગ્રહપૂર્વક કહેવા માંગે છે.

૧૪-૦૭-૨૦૨૦ મંગળવાર

હજી આજે પણ ઝીરો વેટેજ દિવસ છે, માટે કેપેસિટી જેટલું જ આગળ વધવું જરૂરી છે. ૯.૧૫થી ૧૨.૦૦ ના બે પાર્ટ કરો જેમાં પાર્ટ-૧ માં અપ અને પાર્ટ-૨ માં જોબી ગ અથવા ડાઉન સાઈડ જોબીંગ. ૧૨.૦૦થી ૧૪.૦૦ દરમ્યાન આ બે કલાક કોલ સાઈડ રેશિયો વધી જાય માટે આપની સ્ટ્રેટેજી બનાવી લેશો. ૧૪.૦૦થી ક્લો ઝિંગ બેલ સુધીમાં મિક્ષ પેટર્ન બને છે માટે એકવાર એશિયન માર્કેટ અને ગ્લો બલ સિનારીયો જોઇને ડિસીઝન લેશો.

૧૫-૦૭-૨૦૨૦ બુધવાર

૧૫-૦૭-૨૦૨૦ થી ૨૧-૦૭-૨૦૨૦ દરમ્યાન ડેઈલી વેટેજ નેગેટિવ = વિકલી વેટેજ પોઝિટીવ છે, બંને ઓપોઝિટ ડાયરેકશન બતાવે છે, માટે આપ જેટલું ધારો કરો છો કદાચ તેટલું ડાઉન ના જાય એવું બને, તેથી ડેઈલી પોઝિશન સ્ક્વેરઓફ કરતા રહો . ઈન્ટ્રાડે માટેનો પરફેક્ટ દિવસ કહી શકા ય માટે ટ્વેન્ટી -ટ્વેન્ટી રમો, મજા આવશે. આજે સ્પેક્યુલેશનની તૈયારી સાથે કામ કરો, કા મ થઇ જશે. ૯.૨૯ની આસપાસ નિફ્ટી શોર્ટ સેલ કરો અને ૧૦.૨૫ અથવા ૧૧.૩૫ ની આસપાસ એક્ઝીટ થઇ જાવ. ૧૧.૪૦ની આસપાસ નિફ્ટી બા ય કરો અને ૧૨.૪૫ ની આસપાસ એક્ઝીટ થઇ જાવ. ૧૩.૨૭થી ૧૫.૩૦ દરમ્યાન ઉ જેવો ગ્રાફ બને માટે આપ એ પ્રમાણે પોઝિશન રિસફલ કરતા રહો .

૧૬-૦૭-૨૦૨૦ ગુરૂવાર

માર્કેટ જે પોઇન્ટથી ઓપન થાય ત્યાંથી સ્ટેપ બા ય સ્ટેપ ડાઉન આવે, આ સમય ૧૧ વાગ્યા સુધી હો ઈ શકે. ૧૧.૦૦ વાગ્યા પછી નિફ્ટી સ્ટેપ બા ય સ્ટેપ અપ જાય, જે ૧૩.૧૩ સુધી હો ઈ શકે પણ માત્ર ૧૨.૪૦ ની આસપાસ કરેકશન આવી શકે છે. ૧૩.૧૩થી ૧૪.૫૧ દરમ્યાન બંને સાઈડ ૨ રૂપિયાના માર્જીનથી કા મ કર્યા કરો. ૧૪.૫૧ પછી નિફ્ટી માં સ્લા ઈટ રિકવરી આવી શકે છે.

૧૭-૦૭-૨૦૨૦ શુક્રવાર

આજથી સૂર્ય-રાહુ અલગ થઇ ગયા પણ સૂર્ય-શનિ એકબી જાની પૂર્ણ દ્રષ્ટિમાં આવી ગયા, જેથી ગર્વમેન્ટ/ ગોલ્ડ અને પર્સનલાઈઝડ કુંડળી માટે રિસ્કી પેટર્ન એક મહિનો રહેશે. ઓપનિંગ પોઝિટીવથી થાય પણ પછી તરત ડાઉન જશે, તેથી માનસિક રીતે તૈયાર રહેશો. ૯.૩૦થી ૧૦.૨૫ દરમ્યાન નિફ્ટી ડાઉન રહે. ૧૦.૨૫થી ૧૩.૨૫ દરમ્યાન ઓવરઑલ નિફ્ટી અપ સાઈડ જવા એફર્ટ લગાવે, પરંતુ ૧૧.૨૧ ની આસપાસ સ્મોલ કરેકશન આવી શકે છે. ૧૩.૨૫થી ૧૪.૧૦ દરમ્યાન નિફ્ટી ડાઉન રહે. ૧૪.૧૦થી ક્લો ઝિંગ બેલ દરમ્યાન ઓવરઑલ અપ પરંતુ ૧૪.૫૨ ની આસપાસ કરેકશન આવે.

મુશ્કેલ સંજોગોમાં પણ શેરબજારની પડખે અડીખમ રહી રોકાણ વધાર્યું

LICએ ૧૩ નવી કંપનીઓમાં રોકાણ કર્યું : ૪૩ કંપનીઓમાં હિસ્સો વધાર્યો

સંસ્થાએ ૪૭ શેરોમાં હિસ્સો હળવો કર્યો : ૧૮૯ કંપનીઓમાં રોકાણ યથાવત

LIC Buys Fresh Stake in 16 Stocks During March Quarter

Co.	March Qtr. 2020 (%)
Adhunik Metaliks	2.12
Amara Raja Batteries	1.11
Birla Tyres	3.5
Cochin Shipyard	1.78
Gautam Gems	2.79
HCL Technologies	1.34
HUL	2.59
Indusind Bank	1.15
L&T Finance Holidngs	1.29
Mahangar Gas	1.61
Orchid Pharma	2.69
Oriental Carbon & Chemicals	3.15
Rolta India	2.36
Shree Cement	1.18
Sumitomo Chemicals	3.68
Tata Consumer	2.12

શેરબજારમાં જ્યારે જ્યારે ગભરાટનો માહોલ છવાયો છે ત્યરે ત્યારે સામા પવને શેરો ખરીદવામાં એલઆઈસી આગળ આવી છે. એલઆઈસીએ ૧૬ નવી કંપનીઓમાં રોકાણ કર્યું હતું અને ૪૩ કંપનીઓમાં હિસ્સો વધાર્યો હતો. એફપીઆઈએ ભારતીય શેરબજારમાં જૂનમાં જંગી રોકાણ કર્યું હતું અને એ પ્રવાહિતાએ સેન્સેક્સ - નિફટી સુધર્યા હતા.

એપ્રિલના આરંભથી જુના મધ્ય ભાગ સુધીમાં ડેટ અને ઈક્વિટી માર્કેટમાં રૂ. ૬૪૦૦૦ કરોડનું રોકાણ કર્યું હતું જે આગલા વર્ષના સમાનગાળાની સરખામણીએ સહેચ નીચું હતું જેના પરિણામે દેશના બોન્ડ અને સ્ટોક માર્કેટને કોવિડ રોગચાળાને નુકશાન સામે મદદ મળી હતી.

આ ત્રણ મહિના દરમ્યાન કરવામાં આવેલા રોકાણો કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારના લાંબાગાળાના બોન્ડમાં હતા ત્યારે બાકીનું રોકાણ ઈક્વિટી માર્કેટમાં કરવામાં આવ્યું હતું તેનાથી વિપરીત લોકડાઉનના શરૂઆતના તબક્કામાં વિદેશી ભંડોળ વેચવાલ હતા અને પાછળથી લેવાલ થયા હતા. સુત્રે જણાવ્યું હતું કે, આ વર્ષે અત્યાર સુધીમાં જે રોકાણ કરવામાં આવ્યું છે તે પાછલા વર્ષના સમાનગાળામાં કરવામાં આવેલા રોકાણની સરખામણીએ સહેજ ઓછું છે જ્યારે અર્થતંત્રમાં કોઈ સંકોચન ન હતું. આ બોન્ડસ લાંબાગાળે પાકે છે કે એલઆઈસીના પોર્ટફોલિયોને માફક આવે છે.

ભારતની સૌથી મોટી વિમા કંપનીએ તેના કુલ રોકાણમાંથી રૂ. ૪૮૦૦૦ કરોડનું રોકાણ સોવરિન બોન્ડમાં કર્યું હોવાનું કહેવાય છે. જેમાંથી ૮૦ ટકા કરતા વધારે રોકાણ કેન્દ્રીય ડેટમાં કરવામાં આવ્યું છે. આ રોકાણ એપ્રિલના આરંભથી જુન મધ્ય ગાળા દરમ્યાન કરવામાં આવ્યું છે.

ડિસેમ્બર ત્રિમાસિક ગાળાને અંતે નાણાંકીય સંસ્થાઓનું રોકાણ ૩૫૦થી વધુ કંપનીઓમાં હતું અને માર્ચ ત્રિમાસિક ગાળાને અંતે લગભગ ૪૩ કંપનીઓમાં રોકાણ વધાર્યું છે. ભારતીય શેરબજારમાં એલઆઈસી સૌથી મોટા રોકાણકાર પૈકી એક છે. હાલ વિદેશી રોકાણકારોનો હિસ્સો ૨૨-૨૩ ટકા આસપાસ હોવાનું માનવામાં આવે છે. એલઆઈસીનો પણ હિસ્સો આટલો જ હોઈ શકે છે. એલઆઈસીની ખાસિયત એ છે કે તે મિડ અને સ્મોલ-કેપ સેગ્મેન્ટની પણ કેટલીક કંપનીઓમાં રોકાણ ધરાવે છે. એલઆીસીએ જે શેરોમાં વધુ હિસ્સો હસ્તગત કર્યો છે તેમાં અદાણી પોર્ટ, અશોક લેલેન્ડ, ભારત ફોર્જ, ભારતી ઈન્ફ્રા., કોલગેટ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે. એલઆઈસીએ ત્રિમાસિક ગાળામાં વિવિધ સેગ્મેન્ટમાં રોકાણ કર્યું હતું.

કોરોના વાઈરસ અને લોકડાઉનને પગલે લગભગ ૬૭ ટકા કંપનીઓ નફામાં ઘટાડો દર્શાવશે

નિફ્ટી કંપનીઓની આવક ક્વાર્ટર-૧ માં ૨૩ ટકા ઘટવાનો અંદાજ

છેલ્લાં નવ ત્રિમાસિકગાળાની તુલનામાં ક્વાર્ટર-૧ સૌથી નબળું રહેશે

ભારતીય કોર્પોરેટ જગતની અગ્રણી કંપનીઓ એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં છેલ્લા નવ ત્રિમાસિક ગાળાની સૌથી નબળી કામગીરી દર્શાવશે. જોકે, બેન્કો અને કન્ઝ્યુમર કંપનીઓની અંદાજ કરતાં સારી કામગીરીને પગલે નિફ્ટી કંપનીઓના નફામાં ઘટાડો અમુક અંશે ઓછો થશે.

સમીક્ષા હેઠળની નિફ્ટી-૫૦ કંપનીની કુલ આવક વાર્ષિક ધોરણે ૨૩.૨ ટકા ઘટશે. જ્યારે ચોખ્ખા નફામાં માત્ર ૬.૯ ટકા ઘટાડો નોંધાશે. લગભગ ૬૭ ટકા કંપનીઓ નફામાં ઘટાડો દર્શાવે તેવો અંદાજ છે.

મોટા ભાગની કંપનીઓ માટે ત્રિમાસિક ગાળાનો શરૂઆતનો ભાગ ખરાબ રહ્યો હતો. મે મહિનામાં અમુક બાબતોમાં રિકવરી નોંધાઈ છે. મે અને જૂન મહિનામાં માસિક ધોરણે વીજ ઉત્પાદનમાં વૃદ્ધિના આંકડા પરથી આવે છે. જૂનમાં તો નિકાસમાં પણ વૃધ્ધિ તરફી ટ્રેન્ડ દેખાયો છે. સમયસરનું ચોમાસુ અને અર્થતંત્રને બેઠું કરવા માટે સરકારી ખર્ચને કારણે કૃષિ પેદાશો, ટુ-વ્હીલર્સ, કરિયાણા સહિત રોજિંદી જરૂરિયાતની ચીજો અને ટ્રેક્ટર્સની ગ્રામીણ માંગ પ્રોત્સાહક રહી છે.

કન્સ્ટ્રક્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતનાં સરકાર આધારિત સેક્ટર્સની રિકવરીમાં થોડો વિલંબ થશે. તેનું કારણે અત્યારે રાજકોષીય સ્થિતિ દબાણમાં હોવાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચ પર પ્રતિકૂળ અસર જોવા મળશે.

નિફ્ટી કંપનીઓનું કાર્યકારી માર્જિન એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ૨.૫૪ ટકા વધી ૨૧.૯ ટકા થવાનો અંદાજ છે. જેનું મુખ્ય કારણ ઈનપુટના નીચા ભાવ અને ખર્ચકાપનાં પગલાં છે. આ પગલાંમાં કર્મચારીઓની નવી ભરતી અને ઈન્ક્રિમેન્ટ પર બ્રેક તેમજ પગારકાપનો સમાવેશ થાય છે.

દેશના વિવિધ ભાગોમાં હજુ પણ આંશિક લોકડાઉનને કારણે સપ્લાય ચેઈન્સ નિયમિત થતાં વાર લાગશે. એટલે બીજા ક્વાર્ટરમાં પણ કંપનીઓની નાણાકીય કામગીરી પર દબાણ ચાલુ રહેશે.

મધરસન ગ્રુપની પુનર્ગઠન યોજનાથી શેરહોલ્ડર્સ નારાજ

સ્વોપ રેશિયો પ્રમોટર્સની તરફેણમાં : રોકાણકારોની અવગણના

મધરસન ગ્રુપની પનર્ગઠનયોજનાથી રોકાણકારો ઉત્સાહિત નથી. આ જાહેરાત બાદ મધરસન સુમિનો શેર ૫.૩ ટકા તુટીને ૧૦૦ ની નીચે સરકી જવા પામ્યો હતો. આ પુનર્ગઠન યોજનાના ભાગરૂપે કંપની તેના ડોમેસ્ટિક વાયરિંગ હાર્નેસ બિઝનેસને અલગ કરશે તેનું અલગથી લિસ્ટીંગ પણ થશે.

આ ગ્રુપે પ્રમોટર એકમ સમવર્ધન મધરસન ઈન્ટરનેશનલ અને બીજા સંયુક્ત સાહસોને મધરસન સુમિ સાથે મર્જ કરવાનો પણ નિર્ણય કર્યો છે. નવી કંપનીનું નામ સમવર્ધન મધરસન ઈન્ટરનેશનલ રહેશે. વાયરિંગ હાર્નેસ બિઝનેસનું અલગથી લિસ્ટીંગ થશે અને તેનું શેરહોલ્ડિંગ મધરસન સુમિના શેરહોલ્ડિંગ જેવું હશે. આ યોજનાનો અમલ પહેલી એપ્રિલ ૨૦૨૧થી થશે.

કેટલાક એનાલિસ્ટે જણાવ્યું હતું કે, આ યોજનાનો સ્વોપ રેશિયો પ્રમોટર્સની તરફેણમાં છે અને તેમાં લઘુમતી શેરહોલ્ડર્સના હિતને ધ્યાનમાં રાખવામાં ન આવ્યો હોય તેવી શકયતા ચે.

SMRP-BV હાલમાં મધરસન સુમિ સિસ્ટમ્સ અને સમવર્ધન મધરસન ઈન્ટરનેશનલ વચ્ચેનું સંયુક્ત સાહસ છે એનાલિસ્ટે જણાવ્યું હતું કે, અમે માનીએ છીએ કે, ૨૦૨૦-૨૧ ના બીજા છ મહિનાથી SM-RPBV ની નફાકારકતામાં સુધારો થશે પરંતુ ડીલના વેલ્યુએશનમાં નજીકના ગાળાના સંદર્ભમાં નાના રોકાણકારો માટે કાંઈ છોડવામાં આવ્યું નથી.

શેર સ્વોપ રેશિયો સમવર્ધન મધરનસ ઈન્ટરનેશનલના દરેક ૧૦ શેર સામે મધરસન સુમિના ૫૧ શેરનો છે. પુનર્ગઠન બાદ SMRP-BV માં મધરસન સુમિનો હિસ્સો ૧૦૦ ટકા થશે અને પ્રમોટર્સનું શેરહોલ્ડિંગ હાલના ૬૧.૭૩ ટકાથી વધીને ૬૮.૧૫ ટકા થશે.

મધરસન સુમિ માં SAMIL ના મર્જરથી ડાઈવર્સિફાઈડ પ્રોડકટસ પોર્ટફોલિયો સાથેની મજબુત લિસ્ટેડ કંપનીનું સર્જન થશે અને વિશ્વની અગ્રણી કમ્પોનન્ટ સપ્લાયર તરીકે SAMIL ની સ્થિતિ વધુ મજબુત બનશે.


ગાગરમાં...સાગર...


વોડાફોન-આઈડિયાના ગ્રાહકોમાં સતત ઘટાડાથી પ્રમોટર્સને ચિંતા

કંપનીએ જુન ક્વાર્ટરમાં ૧.૫ કરોડ ગ્રાહકો ગુમાવ્યા, હજીયે વધુ ગુમાવશે

વોડા આઈડિયાના ગ્રાહકોમાં સતત ઘટાડો થવાથી આદિત્ય બિરલા જૂથ અને વોડાફોન જૂથની ચિંતા વધી છે. માર્ચ સુધીના બે ક્વાર્ટરમાં વોડા આઈડિયાના બે કરોડ ગ્રાહકો હરીફ કંપનીઓ તરફ જતા રહ્યા હતા, કંપનીએ ૩૦ જૂનમાં પૂરા થયેલા ક્વાર્ટરના અંત સુધીમાં બીજા ૧.૫ કરોડ ગ્રાહકો ગુમાવ્યા હોઈ શકે છે.

ગ્રાહકોની ઘટતી જતી સંખ્યાના લીધે પ્રમોટરોએ ટેલિકોમ કંપનીના ભવિષ્ય અંગે ચર્ચા કરવાની તાકીદે ફરજ પડી છે. સુપ્રીમ કોર્ટ તેઓને ૨૦ વર્ષ કે તેનાથી વધારે સમયગાળામાં એડ્જસ્ટેડ ગ્રોસ રેવન્યૂ (એજીઆર) ચૂકવવાની છૂટ આપે તો પણ ઘટતા જતા ગ્રાહકોની ચિંતા તો ઊભી જ છે. ગ્રાહકોની સંખ્યામાં ઘટાડાથી ભવિષ્યને લઈને ચિંતા સર્જાઈ છે.

પ્રમોટરોએ મૂડી ઉમેરવી પડી શકે અથવા તો અન્ય વ્યૂહાત્મક રોકાણકારો લાવવા પડી શકે, આ અંગે હજી સુધી સ્પષ્ટતા નથી. એજીઆરની રાહત અલગ મુદ્દો છે. કંપનીના બિઝનેસની ધૂંધળી થતી સંભાવના સાથે તેને કોઈ સંબંધ નથી.

ખોટ કરતી વોડાફોન આઈડિયા એપ્રિલથી જૂનના ક્વાર્ટરમાં બીજા ૧.૫ કરોડ યુઝર્સ ગુમાવી શકે છે, આ દરમિયાન જિયોએ બીજા ૬૦ લાખ ગ્રાહકો ઉમેર્યા હશે.

એરટેલ પણ તેના ગ્રાહકોની સંખ્યા જાળવી રાખે કે વધારો કરી શકે છે. નેટવર્કમાં રોકાણની અછત અને રિલાયન્સ જિયો તથા ભારતી એરટેલ જેવા આક્રમક હરીફોના પગલે વોડાફોન આઈડિયા પાસેથી ગ્રાહકો ઘટતા જાય છે.

ઓગસ્ટ ૨૦૧૮માં મર્જર થયું ત્યારે કંપની ૪૦.૮ કરોડ યુઝર્સ સાથે ટોચ પર હતી, તેના પછી તેણે માર્ચમાં પૂરા થયેલા ક્વાર્ટરના અંતે ૨૯.૧ કરોડ ગ્રાહકો નોંધાવી ૧૧.૭ કરોડ ગ્રાહકો ગુમાવ્યા છે. તેની સામે જિયોના ૩૮.૮ કરોડ ગ્રાહકો અને એરટેલના ૨૮.૪ કરોડ ગ્રાહકો છે.

ટેલિકોમ રેગ્યુલેટરના આંકડા વોડાફોન આઈડિયાના ગ્રાહકોની સંખ્યા એરટેલના ગ્રાહકોની સંખ્યાથી પણ ઓછી દર્શાવે છે. વોડાફોન આઈડિયાને ૨૦ વર્ષ કે વધુ સમય માટે એજીઆર ચૂકવવાની મંજૂરી મળી તો પણ તેમણે બજારમાં સ્પર્ધાત્મક રહેવા વધારે મૂડી ઉમેરવી પડશે.

ભારતીય શેરબજારોમાં નાના રોકાણકારોની સક્રિયતા વધી

જુલાઈમાં રિટેલ રોકાણકારોનું વોલ્યુમ ૧૫ વર્ષની ટોચે

કેશ માર્કેટના કુલ ટર્નઓવરમાં નાના રોકાણકારોનો ૭૨ ટકા હિસ્સો

ભારતીય શેરબજારમાં નાના રોકાણકારોની સક્રિયતા જુલાઈમાં ૧૫ વર્ષની ટોચે પહોંચી છે. માર્ચ મહિનાની નીચી સપાટીથી દલાલ સ્ટ્રીટની ઝડપી રિકવરીનો લાભ લેવા તમામ વર્ગના રોકાણકારોએ ઝંપલાવ્યું છે.

જૂન મહિનામાં ૬૮ ટકાની ૧૦ વર્ષની ઊંચી સપાટીને સ્પર્શ્યા પછી જુલાઈમાં રિટેલ ઈન્વેસ્ટર્સની સક્રિયતા કેશ માર્કેટના કુલ ટર્નઓવરના ૭૨ ટકાએ પહોંચી છે. અગાઉ આ લેવલ ૨૦૦૩થી ૨૦૦૭ના 'બુલ માર્કેટ'ના મધ્ય ભાગમાં ૨૦૦૫માં જોવા મળ્યું હતું. રસપ્રદ વાત તો એ છે કે, જુલાઈમાં અત્યાર સુધીમાં કુલ ટર્નઓવરમાં FPIs, સ્થાનિક મ્યુ ફંડ્સ અને ઈન્શ્યોરન્સ કંપનીઓનું યોગદાન માત્ર ૨૮ ટકા રહ્યું છે.

વોલેટિલિટીમાં વૃધ્ધિને કારણે ડે-ટ્રેડર્સનું વોલ્યુમ વધ્યું છે. જ્યારે મેઝર્ડ ઈન્વેસ્ટર્સે પોર્ટફોલિયોના રિબેલેન્સિંગ માટે બજારમાં સક્રિયતા વધારી છે. ફેન્સ સીટર્સ અથવા દૂરથી બજારની વધઘટને જોનારા લોકો ભવિષ્યની અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને બજારમાં સક્રિય બન્યા છે." જુલાઈમાં અત્યાર સુધીમાં રિટેલ રોકાણકારોનું કેશ માર્કેટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર રૂ. ૩૯,૫૦૦ કરોડ નોંધાયું છે. જેની તુલનામાં FPIsનું ટર્નઓવર રૂ. ૭,૫૦૦ કરોડ અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોનું વોલ્યુમ રૂ. ૭,૮૦૦ કરોડ રહ્યું છે. ફેબ્રુઆરી ૨૦૨૦માં કેશ માર્કેટના કુલ ટર્નઓવરમાં રિટેલનો હિસ્સો ૪૬.૮૮ ટકા હતો, જે માર્ચમાં ઘટીને ૪૨ ટકા થયો હતો. ત્યારથી રિટેલ રોકાણકારોનું પ્રમાણ સતત વધીને જુલાઈમાં ૭૨ ટકાના સ્તરે પહોંચ્યું છે. ૧ ફેબ્રુઆરીથી માત્ર CDSLમાં ૩૦ લાખ નવા રોકાણકારોએ ડીમેટ ખાતાં ખોલાવ્યાં છે.



ગાગરમાં...સાગર...



રિલાયન્સ સાથે નવેસરથી વાટાઘાટ શરૂ થશે

ADIAને હવે જિયો ફાઈબર માટે ૧ અબજ ડોલર રોકવામાં રસ

જિયો પ્લેટફોર્મમાં ૭૫ કરોડ ડોલર (રૂ. ૫,૬૮૪ કરોડ)નું રોકાણ કર્યા બાદ અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી (ADIA)એ જિયો ફાઈબરમાં એક અબજ ડોલરનું રોકાણ કરવા માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે નવેસરથી વાતચીત શરૂ કરેલ છે.

સોવેરિન વેલ્થ ફંડે એક્ઝિક્યુટિવ કમિટીની મંજૂરીના એક રાઉન્ડને પૂર્ણ કર્યો છે. હવે આગામી કેટલાક દિવસોમાં તેના બોર્ડની મિટિંગ શક્ય છે, જેમાં રોકાણ યોજનાની સમીક્ષા થશે અને કદાચ અંતિમ નિર્ણય પણ લેવાશે.

ગયા વર્ષે એડીઆઈએની આગેવાની હેઠળના કોન્સોર્ટિયમે ફાઈબર InVIT જિયો ડિજિટલ ફાઈબરમાં કન્ટ્રોલિંગ હિસ્સો ખરીદવા માટે દરખાસ્ત કરી હતી. તેમાં જીઆઈસી ઓફ સિંગાપોર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોકસ્ડ ફંડ સ્કવેર્ડ કેપિટલ પણ સામેલ હતાં. પરંતુ ગયા વર્ષના અંતમાં કોમર્શિયલ અને ઓપરેટિંગ નિયમો અંગે મતભેદના કારણે આ વાતચીત અભરાઈએ ચડાવી દેવાઈ હતી.

રિલાયન્સે તેના ટાવર્સના વેચાણ બાદ ફાઈબર કંપનીના વેલ્યૂને અનલોક કરવાનો પ્રયાસ કર્યો છે જે તેની એસેટ મોનેટાઈઝેશન યોજનાનો હિસ્સો છે.જોકે, ફેસબૂક અને બીજા કેટલાક રોકાણકારો ૧૫ અબજ ડોલરથી વધારે રોકાણ કરી રહ્યા હોવાથી એડીઆઈએ અને રિલાયન્સ હવે ફરીથી મંત્રણાના ટેબલ પર આવ્યા છે.

જિયોનો બિઝનેસ કેસ બદલાઈ ગયો છે અને કોમર્સ, કન્ટેન્ટ અને કેરિયેજ આધારિત તેની ડિજિટલ યોજના બહાર પડી છે. તેમાં સબસ્ક્રાઈબર્સ પણ જોડાઈ રહ્યા છે. તેથી છ મહિના અગાઉની પરિસ્થિતિની તુલનામાં અત્યારે રોકાણ કરવું વધારે યોગ્ય છે. તે સમયે હજુ રોલઆઉટનો પ્રથમ તબક્કો હતો.

આ ઉપરાંત કોવિડના કારણે અત્યારે ઘરેથી કામ કરવાનો, ભણવાનો અને મનોરંજનનો ટ્રેન્ડ શરૂ થયો છે જેના કારણે ઊભરતાં એશિયન બજારોમાં હોમ બ્રોડબેન્ડની માંગમાં વધારો થયો છે. બ્રોડબેન્ડ માર્કેટમાં સબસ્ક્રાઈબર બેઝમાં બેથી પાંચ ગણો વધારો થવાની શક્યતા છે ત્યારે તેને કેપ્ચર કરવા માટે જિયોએ દેશના સૌથી મોટા નેટવર્કમાં રોકાણ કર્યું છે.

AAIના અધિકારીઓ સાથે મીલીભગત અને ફંડના દુરુપયોગનો કેસ

GVKના પ્રમોટર્સ સામે ગુનાહીત કાવતરુ રચવાનો, છેતરપિંડી કરવાનો કૌભાંડ આચરી સરકારી તિજોરીને નુકશાન પહોંચાડવાનો ઈડીનો આરોપ

હૈદરાબાદ સ્થિત અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર જૂથ GVK ગ્રૂપ અને મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિ (MIAL)ના પ્રમોટર્સ સામે CBIએ એક સપ્તાહ પહેલાં છેતરપિંડીના કેસમાં FIR કરી હતી. હવે એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરેટ (ED)એ તેમની સામે મની લોન્ડરિંગનો કેસ કર્યો છે એમ પરિચિત સૂત્રોએ જણાવ્યું હતું. જીવીકે ગ્રૂપ અને MIALના અધિકારીઓ સામે ગુનાઈત કાવતરું રચવાનો, છેતરપિંડી કરવાનો અને કૌભાંડ આચરીને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવાના આરોપ છે.

આ હિલચાલ સાથે નજીકથી સંકળાયેલા અધિકારીએ જણાવ્યું હતું કે, "CBI દ્વારા નોંધવામાં આવેલા ગુનાના આધારે એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફર્મેશન રિપોર્ટ (ECIR) નોંધવામાં આવ્યો છે અને મની લોન્ડરિંગના આરોપો હેઠળ તપાસ થઈ રહી છે." સૂત્રોના કહેવા પ્રમાણે, EDએ કેસ નોંધાવ્યો હતો. મની લોન્ડરિંગના ગુનાની તપાસ માટેના પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)ના સેક્શન ૩ હેઠળ ECIR નોંધવામાં આવ્યો છે." GVK ગ્રૂપ અને MIAL બંને સાથે જે લોકો સંકળાયેલા હશે તેને યોગ્ય સમયની અંદર સમન પાઠવવામાં આવશે. "CBIની FIR અને આ કેસ સાથે જોડાયેલા અન્ય યોગ્ય ડોક્યુમેન્ટના આધારે પ્રાથમિક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું કે આ કેસમાં મની લોન્ડરિંગ થયું હોવાની શક્યતા છે કે નહીં. આ તપાસ કર્યા બાદ પ્રથમદર્શી રીતે માલૂમ પડ્યું હતું કે, મની લોન્ડરિંગની શક્યતા છે અને વિગતવાર તપાસ કરવી જરૂરી છે, આથી કેસ રજિસ્ટર કરાવવામાં આવ્યો છે અને તપાસ શરૂ થઈ છે." CBIની FIR મુજબ, GVK ગ્રૂપના પ્રમોટર્સે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI)ના અજાણ્યા અધિકારીઓ સાથે મીલીભગત કરીને ફંડનો દુરુપયોગ કર્યો હતો. આ ફંડ મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિ દ્વારા મુંબઈ એરપોર્ટના આધુનિકીકરણ માટે વાપરવાનું હતું. ૨૭ જૂને થયેલી FIR ગયા વર્ષે કોર્પોરેટ બાબતોના મંત્રાલયને જમા કરવામાં આવેલી વ્હિસલબ્લોઅર ફરિયાદ જેવી છે. મંત્રાલય અત્યારે GVK ગ્રૂપ અને MIAL દ્વારા કંપની લૉનો કથિત ભંગ થયો હોવા અંગે તપાસ કરી રહ્યું છે. મંત્રાલયને થયેલી ફરિયાદમાં જે નવ કથિત બોગસ એન્ટિટીનો ઉલ્લેખ છે તેનાં નામ CBIની FIRમાં પણ છે.


ગાગરમાં...સાગર...


કોરોના વાઈરસ તેમજ લોકડાઉને અર્થતંત્રની ગાડી પાડા ઉપરથી ઉતરી છે ત્યારે....

ભારતીય ટ્રેક્ટર્સ ઉદ્યોગે જાન્યુ. ૨૦૧૯ બાદ સૌથી ઉંચુ ઉત્પાદન દર્શાવ્યું

કોરોનાવાઈરસને કારણે દેશ-વિદેશની ઓટો ક્ષેત્રની ફેક્ટરીઓ તેની ક્ષમતાના એકદમ નીચા સ્તરે કામ કરી રહી છે ત્યારે ભારતમાં ટ્રેક્ટર્સનું ઉત્પાદન કરતી કંપનીઓનું જુન ૨૦૨૦માં ટ્રેક્ટર્સનું ઉત્પાદન ૨૦૧૯ના જાન્યુઆરી બાદ સૌથી ઊંચુ રહ્યું છે. આમ ટ્રેક્ટર્સનું ઉત્પાદન ૧૭ માસની ટોચે રહ્યું છે.

એપ્રિલ ૨૦૨૦માં દેશમાં માત્ર ૧૫૮ ટ્રેક્ટર્સ ઉત્પન્ન થયા હતા જે જુનમાં વધી ૮૧૪૪૫ ટ્રેક્ટર્સ રહ્યા હતા.ગયા વર્ષના જુનની સરખામણીએ વર્તમાન વર્ષના જુનમાં ટ્રેક્ટર્સના ઉત્પાદનમાં ૨૫ ટકા વધારો નોંધાયો છે.

ચોમાસાના સમયસર આગમન, રેકોર્ડ રવી પાક તથા કૃષિ ક્ષેત્રને સરકારી ટેકાને પગલે મંદ ઓટો માર્કેટ વચ્ચે પણ ટ્રેક્ટર્સની માગમાં નોંધપાત્ર વધારો થયો છે. ખરીફ પાક પણ આ વર્ષે વિક્રમી રહેવા અપેક્ષા છે.

વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ટ્રેક્ટર્સનો ઉત્પાદન આંક ૬૮૫૦૩ રહ્યો હતો, પણ માર્ચમાં તે ઘટી ૩૯૨૦૦ ટ્રેક્ટર્સ રહ્યા હતા એમ એસોસિએશનના આંકડા જણાવે છે.

લોકડાઉન વચ્ચે સરકારે કૃષિ પ્રવૃત્તિઓ માટેના ધોરણો હળવા કરતા મેમાં ઉત્પાદન વધી ૩૦૭૫૧ ટ્રેક્ટર્સ રહ્યું હતું. કોરોનાવાઈરસની મહામારી વચ્ચે પણ દેશના કૃષિ ક્ષેત્ર માટે દરેક રીતે સ્થિતિ સાનુકૂળ રહેતા ખેડૂતોનું માનસ એકદમ પોઝિટિવ રહ્યું છે. સંપૂર્ણ દેશમાં વરસાદ સારો રહેતા ખરીફ વાવણી પણ પૂરજોશમાં આગળ વધી રહી છે.

અમેરિકા - યુરોપમાં કોરોનાની ગંભીર અસર તેમજ લોકડાઉનને પગલે

ટીસીએસ એ પ્રથમ ક્વાર્ટરના નફામાં ઘટાડો નોંધાયો

કોરોના સંકટ ચાલુ રહેશે તો નાણાંકીય કામગીરીમાં વધુ અસર જોવાશે

TCS એ પ્રથમ ક્વાર્ટરમાં ડોલર રેવન્યૂમાં ૬.૩ ટકા ઘટાડો દર્શાવ્યો છે. અમેરિકા અને યુરોપમાં કોરોનાની ગંભીર સ્થિતિને કારણે કંપનીની ડોલરમાં આવક ઘટીને ૫.૦૬ અબજ ડોલર રહી છે. કંપનીના બેંક્ગિ અને ફાઈનાન્શિયલ સેક્ટરના ગ્રાહકોના પ્રોજેક્ટ્સમાં વિલંબ થયો છે. જેની સીધી અસર કંપનીની આવક પર પડી છે. જોકે, આગામી સમયમાં કંપનીએ વૃધ્ધિની આશા વ્યક્ત કરી છે.

એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ભારતીય ચલણમાં TCSનો નફો ૧૩.૮ ટકા ઘટીને રૂ. ૭,૦૦૮ કરોડ નોંધાયો છે. જ્યારે આવક ૦.૪ ટકા વધીને રૂ. ૩૮,૩૨૨ કરોડ થઈ છે. કંપનીનું કાર્યકારી માર્જિન ૨૩.૬ ટકાના સ્તરે રહ્યું છે.

એનાલિસ્ટ્સના જણાવ્યા અનુસાર કોરોના સંકટ ચાલુ રહેશે તો આગામી સમયમાં પણ કંપનીની નાણાકીય કામગીરી પર દબાણ નોંધાશે. કંપનીએ શેરધારકો માટે શેર દીઠ રૂ. ૫ના ડિવિડન્ડની જાહેરાત કરી છે.

કંપનીના અમેરિકા ખાતેના ગ્રાહકનો બિઝ્નેસ ૬.૧ ટકા ઘટ્યો છે. જ્યારે બ્રિટનના બિઝનેસની આવકમાં ૮.૫ ટકા ઘટાડો નોંધાયો છે. બ્રિટનનો બિઝનેસ ઘટવા માટે કોરોના અને બ્રેક્ઝિટ બંને કારણ જવાબદાર છે. કંપનીના સૌથી મોટા બિઝનેસ સેગમેન્ટ બેંક્ગિ અને ફાઈનાન્શિયલ બિઝનેસમાં ૪.૯ ટકા ઘટાડો નોંધાયો છે.

જોકે, રિટેલ બિઝનેસ સૌથી વધુ ૧૨.૯ ટકા ઘટ્યો છે. કંપનીના CEO રાજેશ ગોપીનાથે જણાવ્યું હતું કે, "કોરોના મહામારીની ત્રિમાસિક કામગીરી પર અંદાજ મુજબ અસર થઈ છે. જોકે, હવે કંપની આગામી સમયમાં વૃદ્ધિ દર્શાવશે.

સ્માર્ટ ગાઈડ ફોર સ્માર્ટ ઈન્વેસ્ટર

Siddharth Shah

હાઈ રીસ્ક રોકાણકારો માટે આકર્ષણ

ઈન્ડિયાબુલ્સ હાઉસિંગના શેરમાં ઉંચા રિર્ટનની ધારણા

એક મહિનામાં સ્ટોક ૭૬ ટકા ઉછળ્યો : ટાર્ગેટભાવ રૂ. ૨૭૫

ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સનો શેર છેલ્લા એક મહિનામાં ૭૬ ટકા વધ્યો છે. છેલ્લાં બે સપ્તાહમાં તેની ૨૦૦ દિવસની મૂવિંગ એવરેજ ૨૩૦ના સ્તરે કોન્સોલિડેટ થઈ રહી છે અને શેરમાં ભારે વોલ્યુમ જોવા મળે છે. હાઉસિંગ ધિરાણકાર અત્યારે તેની બેલેન્સ શીટની સફાઈ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને ટૂંકા ગાળામાં નોંધપાત્ર વળતર મેળવવા માંગતા, ઊંચું જોખમ લઈ શકે તેવા રોકાણકારો માટે આ શેર આકર્ષક પિક છે તેમ નિષ્ણાતો જણાવે છે.

એસેટ-લાયેબિલિટીના અસંતુલન અને અન્ય એનબીએફસીની જેમ લિક્વિડિટીના પ્રશ્નોના કારણે શેર ઘટ્યો હતો. પરંતુ હવે ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ માટે આવી સ્થિતિ નથી. ઊંચું જોખમ લેવા માંગતા રોકાણકારો ટૂંકા અથવા મધ્યમ ગાળામાં નોંધપાત્ર વળતર માટે આ સ્તરે પણ ખરીદી કરી શકે છે.

જુલાઈ સિરીઝમાં છેલ્લાં સાત ટ્રેડિંગ સત્રમાં તેમાં લગભગ ૩૫ ટકાની આસપાસ નવો ઓપન ઈન્ટરેસ્ટ જોવા મળ્યો છે. રૂ. ૨૪૦ના તાત્કાલિક અવરોધને પાર કરીને તેનાથી ઉપર ટકી રહેવામાં સફળ થાય તો તેમાં રૂ. ૨૬૩ના સ્તર સુધી અને પછી શોર્ટ કવરિંગ પ્રવૃત્તિના કારણે રૂ. ૨૭૫ના સ્તર સુધી મોમેન્ટમ જોવા મળી શકે છે. જોકે, રૂ. ૨૧૦-૨૦૦નો ઝોન આ કાઉન્ટરમાં તાત્કાલિક બુલિશ સ્ટાન્સ માટે સપોર્ટ આપી શકે છે."

કંપની રૂ. ૧૨,૦૦૦ કરોડની આસપાસ લિક્વિડિટી બફર ધરાવે છે અને છેલ્લા છ મહિનામાં બોન્ડ અને ટર્મ લોન દ્વારા રૂ. ૭,૬૦૦ કરોડ એકત્ર કરવામાં સફળ રહી છે.

મિડકેપ અને સ્મોલકેપ શેર્સમાં રોકાણકારોને જોરદાર રિર્ટન

જુન પછી પહેલીવાર લાર્જ-કેપ્સની તુલનામાં વધુ વળતર આપ્યું

લોકડાઉનના પ્રારંભ પછી શેરબજારમાં રિટેલ રોકાણકારોની ભાગીદારીમાં નવસંચાર થતાં મિડ અને સ્મોલકેપ સ્ટોક્સે પહેલી જૂન પછી બ્લુચિપ શેરોને વળતર આપવામાં પાછળ રાખી દીધા છે. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ જૂનથી ૧૩.૬ ટકા વધ્યા છે જ્યારે સ્મોલ કેપ ઈન્ડેક્સ જુનથી અત્યાર સુધીમાં ૧૭.૨ ટકા વધ્યા છે તેની સામે સેન્સેક્સ ૧૨.૫ ટકા વળતર આપ્યું છે. મિડ અને સ્મોલકેપ શેરોમાં આવેલી તેજીની આગેવાની રિયલ એસ્ટેટ અને સરકારી બેન્કોએ સંભાળી હતી જે છેલ્લાં કેટલાક વર્ષોથી પછડાયેલા શેર હતા.

જાન્યુઆરી ૨૦૧૮થી નાની કંપનીઓના શેરો ઘટ્યા છે જ્યારે તેમાં વેચવાલીનો પ્રારંભ થયો હતો. મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો જાન્યુઆરી ૨૦૧૮ની ટોચથી હજુ ૩૬ અને ૫૮ ટકા દુર છે. સેન્સેક્સ આ વર્ષની જાન્યુઆરીની ટોચતી ૧૬ ટકા હજુ દુર છે.

મિડ-સ્મોલકેપની ઉંચી માંગ તગડી કમાણી

Co. Name	CMP (Rs.)	Change Since June1 (%)
IDBI Bank	53.1	118.07
Hindustan Aeronautics	951.25	69.81
Bharat Heavy	43.55	55.54
Future Retail	129.75	45.79
Adani Trans.	262.25	45.37
HUDCO	34.25	45.30
AU Small Fin.	595	45.09
Bank of India	49.8	44.14
KIOCL	101.35	42.05

પરદે કે પીછે.... Siddharth Shah

Yes Bankના રાણાકપૂર અને DHFLના વાધવાનની રૂ. ૨૨૦૦ કરોડની સંપત્તિ ટાંચમાં

રાણાકપૂર પર લોન મંજુરી બદલમાં રૂ. ૪૩૦૦ કરોડના મની લોન્ડરિંગનો આરોપ

યસ બેન્કના કથિત મની લોન્ડરિંગ કેસમાં વિતેલ સપ્તાહે એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરેટ (ED)એ રૂ. ૨,૨૦૩ કરોડનું મૂલ્ય ધરાવતી એસેટ કામચલાઉ ધોરણે ટાંચમાં લીધી હતી.

EDએ જણાવ્યું હતું કે, આમાંથી રૂ. ૭૯૨ કરોડની એસેટ (વર્તમાન બજારમૂલ્ય રૂ. ૧,૪૦૦ કરોડ)ની માલિકી યસ બેન્કના સહ-સ્થાપક રાણા કપૂર અને તેમની રિલેટેડ એન્ટિટીઝની છે જ્યારે રૂ. ૧,૪૧૧.૯ કરોડની પ્રોપર્ટીઝ અન્ય આરોપીઓ અને દીવાન હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિ (DHFL)ના પ્રમોટર્સ કપિલ વાધવાન અને ધીરજ વાધવાનની છે એમ તપાસકર્તાએ એજન્સીએ જણાવ્યું હતું.

EDના જણાવ્યા પ્રમાણે, આ કેસમાં ભારત અને વિદેશમાં ટાંચમાં લેવાયેલી એસેટનું વર્તમાન બજારમૂલ્ય રૂ. ૨,૮૦૦ કરોડથી પણ વધારે થાય છે. રાણા કપૂરના કિસ્સામાં પ્રોવિઝલની એટેચ થયેલી પ્રોપર્ટીઝમાં મુંબઈનું સ્વતંત્ર રેસિડેન્શિયલ બિલ્ડિંગ 'ખુર્સીદાબાદ', નેપિયન સી રોડ પર આવેલા ત્રણ ડુપ્લેક્સ ફ્લેટ, NCLA, નરીમાન પોઈન્ટમાં આવેલો રેસિડેન્શિયલ ફ્લેટ, ઈન્ડિયા બુલ્સ બ્લૂમાં આવેલા ૮ ફ્લેટ તેમજ નવી દિલ્હીમાં ૪૦ અમ્રિતા શેરગીર માર્ગ ખાતે આવેલો રૂ. ૬૮૫ કરોડની માર્કેટ વેલ્યૂ ધરાવતો બંગલો સામેલ છે. વાધવાનબંધુની જે પ્રોપર્ટીઝ ટાંચમાં લેવાઈ છે જેમાં મુંબઈના પરા વિસ્તારમાં આવેલા ૧૨ ફ્લેટ, ન્યૂ યોર્કનો એક ફ્લેટ અને લંડનના બે ફ્લેટ સામેલ છે. ઉપરાંત, પૂણે અને મુલ્શીમાં આવેલી જમીનો, ઓસ્ટ્રેલિયાની એક કોમર્શિયલ પ્રોપર્ટી, પાંચ લક્ઝરી વ્હિકલ્સ અને ૩૪૪ બેંક ખાતાનો સમાવેશ થાય છે.

EDએ અગાઉ કપૂરની વિવિધ કંપનીઓની રૂ. ૧૧૫ કરોડની બેંક ડિપોઝિટ ટાંચમાં લીધી હતી અને રૂ. ૨૨.૮૭ કરોડના ઘરેણાં સીઝ રાખ્યાં હતાં તેમજ વાધવાન પરિવારની રૂ. ૧૨.૫૮ કરોડનું મૂલ્ય ધરાવતી ૭ હાઈ-એન્ડ લક્ઝરી કાર ટાંચમાં લીધી હતી.

Sharepro સર્વિસિઝ અને સિનિયર મેનેજમેન્ટના સાંઠગાંઠનું મસમોટુ કૌભાંડ

આ શેર ટ્રાન્સફર એજન્ટ અને વરિષ્ઠ અધિકારો પર સેબીએ મુકેલો પ્રતિબંધ

આ પેઢી ઉપરાંત અન્યોને જેમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ગોવિંદ રાજ રાવ અને શેરપ્રોના વાઈસ પ્રેસીડેન્ટ અને સંખ્યાબંધ કલાયન્ટ કંપનીઓના કલાયન્ટ મેનેજર ઈન્દિરા કારખેરા સહિતને સિક્યુરિટીઝ માર્કેટમાં પ્રવેશ - સક્રિયતા પર રોક લગાવવામાં આવી છે. શેરપ્રો તેના વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય બે વ્યક્તિઓને સિક્યુરિટીઝ માર્કેટમાં સક્રિયતા પર ૧૦ વર્ષ માટે અને અન્ય એકમો પર ત્રણથી સાત વર્ષ માટે પ્રતિબંધ મુક્યો છે.

સેબીને તપાસમાં શેરપ્રોએ તેના ટોચના મેનેજમેન્ટની વિવિધ અન્ય એકમો સાથે સાંઠગાંઠમાં શેર પ્રો મેનેજમેન્ટને સંબંધિત એકમોને અન્ય જેન્યુઈન અને ખરા શેરદારકોની સંબંધિત એસેટ્સ (સિક્યુરિટીઝ અને ડિવિડંડ) ડાયવર્ટ કરવા સવલત કરી આપવામાં આવી હોવાનું જણાયા બાદ આ પ્રતિબંધનો આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત યોગ્ય રેકોર્ડ નહીં જાળવવામાં આવ્યો હોવાનું અને રેકોર્ડમાં જાણી જોઈને બનાવટ કરવામાં આવી હોવાનું પણ જણાવ્યું હતું. આંતરિક ચકાસણી અને બેલેન્સો સાથે પણ મોટા પ્રમાણમાં સમજુતી કરવામાં આવી હતી. આ કાંડમાં વિવિધ એકમોએ ટોચના મેનેજમેન્ટ સાથે સાંઠગાંઠ કરી હોવાનું આ ચેતરપીંડીની સ્કિમમાંથી મોટો લાભ લીધો હોવાનું જણાય છે.

મ્યુચ્યુઅલ ફંડ અપડેટ

ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ પ્રવાહમાં ૯૫ ટકાનો કડાકો

જૂનમાં રોકાણ ઘટીને રૂ. ૨૪૦ કરોડ

એસઆઈપીના રોકાણને પણ આંચકો



કોરોના વાઈરસ સંબંધિત ભારે અનિશ્ચિતતાને કારણે ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં નાણાપ્રવાહને ફટકો પડ્યો છે. જૂનમાં આ નાણાપ્રવાહ ૯૫ ટકાના તીવ્ર ઘટાડા સાથે રૂ. ૨૪૦ કરોડ થયો છે. રોકાણકારોએ લાર્જ-કેપ અને મલ્ટિ-કેપ ફંડ્સમાં પ્રોફિટ બૂકિંગ પણ કર્યું હતું. લિક્વિડ ફંડ્સમાં સૌથી વધુ આઉટફ્લો જોવા મળ્યો હતો. ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં નાણાપ્રવાહમાં ઘટાડો થયો હોય તેવો આ સતત ત્રીજા મહિનો છે.

એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના ડેટા અનુસાર ગયા મહિને તમામ સેગમેન્ટમાં મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીમાં રૂ. ૭,૨૬૫ કરોડનો ચોખ્ખો નાણાપ્રવાહ આવ્યો હતો, જે મે મહિનામાં રૂ. ૭૦,૮૧૩ કરોડની સરખામણીમાં તીવ્ર ઘટાડો દર્શાવે છે.

સતત ત્રીજા મહિને રોકાણમાં ઘટાડો

રિડમ્પ્શન પ્રેશર

ફંડ	આઉટ ફ્લો રૂ. કરોડ
મલ્ટીકેપ ફંડ	૭૭૭
લાર્જકેપ	૨૧૩
વેલ્યુ ફંડ	૧૩૬
લિક્વિડ ફંડ	૪૪૨૨૬
ક્રેડિટ રિસ્ક	૧૪૯૪

ઈક્વિટી અને ઈક્વિટી લિંકડ ઓપન એન્ડેડ સ્કીમમાં નાણાપ્રવાહ રૂ. ૨૪૦.૫૫ કરોડ રહ્યો હતો, જે મે મહિનામાં રૂ. ૫,૨૫૬ કરોડ હતો. આમ માસિક ધોરણે તેમાં ૯૫ ટકાનો જંગી ઘટાડો થયો છે. એપ્રિલમાં ઈક્વિટી સ્કીમમાં રૂ. ૬,૨૧૩ કરોડ, માર્ચમાં રૂ. ૧૧,૭૨૩ કરોડ, ફેબ્રુઆરીમાં રૂ. ૧૦,૭૯૬ કરોડ અને જાન્યુઆરીમાં રૂ. ૭,૮૭૭ કરોડનો નાણાપ્રવાહ આવ્યો હતો.

જૂન મહિના દરમિયાન મલ્ટિ-કેપ, લાર્જ-કેપ અને વેલ્યૂ ફંડ્સમાં અનુક્રમે રૂ. ૭૭૭ કરોડ, રૂ. ૨૧૩ કરોડ અને રૂ. ૧૩૬ કરોડનો આઉટફ્લો જોવા મળ્યો હતો. જોકે ઈક્વિટી લિંક્ડ સેવિંગ સ્કીમ (ઈએલએસએસ)માં રૂ. ૫૮૭ કરોડનો નાણાપ્રવાહ આવ્યો હતો.

જૂન દરમિયાન સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) મારફત નાણાપ્રવાહ ઘટીને રૂ. ૮,૦૦૦ કરોડથી નીચે ગયો છે. નવેમ્બર ૨૦૧૮ પછી આવું પ્રથમ વખત બન્યું છે. એસઆઈપી મારફત ચોખ્ખું રોકાણ રૂ. ૭,૯૨૭ કરોડ રહ્યું હતું, જે મે મહિનામાં રૂ. ૮,૧૨૩ કરોડ હતું.

ફિક્સ્ડ ઈન્કમ સિક્યોરિટીઝ અથવા ડેટ ફંડ્સમાં જૂન દરમિયાન રૂ. ૨,૮૬૨ કરોડનો નાણાપ્રવાહ આવ્યો હતો. ફિક્સ્ડ ઈન્કમ સિક્યોરિટીઝમાં લિક્વિડ ફંડમાં રૂ. ૪૪,૨૨૬ કરોડનું રિડેમ્પશન થયું હતું. આની સામે અગાઉના મહિનામાં રૂ. ૬૧,૮૭૧ કરોડનો નાણાપ્રવાહ આવ્યો હતો.

News Track

ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટસ


મેનેજીંગ કમિટીમાં તા.૦૧/૦૭/૨૦૨૦ નાં રોજ વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે નીચે મુજબના હોદેદારોની ચુંટાઇ આવેલ છે. જત ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટસ એ ગુજરાતની ટેક્સ વ્યવસાયીઓ અંગેની એકમાત્ર સર્વોચ્ચ એસોસીએશન છે જેમાં ગુજરાત રાજ્યના કરવેરા વ્યવસાયીઓ,ચાર્ટડ એકાઉન્ટનટ્સ તેમજ ધારાશાસ્ત્રીઓ નો સમાવેશ થાય છે જેની સ્થાપના સને ૧૯૯૨ સાલમાં થયેલ છે. આ એસોસીએશનનીઝૂમ દ્વારા વાર્ષિક સામાન્ય સભા તા.૨૭/૦૬/૨૦૨૦ ના રોજ તેમજ મેનેજીંગ કમિટીમાં તા.૦૧/૦૭/૨૦૨૦ નાં રોજ વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે નીચે મુજબના હોદેદારોની ચુંટાઇ આવેલ છે.



TRASURER
MRUDANG VAKIL



SECRETARY
VISHVESH SHAH



PRESIDENT
BHARAT SHETH

અનુક્રમ	હોદો	હોદેદારનું નામ
૧.	પ્રમુખ	ભરતએલ. શેઠ (એડ્વોકેટ)
૨.	વરિષ્ઠ ઉપપ્રમુખ	અરવિંદ આર. ગૌદાણા (સીએ)
૩.	માનદ મંત્રી	વિશ્વેષ એ. શાહ (સીએ)
૪.	માનદ ખજાનચી	મૃદંગએચ. વકીલ (એડ્વોકેટ)
૫.	ઉપપ્રમુખ	(૧)કાર્તિકેય બી. શાહ (એડ્વોકેટ) (૨) શાંતિલાલસી. ઠક્કર(એડ્વોકેટ) (૩) સુનીલસી. શાહ(એડ્વોકેટ) (૪)કુલીન સી. પાઠક (એડ્વોકેટ) (૫) સંજીવસી. બુદ્ધ (સીએ)
૬.	માનદ સહ મંત્રીશ્રીઓ	(૧) જીગ્નેશ આર. ભગત(એડ્વોકેટ) (૨)રમેશ એન. ત્રિવેદી(એડ્વોકેટ) (૩)ધ્રુવીન ડી. મહેતા (ટેક્સ કન્સલ્ટન્ટ્સ)

REVIEW OF "SMART PLUS NEWS LETTER"

Amazing 22% RETURN
SMART GAIN FOR SMART INVESTORS

Company	Reccom. 6-7-2020	Weekly High	Ch. (%)
Sree Rayalseema	125	153	22.4
Siemens	1149	1173	2.09
Axis Bank	427	453	6.09
Tasty Bites	13057	13500	3.39
Reliance Ind.	1787	1851	3.58
TCS	2199	2269	3.18
Navin Flurine	1679	1734	3.28
HDFC Life	572	585	2.27
Bharat Forge	357	375	5.04
Asian Paints	1697	1745	2.83
Infosys	762	794	4.2
ACC	1314	1328	1.07
Motilal Oswal	600	714	19
BASF India	1239	1264	2.02
HCL Technologies	579	591	2.07
Whirlpool	2159	2259	4.63
Tata Motors	103	109	5.83
Adani Trasnmission	261	265	1.53
Ambuja Cement	195	201	3.08
Bharat Dynamic	375	427	13.87
UPL	444	456	2.7
Voltas	558	574	2.87
Havells India	579	597	3.11
HDFC	1878	1942	3.41

Company	Reccom. 6-7-2020	Weekly High	Ch. (%)
HDFC Bank	1074	1125	4.75
SBI	185	199	7.57
Sail	30	36	20
Meghmani Org.	53	58	9.43
Guj. Siddhi Cement	31	33	6.45
HUDCO	33	37	12.12
BEL	97	103	6.19
Tera Soft	25	35	40
ITI	111	134	20.72
L&T Fin.	67	71	5.97
Tata Power	49	52	6.12
NOCIL	89	104	16.85
Granules India	208	226	8.65
Exide Ind.	153	157	2.61
GIC Housing Finance	95	100	5.26
Adani Enterprice	159	168	5.66
Radico Khaitan	368	378	2.72
Zee Enter	171	180	5.26
Century Pllywood	125	142	13.6
Deepak NItrite	478	531	11.09
Nucleus Soft	270	283	4.81
Finolex Cable	292	307	5.14
Steel STrips Wheels	433	442	2.08

SMART INVESTMENT

Editor : Dilip K. Shah

ARCHI PUBLICATIONS

311 to 313, Nalanda Enclave, Pritamnagar 1st Dhal, Ellisbridge, Ahmedabad-6. GUJARAT, INDIA

Phone : 079 - 2657 66 39, Fax : 079 - 2657 99 96 • Mob. : 0982500 6980

E-mail :

smartinvest25@yahoo.in / smartinvest25@gmail.com / info@smartinvestment.in

web : www.smartinvestment.in

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

Subscription Chart

D(en)O(f)W(ealth) / Dow Scheme

		1 Year	2 Years	3 Years
1.	Den Of Wealth	5000	10000	15000

E-mail Edition (Soft Copy) (Every Sunday Morning)

	Smart Investment Weekly	1 Year	2 Years	3 Years
1.	Gujarati Edition	1800	3200	4500
2.	English Edition	1100	1850	2650

E-mail Edition (Soft Copy) of Smart Plus News Letter (Every Sunday Night) * For Private Circulation only

		1 Year	2 Years	3 Years
1.	Smart Plus	1400	2500	3300

Combined Package for Weekly & News Letter

Guj. & English Weekly E-Copy (Every Sunday Morning)

With Smart Plus News Letter (Every Sunday Night)

		1 Year	2 Years	3 Years
1.	Gujarati + Smart Plus	2700	5000	7400
2.	English + Smart Plus	2100	3900	5400

Contact : 079-26576639 (M) 9825006980

smartinvest25@gmail.com , smartinvest25@yaoo.in

: : : Bank Details : : :

HDFC Bank : Current A/c No. : 00062560008858

Beneficiary Name : Archi Publications

RTGS / NEFT IFSC : HDFC0000006

Navrangpura Branch, Ahmedabad-380009.

Warning :-

Your soft Copy (E-mail Edition) is for your exclusive use only. Any attempt to share your copy

or

forwarding your copy to a non-subscriber will disqualify your membership

&

We will be compelled to stop your supply

and

forfeit your subscription thereafter without any refund to you.